
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

કુમાર

તંત્રી • બચુભાઈ રાવત

સંસ્થાપકઃ સ્વ. રવિશંકર રાવળ



દેહ-હિલ્લોળ (શિલ્પી • કાન્તિલાલ પટેલ) નર્તકીના દેહની નમણી અદાના કાવ્યમય લાવણ્યની મૂર્તિમંત પ્રવાહિતાનું શિલ્પ



વાત્સલ્ય

(કલાકાર · સોમાલાલ શાહ)




ચિત્રકાર : રૉબર્ટ વિકરે (યુ. એસ. એ.)



ચિત્રકાર : આર. વરહૂગ (નેધરલૅન્ડ્સ)

માતાનો પ્રેમ એ બાળકોનો એક અબાધિત અધિકાર છે. ગમે તે સ્થળે ને ગમે તે સ્થિતિમાં માતાના વાત્સલ્યમાં કદી ઓટ આવી જાણી નથી. માતૃત્વની એ હૂંફને દુનિયાની દરેક પ્રજાએ બિરદાવી છે, પણ લેખન કરતાં આલેખનમાં બાળકનો એ સુખદતમ અનુભવ અધિક અસરકારક રીતે પ્રકટ થયો છે. અહીં એવી થોડી ચિત્ર-વાનગી આપી આ આંતરરાષ્ટ્રીય બાલવર્ષની યાદ તાજી રાખવા પ્રયત્ન કર્યો છે. આ ચિત્રોમાં શૈલી ભિન્નભિન્ન છે, પણ એ દરેકમાં ભાવનાનો તંતુ તો એક જ છે—
બાળક પ્રત્યેનો પ્રેમ.

(ઉપરનું ચિત્ર તામિલનાડુના રાજ્યપાલ શ્રી પ્રભુદાસ પટવારીના સૌજન્યથી તથા જમણી બાજુનાં ચિત્રો 'યુનિસેફ'ની ડાયરીમાંથી)



ચિત્રકાર : એડુઆર્ડ પિગ્નૉન (ફ્રાંસ)

કુમાર

જૂન ૧૯૭૯ • અંક ૬૬૬

તંત્રી: બચુભાઈ રાવત ✿ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે લેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

રાષ્ટ્ર અને રાષ્ટ્રિય

'કુમાર'ના એપ્રિલ અંકમાં શ્રી શંકરદેવ વિદ્યાલંકારનો પત્ર વાંચીને આ લખું છું.

પ્રશ્ન એ છે કે **राष्ट्रिय** શબ્દના પ્રસ્તુત બે અર્થો કેવી રીતે વિકસ્યા ? **राष्ट्र** એટલે 'રાજ્ય','રાજ્યનાતાબાનોપ્રદેશ','જનપદ' ઇત્યાદિ અને **લક્ષણાથી** 'રાષ્ટ્રમાં વસતા લોકો.' राष्ट्रिय એટલે 'રાજ્યની (કે રાજાની) માલિકીનું', 'રાજ્યને (કે રાજાને) લગતું. આથી राष्ट्रियश्याल એટલે'રાજાનો સાળો'. 'મૃચ્છકટિક' નાટકમાં રાજાના સાળા શકારને પ્રાકૃતમાં **रट्ठिअस्सालो** (સં. राष्ट्रियश्याल) કહ્યો છે. રાજનિયુક્ત ઉચ્ચ વહીવટી અધિકારીને પણ राष्ट्रिय કહેતા. જૂનાગઢમાં અશોકના **શાસન**લેખવાળા ખડક ઉપરના મહાક્ષત્રપ રુદ્રદામનના લેખમાં ચંદ્રગુપ્ત મૌર્યના સૂબા વૈશ્ય પુષ્યગુપ્તનો **मौर्यस्य राज्ञः चंद्रगुप्तस्य राष्ट्रिय** તરીકે ઉલ્લેખ છે. રાજાના સાળાને ઘણીવાર મહત્ત્વની વહીવટી જગાઓ મળતી તેથી राष्ट्रिय શબ્દનો અર્થ 'રાજાનો સાળો' થયો હશે ? કે 'મૃચ્છકટિક'માં જેનો પ્રયોગ છે તેવા **राष्ट्रियश्याल** શબ્દનો બોલચાલમાં સંક્ષેપ થતાં માત્ર **राष्ट्रिय** અવશિષ્ટ રહી મૂળ અર્થમાં પ્રયોજાવો ચાલુ રહ્યો હશે ? બંને વિકલ્પો સંદર્ભાનુસાર શક્ય છે.

સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત સાહિત્યનાં અવતરણોને આધારે આ વિષયની તથા તત્સંબદ્ધ પ્રયોગોની વિગતે ચર્ચા કરતો 'राष्ट्र, राष्ट्रिय અને राष्ट्रपति' શીર્ષકનો લેખ 'બુદ્ધિપ્રકાશ'ના જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૪૭ના અંકમાં મેં પ્રકાશિત કર્યો હતો, જે પછીથી મારા લેખ-સંગ્રહ 'અનુસ્મૃતિ' (પૃ. ૨૭૭–૨૮૨)માં ગ્રંથસ્થ થયો છે.

(વડોદરા) —ભોગીલાલ જ. સાંડેસરા

સ્કંદ = સિકંદર ?

સ્કંદ વિષેના મારા જુલાઈ '૭૮ના પત્રને પૂરો વાંચ્યા વિના અને કંઈક અસહૃદયતાથી માર્ચ ૧૯૭૯માં શ્રી લક્ષ્મીશંકર અ. જોશીએ સ્કંદ વિષે લખ્યું છે.

૧) 'સ્કંદના ઉલ્લેખો ઈ. સ.ની આજુબાજુથી પ્રાપ્ત થાય છે'— એવું મારું વિધાન છે. મહાભારતની રચના ઈ. સ. પૂર્વે ચોથી સદીથી ઈ. સ.ની ચોથી સદી સુધીનાં કુલ આઠસો વર્ષના ગાળામાં થએલી હોવાનું એક વિસ્તૃત વિધાન છે અને હાલને તબક્કે આ સ્વીકૃત જણાય છે. આથી શ્રી જોશી મહાભારતમાં આવતા સ્કંદના જે ઉલ્લેખની વાત કરે છે તે ઉપર્યુક્ત વિધાનથી વિરુદ્ધમાં જતી નથી.

૨) 'સ્કંદ સિકંદર ઉપરથી આવેલો હોવાનું અનુમાન થાય છે.' આમાં હું માહિતી આપવા માગું છું કે 'આવું પણ એક અનુમાન છે.' મેં મારા જુલાઈ '૭૮ના પત્રમાં 'ન જાને !' લખીને આ અનુમાન વિષે શંકા પણ દર્શાવી છે. આવી હાલતમાં શ્રી જોશી આ અનુમાનને મારું માનીને ચાલે છે તે અશુદ્ધ છે.

'કુમાર'ના વાચકો માટે જણાવું કે 'સ્કંદ સિકંદર ઉપરથી આવેલો છે' એવી માહિતી મને 'Evolution of Hindu Sects' (લે. સુધાકર ચટ્ટોપાધ્યાય) પૃ. ૧૯૬ના 'Levi has made the interesting observation that Skand represents the deification of Alexander the Great.' આ વિધાન ઉપરથી મળેલી છે.

પત્ર પૂરો કરતાં શ્રી જોશી તરફ અપેક્ષા રહે છે કે સ્કંદ સિકંદર ઉપરથી નહિ તો કેવી રીતે અને ક્યારે આવ્યો ?

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ગુજરાતીમાં ફૂલ

'કુમાર'માં ચાલુ થએલી 'ફૂલ' વિષેની લેખમાળાના અનુસંધાનમાં એવી જિજ્ઞાસા જાગે છે કે ગુજરાતીમાં ફૂલ વિષે લખાએલું પહેલું પુસ્તક કયું ? ઈ. ૧૯૨૪માં પોરબંદરમાં લખાએલા સ્વ. જયકૃષ્ણ ઇન્દ્રજીના 'બરડા ડુંગરની વનસ્પતિ'નામક મહાગ્રંથમાં ફૂલો વિષે છે, પરંતુ આની પહેલાં ગોંડળ રાજ્યના બગીચાના અધિકારી કોઈ દક્ષિણી ગૃહસ્થે 'બગીચાનું પુસ્તક' એ નામથી બગીચાનાં ફૂલો ને ઝાડો વિષે વિસ્તૃત ચર્ચા કરતું પુસ્તક આપ્યું હોવાનું સાંભળ્યું છે. ગુજરાતીમાં ફૂલ વિષેનાં પુસ્તકોની માહિતી જેને જેને ઉપલબ્ધ હોય તે લખી મોકલે તો આ વિભાગમાં ય ફૂલોની મોસમ ઊતરે !

(પોરબંદર) —નરોત્તમ પલાણ

શ્રવણનાં માતાપિતા

એ શીર્ષક હેઠળની ચર્ચામાં (અંક ૬૬૩) ત્રણ ભાઈઓએ પોતાનાં મંતવ્યો વિષેનો કશો જ આધાર બતાવ્યો નથી.

તંત્રીની વિનંતી

આંખે મોતિયાની તકલીફને લીધે ૧) રંગીન કાગળ ઉપર લખેલા, ૨) ઝીણા અક્ષરવાળા, ૩) લાલ બૉલપેનથી કે ૪) પેન્સિલથી કે ઝાંખી શાહીથી લખેલા પત્રો ખૂબ ત્રાસ આપે છે. લેખકોને નમ્ર વિનંતી છે કે પોતાના પત્રો ૧) સફેદ કાગળ ઉપર (પોસ્ટકાર્ડ કે આંતરદેશીય પર નહિ જ), ૨) ઘાટી શાહી કે કાળી બૉલપેનથી, ૩) મોટા ને સ્વચ્છ અક્ષરે, ૪) કાગળની એક જ બાજુએ લખીને, ને સૌથી અગત્યનું એ કે અતિશય ટૂંકામાં, પરબીડિયાંમાં મોકલવા.

વાલ્મીકિ રામાયણ ભા. ૧ (કલ્યાણ પ્રકાશન)માં પાના ૩૫૯થી ૩૬૪માં આ કથા આવે છે તેમાં કોઈ નામ આપેલું નથી. સંસ્કૃતમાં પણ કેવળ મુનિકુમાર કહ્યો છે. તેનાં માતા-પિતા અંધ છે. પણ તેમનાં નામ આપેલાં નથી. તેણે મરતાં પહેલાં દશરથને 'હું વૈશ્ય પિતા દ્વારા શૂદ્રજાતીય માતાના ગર્ભથી ઉત્પન્ન થયો છું.' એમ કહ્યું છે. માતા-પિતા તથા પુત્ર આશ્રમ જીવન–ઋષિજીવન–ગાળે છે. તેઓ તપસ્વી છે. માતાપિતાને યાત્રાએ લઈ જવાની વાત અહીં કરી નથી. તેનો પિતા વિલાપ કરતાં, 'પાછલી રાત્રે શાસ્ત્ર-પુરાણનો સ્વાધ્યાય કોણ કરાવશે?' એમ કહી રડે છે. પોતાની સ્ત્રીને ધર્માત્મા કહી છે. આ સંદર્ભમાં વૈશ્ય પિતા ને શૂદ્ર માતાની વાત ગૌણ બની જાય છે. દશરથે એક મુનિકુમારને શબ્દ સાંભળી બાણથી માર્યો છે, તેથી શ્રવણકુમાર નામ આપ્યું છે, એમ મને લાગે છે.

આમ, વાલ્મીકિ રામાયણમાં 'શ્રવણ' નામ નથી, તો અગ્નિ પુરાણ (સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય પ્રકાશન આવૃત્તિ ૧લી)માં પા. ૮ ઉપર (અયોધ્યાકાંડ અ. ૬, શ્લોક ૩૮માં) દશરથ કૌશલ્યાને કહે છે કે, કુમાર અવસ્થામાં સરયૂ નદીને કિનારે યજ્ઞદત્તકુમારને મેં અજ્ઞાનતાથી હણ્યો હતો. તે ઘડામાં પાણી ભરતો હતો. તેને હાથીનો અવાજ ધારી મેં શબ્દવેધી બાણ માર્યું હતું વગેરે વગેરે.'

અંદાજે દશમા કે અગિયારમા શતકમાં આ પુરાણ લખાયું હશે. ત્યારે યજ્ઞદત્તકુમાર નામ તેમાં આપ્યું છે. કર્તા વ્યાસ છે. વ્યાસ પરંપરાના કોઇએ વેદ વ્યાસના નામે આ લખ્યું હશે.

ગોસ્વામી શ્રી તુલસીદાસજીના રામચરિત માનસ (કલ્યાણ પ્રકાશન) ૨૫મા સંસ્કરણમાં પાન ૫૧૮ ઉપર ચોપાઈ ૧૫૪ પછી ચોથી લીટી-

માં જ્યારે દશરથ રાજા મરણાસન્ન છે ત્યારે તુલસીદાસજી નીચે પ્રમાણે જ માત્ર લખે છે:

બિલપત રાઉ બિકલ બહુ ભાંતિ
ભઇ જુગ સરિસ સિરાતિ ન રાતી;
તાપસ અંધ સાપ સુધિ આઈ,
કૌસલ્યાહિ સબ કથા સુનાઈ.

અહીં તુલસીદાસજી 'તાપસ અંધ સાપ સુધિ આઈ'માં પણ અંધ તાપસના શાપની જ વાત કરે છે. શ્રવણનું કે તેના પિતાનું નામ આપતા નથી; તેમ શા માટે શાપ આપ્યો તે તે પણ કહેતા નથી. રામચરિત માનસના ભાષાંતર કરનાર 'શ્રવણકુમાર કે પિતા તરીકે અંધ તાપસ'નું ભાષાંતર કરે છે, પણ મૂળમાં તેનું નામ જ નથી. વિ. સં. ૧૬૩૧ની રામનવમીના રોજે રામચરિત માનસ લખવું શરૂ કરી વિ. સં. ૧૬૩૩ના માર્ગશિર્ષમાં શુકલ પક્ષમાં રામવિવાહના દિને એ પૂરું કર્યું છે. આમ એ સમય સુધીમાં શ્રવણકુમારનું નામ આવતું નથી.

વાલ્મીકિ રામાયણ જ પ્રમાણભુત માની શકાય. ત્યાર પછી કોઈ નામો દાખલ થયાં હોય તો તેનું મહત્ત્વ ન રહે. તે પાછળના લેખાય.

મને એમ કહેવામાં આવ્યું કે શ્રી રાધેશ્યામે 'શ્રવણકુમાર' અંગે નાટક લખ્યું છે, તેમાં નામો છે. પરંતુ તે નાટક મને મળ્યું નથી. વળી, હોય તોપણ તે પ્રમાણભૂત મનાય નહિ.

(ભુજ) —કંચનપ્રસાદ કે. છાયા

સામ્બ-લક્ષ્મણા

દ્વારકાથી ૮ કિ. મી. દૂર બરડિયા ગામ પાસે સામ્બ-લક્ષ્મણા મંદિર તરીકે ઓળખાતું મંદિર આવેલું છે. પુરાતત્ત્વક્ષેત્રે કાર્ય કરતા વિદ્વાનો તેને 'સામ્બ-લક્ષ્મણા મંદિર' તરીકે ઓળખાવે છે. પણ આ મંદિરોમાં હાલ કોઈ મૂર્તિ નથી. તેથી મંદિર શાનું હશે તેનું અનુમાન સ્થાપત્યકૃતિઓને આધારે જ બાંધવાને પ્રેરાવું પડે છે.

આ બંને ભગ્નશેષ મંદિરો જો સામ્બ-લક્ષ્મણાનાં હોય તો તે એક જ કાળે બંધાએલાં હોવાં જોઇએ, પરંતુ બંનેનાં સ્થાપત્યનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં એક કાળે બંધાએલાં નજરે પડતાં નથી. આમાંનું એક મંદિર બીજા મંદિર કરતાં પ્રાચીન જણાઈ આવે છે. જે ૧૨-૧૩મી સદીમાં બંધાએલું હશે.

ઘણા વિદ્વાનોએ આ મંદિરોનો 'સામ્બ-લક્ષ્મણા મંદિર' તરીકે જ સ્વીકાર કર્યો છે પરંતુ મંદિરની આસપાસ વિષ્ણુની પ્રતિમાઓ વધુ જોવાની મળતી હોવાના કારણે આ વિષ્ણુમંદિરો હશે એવું અનુમાન બાંધી શકાય છે. ડૉ. એ. એસ. ગદ્રે પણ આ મંદિરોને વિષ્ણુમંદિરો કહે છે. (આર્કીઓલૉજી ઈન બરોડા ૧૯૩૪-૪૭, પૃ. ૧૪)

'આ મંદિરો સ્થાપત્યની દૃષ્ટિએ જોતાં શિવપીઠિકા ઉપર બંધાએલાં વિષ્ણુમંદિરો છે.' (ગુજરાત ઇતિહાસ પરિષદના છઠ્ઠા અધિવેશનની સ્મરણિકા 'દ્વારકા સર્વસંગ્રહ', પૃ૦ ૧૦૩)

આ ઉપરાંત આ મંદિરોમાંના એક ભદ્રગવાક્ષમાં લલિતાસનમાં બેઠેલી વૈષ્ણવી દેવીનું શિલ્પ નજરે પડે છે, તેથી પણ કહી શકાય કે આ વિષ્ણુમંદિર જ છે. વળી મંડોવરની દક્ષિણ દિશા તરફની જંઘાના ભદ્રગવાક્ષમાં ગરુડ પર યોગાસનમાં બિરાજમાન વિષ્ણુનું શિલ્પ જોઈ શકાય છે. પશ્ચિમ અને ઉત્તર દિશા તરફની જંઘાના ભદ્રગવાક્ષમાં પણ વિષ્ણુમૂર્તિ હોવાથી આ સામ્બ-લક્ષ્મણાનું નહિ પરંતુ વિષ્ણુમંદિર જ હોવાની સંભાવના વિશેષ રહે છે.

આમાંના એક મંદિરના અંદરના ભાગમાં કોતરાએલા લેખ પરથી પણ આ વિષ્ણુમંદિર હોવાનો એક વધુ પુરાવો મળી રહે છે. તે લેખમાં 'દામોદર' શબ્દ વાંચી શકાય છે. આખો ય લેખ જીર્ણ હાલતમાં છે. લિપિ ચાલુક્ય યુગની જણાઈ છે.

આમ છતાં પણ સત્ય હકીકત પ્રકટ કરવા વિદ્વાનો આ તરફ પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરશે એવી આશા છે.

(દ્વારકા) —કમલેશ વિસાણી

સેવતી-ગુલદાવદી

શ્રી શંકરદેવ વિદ્યાલંકારના કથન મુજબ 'સેવતીનાં પુષ્પોમાંથી પાઇરેન્થ્રય નામનું કીટ વિનાશક ચૂર્ણ અને અર્ક બનાવવામાં આવે છે જેનાથી માકડ, મચ્છર વગેરે મરી જાય છે પણ માણસને કશી હાનિ થતી નથી.' (એપ્રિલ ૧૯૭૯, પૃ. ૧૧૧.) આમાં છેલ્લું વિધાન સ્પષ્ટીકરણ માગે છે.

તેનું Chrysanthemum નામ પ્રાચીન ગ્રીક નામ છે. તેનો શબ્દાર્થ છે 'સોનેરી પુષ્પ'. (Pharmacognosy. Edward P. Claus અને અન્ય લેખકો, છઠ્ઠી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૭૧, પૃ. ૪૦૩.)

The Wealth of India (Raw Materials, Vol. II, 1950, p. 846)માં નિમ્નદર્શિત વિધાન છે:

Pyrethrins are practically non-toxic to warm blooded animals when infested, but if introduced into the blood circulation, they have a marked toxic effect, the principal site of action being the spinal card. Cases of dematitis and other skin affections are reported with persons allergic to Pyrethrins...'

સેવતી વિષે નિમ્નદર્શિત પુસ્તકોમાં પણ છણાવટ છે: ૧) Chopra's Indigenous Drug of India. 1958, p. 573; ૨) Pharmacognos. G.E. Trease, 10th Edn. 1972, p. 605; ૩) Textbook of Pharmacognosy–T.E. Wallis, 5th Edn., 1967, p. 182.

ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધક નિયમ ૬૫ અનુસાર Pyrethrinsને કીટ-વિનાશક પદાર્થ તરીકે માન્યતા આપવામાં આવેલી છે. પ્રસ્તુત નવો નિયમ તા. ૧-૭-૧૯૭૬થી અમલમાં આવેલો છે. પરંતુ ધાન્યમાં તેનું પ્રમાણ એક કિલોએ ૧.૫ મિલિગ્રામથી વધારે ન હોવું જોઇએ. ફળ અને શાકભાજીમાં તેનું પ્રમાણ એક કિલોએ ૧ મિલિગ્રામથી વધારે ન હોવું જોઇએ.

ખાદ્યપદાર્થ ભેળસેળપ્રતિબંધક ધારા હેઠળની સરકારી યા સુધરાઈની પ્રયોગશાળાઓમાં કીટવિનાશક કે જંતુવિનાશક પદાર્થોનાં પ્રમાણ વિષે ભાગ્યે જ ચકાસણી કરવામાં આવે છે. પ્રસ્તુત પ્રયોગશાળાઓમાં જરૂરી સાધનસામગ્રી તેમજ જાણકારીનો મોટે ભાગે અભાવ છે. પરિણામે જનતાનું સ્વાસ્થ્ય જોખમાય છે. નિયમ ૬૫ પોથીમાંનાં રીંગણાં સમાન છે.

(મુંબાઇ) —વી. બી. ગણાત્રા

વિનોદની નજરે

'કુમાર'માં છેલ્લાં ત્રણ વર્ષથી, અથવા તો ૩૬ અંક સુધી, સૌ પ્રથમ મારે શું વાંચવું તે નક્કી હતું અને તે 'વિનોદની નજરે' વિભાગ. છત્રીસ સાહિત્યિક વ્યક્તિઓની વધુ નજીક જવાનો લાભ આ વિભાગ દ્વારા મળ્યો. શરૂઆતમાં લેખને અનુરૂપ 'શિવ'નાં કેરિકેચર આવતાં તે શા માટે બંધ કર્યાં તે એક પ્રશ્ન છે જો કે શિવ અંત સુધી સાથ નિભાવતા નહિ પરંતુ તેમનો વિશેષ લાભ લઈ શકાયો હોત. શેખાદમ આબુવાલાનું કેરિકેચર આજે પણ નજર સમક્ષ તરવરે છે.

છત્રીસ વ્યક્તિઓમાંથી નબળો પરિચય માત્ર છત્રીસમી વ્યક્તિનો લાગ્યો. પોતાની જાત વિષે લખવું કેટલું અઘરું છે તે ફરીથી અનુભવવા મળ્યું. ઘણો પ્રયત્ન કર્યો હોય તેમ લાગ્યું છતાં લખાણ આગળના પરિચય કરતાં એકદમ ફિસ્સું લાગ્યું.

(રાજકોટ) —રવજીભાઈ ડાભરિયા

મારી માન્યતા

અંક ૬૬૩માં 'મારી માન્યતા'માં રજૂ કરેલી ખોડીદાસ પરમારની મુલાકાતમાં જણાવેલું છે કે તેઓ ભાવનગરની કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરી રહ્યા છે. પરંતુ મારી જાણ મુજબ અત્યારે તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લોકસાહિત્ય વિભાગમાં એમ. એ. કક્ષાના વિદ્યાર્થીઓને લોકસાહિત્ય

તેમ જ ગુજરાતી સાહિત્ય વિષે માર્ગદર્શન ને અધ્યાપનકાર્ય કરાવી રહ્યા છે.

એ જ વિભાગમાં વિન્સેન્ટ વાન ગૉગ (ગૉઘ નહિ)નો ઉલ્લેખ છે. તેમના જીવન પર ઈરવિંગ સ્ટોને 'લસ્ટ ફૉર લાઈફ' પુસ્તક લખેલું છે જેનો સુંદર અનુવાદ 'સળગતાં સૂર્યમુખી' નામે વિનોદ મેઘાણીએ કર્યો છે. વાચકોને રસ પડે તેવું પુસ્તક છે.

નંદલાલ વસુ કરતાં નંદલાલ બાસુ ઉચ્ચાર વધુ યોગ્ય ગણાશે.*

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

[*શુદ્ધ 'વસુ' પરથી બંગાળીમાં વિવિધ ઉચ્ચારો થાય છે.]

Don't Quit

જાન્યુઆરી અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યના પત્ર દ્વારા 'Don't Quit' કાવ્ય વાંચ્યું. આજે બે વર્ષથી આ કાવ્યને મેં મારા સૂવાના ઓરડાના બારણા ઉપર લખીને લટકાવ્યું છે.

આ કાવ્ય મને ક્યાંકથી એક જૂની ચોપડીના છૂટા પડેલા પાના રૂપે મળેલું. આ પાનામાં આ કાવ્ય પૂરું થયા પછી નીચે 'Books For Home Library'ના મથાળા નીચે થોડી બુકોની તેના લેખકના નામ સાથે કિંમત દર્શાવેલી છે અને નીચે આ બુકો મંગાવવા માટે સંસ્થાનું આમ આપેલું છે 'Daughters of St. Paul, 143 Water field p2. Banra, Bombay 400050' આ સંસ્થા ખ્રિસ્તી ધાર્મિક સંસ્થા જણાય છે.

વળી 'કુમાર'માં પ્રકટેલા કાવ્ય કરતાં આ કાવ્યમાં નીચે એક પંક્તિ ઉમેરાએલી છે જે આ પ્રમાણે છે. આ પંક્તિ મૂળ લેખકની જણાતી નથી:

Don't Quit But Turn to God!

મને આ કાવ્ય ખૂબ ગમેલું અને હું પણ તેના કવિ લેખકનું નામ જાણવા ઉત્સુક છું.

ઉપરની માહિતી કદાચ મૂળ લેખક જાણવા/ માટે ઉપયોગી થાય માટે જણાવી છે.

(મુંબઈ) —હિંમત ઝવેરી

૨

'વાચકો લખે છે' કૉલમમાં શ્રી હરિનારાયણ આચાર્યે 'Don't Quit' કાવ્ય મોકલ્યું છે તેનાં કર્તા છે માતાજી 'The Mother' (પોંડિચેરી આશ્રમ).

(સૂરત) —ભૂપતરાય વ્યાસ

૩

જાન્યુ. અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યે 'Dont Quit' કાવ્યના કર્તા કોણ છે એ પ્રશ્ન ઉઠાવેલો. આજથી દસ-પંદર વર્ષ પહેલાં કોઈક રવિવારની પૂર્તિમાં Times of Indiaમાં આ કાવ્ય પ્રસિદ્ધ થએલું ત્યારે મેં એ આખું કાવ્ય કાપી લઈને મારી નોટમાં ચોંટાડી દીધેલું જે નોટબુક આજે પણ મારી પાસે છે. 'કુમાર'-માં આવેલા કાવ્ય અને મારી પાસેના કાવ્યમાં ફરક એટલો છે કે મારી પાસેના કાવ્યમાં You Must'n Quit પછી છેલ્લી પંક્તિ But turn to God આપી છે. પરંતુ મારી પાસેના કાવ્યમાં પણ કર્તાનું નામ આપ્યું નથી.

મૉરીસન સ્વેટ માર્ડન કે નૉર્મન વિન્સેન્ટ પીલ જેવાના લખાણોના અનુવાદ 'કુમાર'માં પ્રસિદ્ધ કરશો તો રોજિંદા સંઘર્ષમય જીવન જીવતા ઘણાને ખૂબ મદદરૂપ બનશે. અને યુવાનનું ઘડતર જેને માટે 'કુમાર' ગૌરવ લે છે તે હેતુ સરશે.

અત્યારના ગુજરાતના જાણીતા સાક્ષરોની અમર કૃતિઓનું રસદર્શન 'કુમાર'માં ન કરાવી શકાય? વિનોદ ભટ્ટનાં લખાણ 'વિનોદ'ની નજરે ને બદલે 'કાગડાની નજરે' જેવાં થતાં જતાં હોય તેવું મને લાગ્યા કરે છે. વાચકોને આનંદ આપવા જતા સાક્ષરોનું અવમૂલ્યન પણ થતું જાય છે.

(વડોદરા) —બકુલ જાની

એક શંકા

જાન્યુઆરી અંકમાં પ્રસિદ્ધ થએલા કનૈયાલાલ મ. પંડ્યાના સૉનેટમાં

'લખું લો કે કૂખે ધરવધૂ તણે પૌત્ર ફરકે'

પંક્તિમાં પત્નીના ગર્ભમાં રહેલું બાળક પુત્ર છે કે પુત્રી એ જાણ્યા પહેલાં કવિ 'પૌત્ર' કેવી રીતે લખી શકયા?

(અમદાવાદ) —બહાદુરશાહ પંડિત

ઝાલાસાહેબ

'કુમાર' જાન્યુ. '૭૯ના માધુકરી વિભાગમાં રમણલાલ ચી. શાહ લિખિત 'પ્રા. ઝાલાસાહેબ' નામના લેખ પરથી તેમની નિષ્ઠા, વિદ્વત્તા અને નિયમબદ્ધતા વિષે માનની લાગણી જન્મી હોવા છતાં ઝાલાસાહેબ જેવા થવાનું મન ન થયું. જેઓ જીવનભર પોતાની નબળાઈ કે મર્યાદાથી જ્ઞાત રહ્યા એવા ઝાલાસાહેબ આચાર્ય આનંદશંકર ધ્રુવના શબ્દોમાં 'દુન્યવી દૃષ્ટિએ આગળ તે પ્રભુની દૃષ્ટિએ પાછળ ને પ્રભુની દૃષ્ટિએ આગળ તે દુન્યવી દૃષ્ટિએ પાછળ' એ સિદ્ધાંતનું અનુસરણ કરનાર લાગ્યા.

આવાં જીવનચરિત્રોમાંથી 'કુમાર'ને પ્રેરણા નથી મળતી, પણ તેના લેખકને યશ અવશ્ય મળે છે. જ્યારે એ જ લેખકનું ચીમનલાલ ચ. શાહનું જીવનચરિત્ર ખૂબ ગમ્યું. ધન્યવાદ.

(પોરબંદર) —હરજીવન થાનકી

સ્વમૂત્ર

સ્વમૂત્રના પ્રયોગ વિશે સામયિકોમાં વાંચવા મળે છે તેમ મારા બાપુ (જે અભણ ને ધર્મપ્રેમી છતાં) પાસેથી રવિવારની સભામાં મળવાનું થતાં જે જાણ્યું. તે જણાવું છું.

મારા નાના ભાઈને ખૂબ શરદી અને ઉધરસ થઈ આવતાં પિતાજીએ સવારમાં નરણા કોઠે સ્વમૂત્રના બે ચાર ઘૂંટડા ભરવાનું સૂચવ્યું ને શરદી ગાયબ! પોતે પણ આ પ્રયોગ અવારનવાર કરે છે તેમ જણાવ્યું. વાત ઉપરથી વાત નીકળતાં વડીલની વાત કરી. વડીલનું પેટ વધતું જતું અને શરીરના બીજા ભાગો સુકાતા જતા. કેમે ય કરી શરીર વળે નહિ, ગામડિયા વૈદના ઉપચાર રૂપે તેણે બકરાના મૂત્રનું સેવન શરૂ કર્યું અને બકરાંની ઝોકમાં સૂવા માંડયા. બે એક મહિનામાં શરીર સારું થવા માંડયું અને નવી જિંદગી મળી. આપણા વૈદો આ વિષે કંઈક વધારે આપે તો કેવું સારું.

(કચ્છ) —ગીગાભાઈ ઓડદરા

ગઝલના છંદ

ગઝલના છંદ વિષે ફરી પાછું ધ્યાન ખેંચું તો અસ્થાને નહિ ગણાય. ફેબ્રુ '૭૯માં રમેશ પારેખની 'ગઝલ એક સવારની' કૃતિ છપાઈ છે. તેની પહેલી પંક્તિ છે:

સવારના આછા ખેતરમાં

(લ ગા લ ગા ગા, ગા લ લ ગા ગા)

હવે આ રચનામાં આગળ આવતી પંક્તિ છે-

કલબલતા ડંકા ટાવરમાં

(ગા લ લ ગા ગા, ગા લ લ ગા ગા)

આમ કવિ પોતે ગીતકાર હોવાથી માત્રામેળ મળતો લાગ્યો એટલે જે પંક્તિ જેમ નીકળી તેમ બેસાડી દીધી. ગઝલમાં પંક્તિ 'ગા લ લ ગા ગા, ગા લ લ ગા ગા' માં આવવી જોઇતી હતી. પ્રાસાનુપ્રાસ ગીતમાં પણ હોય છે. એટલે પ્રાસાનુપ્રાસ (રદીફ-કાફિયા) આવ્યેથી ગઝલ કહી શકાય નહિ. આ આખી યે રચનાને એક સરસ મઝાનું ગીત કે ગાન (ટૂંકમાં ગઝલ સિવાયનું કાંઈ પણ) ગણી તેને મથાળે તેમ લખવું જોઇતું હતું.

(ભુજ-કચ્છ) —નીતિન મહેતા

[*આપની કૈં ભૂલ તો નથી થતી ને?]

ઉપચાર સાથે પથ્યપાલન

અંક ૬૬૫માં રજનીભાઈ બર્માવાલાએ ખરજવાનો ઉપચાર બતાવ્યો છે તે ગમ્યો. તેમને તે ઉપચારથી મટી ગએલું ખરજવું ફરીને થયું હતું અને ફરીને થવાની તેમને અને અન્ય ઉપચાર કરનારી વ્યક્તિને દહેશત ખરી જ તેનું કારણ એ છે કે ઉત્તમ ઉપચાર કરવા છતાં સાથે પથ્યપાલન કરવામાં ન આવે તો રોગને કારણ મળતાં ફરી તે પાછો ઉદ્ભવ્યા વિના રહેતો નથી-પ્રત્યેક ચોમાસે નિરર્થક ઘાસ ઊગી નીકળે છે તેમ. તે માટે તો આવા નુસખા અજમાવવા ઉપરાંત ખોરાકમાંથી મીઠું, દહીં, ગોળ, ટમેટાં, મગફળી, કેળાં, મીઠાઈઓ વગેરે

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૪)

વૈશાખી બપોર / ઉશનસ્

- પૃથ્વી-સૉનેટ -

દશેદશ દિશા છલોછલ ભરી તળેથી પરે
અફાટ રણ વિસ્તર્યું સૂરજથી ખર્યું, રે નર્યું
સફેદ! દગ દાહતું વગર છાંયનું વાદળું!
સુઘટ્ટ દ્યુતિ દીપ્ત ધાબું ઝૂમ્યું પૃથ્વીના પ્રાન્તરે!

અહો, સમય-શીશીથી ખરત તપ્ત રેતી-રણો
નીચે ધરતી પે! બિચે જ તપી, થાય અગ્નિકણો!
પછી પૃથિવી એટલે સમય એટલે કો છલ,
અસત્ મૃગજળોનું વ્યોમ થકી ભોમછાયું છલ!

બધું મૃગજળે પડેલ છવિ શું અવસ્તુ દિસે,
સમષ્ટિ ઉકળંત બાષ્પમય તરૂવરે અર્ચિષે!*
બધું વિતથ ને નિરર્થ ક્ષણના વિરાગીપણે
બધું વિતથ: વિશ્વ શું? પ્રણય શું? શું વા આપણે?

વસંતઋતુમાં તું જે સઘન ભુક્ત આલિંગને,
ક્ષમા, અવ અ-યુક્ત કૈં, કંઈક વીતરાગીપણે.

*અર્ચિષે = આંચ વડે, ઝાળ વડે, લૂ વડે.

કહો / મનસુખ વાઘેલા

- ગાન -

નજર કરું ત્યાં જળ વહેતું ને સેતુ ત્યાંના ત્યાં જ;
શ્વાસોનાં બિંબો ઝલમલતાં, પડછાયામાં સાંજ,
કહો હવે ક્યાં પડતું મેલું?
લોહી હોત તો ઠીક અરે! આ આંસુ કોને આપું?
ફૂલો વચ્ચે ઊભી ઝાકળ-જન્મારાને કાપું,
ઝાઝવે હવે જવું શું વ્હેલું?
અવાજના જંગલમાં કોયાં નામ તમારાં પડઘે;
હજી મૌન મારગમાં લાંબું, ચરણ અમારાં અડધે,
કઈ શૂન્યતા-ડાળે ઝૂલું?
તમને કયે સ્થળે જઈ ભૂલું?

થાય તે ખરું/આહમદ મકરાણી

એણે કહ્યું: 'પી જાવ',–હવે થાય તે ખરું;
મેં પણ કહ્યું કે, 'લાવ',–હવે થાય તે ખરું.
ભટકી રહી'તી વેદના આખા નગર વિષે;
ઇજન દીધું, કે 'આવ'–હવે થાય તે ખરું.
વર્ષો થયાં એ વાતને ભૂલી ગયો હતો;
આજે કળે છે ઘાવ, હવે થાય તે ખરું.
ફરકે ધજા અસ્તિત્વની અવસરભીના તટે;
મઝધારમાં છે નાવ, હવે થાય તે ખરું.
ડરતો નથી હું આમ તો મારા વિના કદી;
મૂછે દીધો છે તાવ, હવે થાય તે ખરું!

સમી સાંજનું ગીત / મનહર જાની

—અને આભમાં હળુહળુ અંધારું વીંઝે પાંખ.

આઘે આઘેની ટેકરીઓ ધસી આવતી ઘંટડીઓની છોળે
કીકીઆરીનાં ધણ આઢીને વગડો ઊતરે ગામતણી ભાગોળે
ગમાણની ખેપટમાં છૂટે થેપાડાનો થાક,
ઝણુકે ઝાલર રામદુવારે, દમ ખેંચે દાતરડાં
બોઘરણાના રણકારે રણકારે મલકે શેડકચું ભાંભરડાં
ભીંત્યુંની ઓકળીએ ઝલકે ઝલમલ ઝલમલ ઝાંય.

¶ વૈશાખી બપોર: કાળઝાળ ઉનાળાની બપોરના આ સૉનેટમાં કલ્પનાચિત્રોની મદદથી સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રથમ શ્લોકમાં આકાશથી પૃથ્વી સુધી વ્યાપી વળતી અનરાધાર તેજવર્ષાનું ચિત્ર છે, તો દ્વિતીય શ્લોકમાં છે આકાશ અને પૃથ્વી વચ્ચેના વાતાવરણનું ચિત્ર, તૃતીય શ્લોકમાં વૈશાખી બપોરે સમગ્ર ચિત્ર કેવો પ્રતિભાવ જગાડે છે તેની વાત છે. અંતિમ કડીમાં વસંત ઋતુની મહત્તાથી ભિન્ન વીતરાગી પૃથ્વીનું ચિત્ર એ કાવ્યવર્ણનભાવની સમાપ્તિ છે. બીજી પંક્તિમાં 'ખર્યું...નર્યું'નો પ્રાસ પ્રથમ પંક્તિમાં 'છલોછલ' શબ્દથી વ્યક્ત થતી ભરચકતા, પાંચમી પંક્તિમાંનાં 'રેતી-રણો', છઠ્ઠી પંક્તિમાં 'અગ્નિકણો'-માં પલટાઈ જાય છે તે કલ્પના, કે 'અસત્ મૃગજળો'માં વૈશાખી બપોરે અનુભવાતા મહા છલનાના ભાવનું ઇંગિત વગેરે ભાષાસૂઝનાં સંતર્પક ઉદાહરણો છે. નવમી પંક્તિમાં આવતો 'અવસ્તુ' શબ્દ મધ્યકાલીન અર્થ 'માયા'માં ભાવકચિત્તને સંક્રાન્ત કરી જાય છે. ¶ સમી સાંજનું ગીત: પરંપરિત સવૈયાની ચાલે કંડારાએલું આ સરળ ગીત ગ્રામસમાજની સુંદર સાંજનું ભાવભર્યું આલેખન કરી જાય છે. ધણને માટે 'ઘંટડીઓની છોળ', થાક ઉતારતા ગોવાળને માટે 'થેપાડાનો થાક' કે 'દમ ખેંચે દાતરડાં' જેવાં અભિવ્યક્તિ-પ્રયોગો વસ્તુ દ્વારા વ્યક્તિનું સૂચન કરવાની પરિપાટીનાં મનહર ઉદાહરણો છે. ¶ કહો: વિરહના વિષાદની તીવ્રતાને અભિવ્યક્ત કરતા કાવ્યનાયકની ઉક્તિરૂપ આ ગાનમાં પ્રિય પાત્રની અનુપસ્થિતિને વિવિધ નવતર રીતે પ્રકટ કરવામાં આવી છે. આમ તો સમય જળની જેમ વહેતો છે અને સેતુ—નાયક પોતે?—તો ત્યાંનો ત્યાં જ રહી ગયો છે! શ્વાસનાં બિંબો ઝલમલનાં કહેવામાં નાયક અસ્તિત્વનો એકરાર કરે છે અને એની અકળામણ અનુભવી રહે છે તે 'ક્યાં પડતુ મેલું'માં સુપેરે વ્યક્ત થઈ છે. ફૂલ વચ્ચે પણ ઝાકળની જેમ—અસ્પષ્ટ ને અચિર—જીવવાનું છે! કેવી સ્વપ્નભગ્ન જિંદગી? અવાજનાં આ વાતાવરણમાં નાયિકાના નામના પડઘા જ નાયકને તો સંભળાઈ રહે છે. આ વિરહના માર્ગે—મૌનના માર્ગે—અર્ધી જ યાત્રા થઈ લાગે છે! ત્યારે અકળાપણની અવધિ આવે છે ને નાયકથી નિસાસો નખાઈ જાય છે. કઈ શૂન્યતામાં જાઉં? ક્યાં જઈ તમને ભૂલું? ¶ થાય તે ખરું: પ્રયોગશીલતાના કશાય વલણ વગરની આ ગઝલ એની સાદી પણ સચોટ અભિવ્યક્તિથી આસ્વાદ્ય બની છે. 'હવે થાય તે ખરું' જેવી બોલચાલની ઉક્તિનો અહીં ભાવસિદ્ધિ અર્થે થએલો કાવ્યક્ષમ ઉપયોગ જરૂર ધ્યાન ખેંચે તેવો છે. અહીં ગઝલના પરિવેશની સાદગી એ જ એનું સૌન્દર્ય બની રહે છે.

—ધી. પ.

ખાનદાની

બહાદુરશાહ પંડિત

અમે અમારા વતનથી અમદાવાદ આવ્યા ત્યારે ત્યાંના મકાનમાલિકો અંગે અમે એવું સાંભળેલું કે એ લોકો વધુમાં વધુ ભાડું લઇ ઓછામાં ઓછી સગવડ આપવાના અમદાવાદી સિદ્ધાંતનું ચુસ્તપણે પાલન કરી, વ્યક્તિ કરતાં પૈસાને વધારે મહત્ત્વ આપે છે, પણ અમને અમારા મકાનમાલિકનો એવો અનુભવ થયો કે અમારે કબૂલ કરવું પડ્યું કે અમને મળેલી માહિતી અંશતઃ જ સાચી છે.

વાત એમ બની કે ખાડિયામાં સરકારી રાહે એક મકાન સાઠ રૂપિયામાં ભાડે રાખી અમે ચાર ભાઇઓ સાથે રહેવા લાગ્યા. એક વર્ષ બાદ રૅશનિંગ બંધ પડતાં મારા બેભાઇઓ એ ખાતામાંથી છૂટા થયા અને મારે એક શાળામાંથી (સંખ્યા ઘટવાથી) છૂટા થવું પડ્યું. એક ભાઇને રૅશનિંગના જૂના માણસ તરીકે નડિયાદ નોકરી મળી ગઈ અને અમે બીજા બે ભાઈઓ જુદાં જુદાં ગામોની શાળાઓમાં શિક્ષકો તરીકે જોડાયા. હવે અમદાવાદના અમારા સાઠ રૂપિયાના ભાડાના મકાનમાં સૌથી મોટા ભાઈ એમના કુટુંબ સાથે રહ્યા, પણ એમના ટૂંકા પગારમાં અમારી મદદ છતાં એમનાથી એ મકાનમાં રહી શકાય એમ નહોતું. એથી એમણે મકાનમાલિકને અમારી પરિસ્થિતિ સમજાવી અને મકાન ખાલી કરી આપવાની તૈયારી બતાવી. પણ મકાનમાલિકે કહ્યું : 'એકાદ બે વર્ષે તમારા નાના ભાઇઓ અમદાવાદ પાછા આવશે ત્યારે તમને શહેરમાં આટલું મકાન ક્યાંથી મળશે? માટે મારી સલાહ તો એવી છે કે તમે ઘર ખાલી ના કરશો. પણ જ્યાં સુધી તમારા ભાઇઓ પાછા ના આવે ત્યાં સુધી ભાડું અર્ધું જ આપજો!' મોટાભાઈ તો મકાનમાલિકની આ ખાનદાનીથી મુગ્ધ થઈ ગયા. એમને અમે બે વર્ષ સુધી અરધું ભાડું આપ્યું. એ પછી અમે ત્રણે ભાઈઓ અમદાવાદ પાછા આવી ગયા એટલે મૂળ ભાડું આપવાનું શરૂ કરી દીધું.

આવી ખાનદાનીનાં દર્શન જવલ્લે જ થાય છે. પણ જ્યારે જ્યારે આવા વિરલ માણસોનો અનુભવ થાય છે, ત્યારે માનવતા માટેની આપણી શ્રદ્ધામાં ઉમેરો થાય છે. આવી ખાનદાની એ કેળવણીની નીપજ નથી, તાલીમનું ફળ નથી; એ જન્મજાત છે, સંસ્કારગત છે. કવિઓ જન્મે છે એમ આવા ખાનદાન પણ જન્મે જ છે.

શ્રીમદ્ રાજચંદ્રે એક વેપારી સાથે હીરાના વેપારનો સોદો કર્યો હતો. એ પછી હીરાના ભાવમાં એટલી બધી તેજી આવી ગઈ કે એ વેપારી જો એ ભાવે હીરા આપવા જાય તો એની આખી મિલ્કત વેચવી પડે અને એને રસ્તા પર ઊભા રહેવું પડે. શ્રીમદ્ રાજચંદ્રને હીરાના વધેલા ભાવની ખબર પડી એટલે એ પેલા વેપારીની દુકાને ગયા. એમને જોઇને પેલો વેપારી નરમ પડીને બોલ્યો : 'રાયચંદભાઈ, આપણી વચ્ચે થએલા સોદા અંગે હું ખૂબ ચિંતામાં પડી ગયો છું મારું જે થવાનું હોય એ ભલે થાઓ પણ તમે એ બાબતની ખાતરી રાખજો કે હું આપણા લખાણ પ્રમાણે તમને હીરા આપીશ જ. તમે જરા યે ચિંતા ના કરશો.'

શ્રીમદ્ રાજચંદ્રે કરુણાભર્યા સ્વરે કહ્યું : 'વાહ ! ભાઈ, વાહ ! હું ચિંતા શા માટે ના કરું? તમને સોદાની ચિંતા થાય તો મને કેમ ના થાય? પરંતુ આપણા બંનેની ચિંતાનું મૂળ કારણ તો એક કાગળિયું જ છે ને? એનો નાશ કરીએ તો ચિંતાનું કોઈ કારણ નહિ રહે.'

એમ કહી રાજચંદ્રે સહજ ભાવે પેલો દસ્તાવેજ ખિસ્સામાંથી કાઢીને ફાડી નાખ્યો. પેલો વેપારી તો આશ્ચર્યચકિત થઈ ગયો ને કૃતજ્ઞભાવે એમની સામે જોઈ રહ્યો.

રાજચંદ્રે એ વેપારીને કહ્યું : 'આ ખતપત્રના લીધે તમારા હાથપગ બંધાએલા હતા. હીરાના બજારભાવ વધવાથી તમારે મને ૬૦–૭૦ હજાર રૂપિયા આપવાના થતા હતા. પરંતુ હું તમારી સ્થિતિ જાણું છું. એટલા બધા પૈસા હું તમારી પાસેથી લઉં તો તમારી શી દશા થાય? રાયચંદ દૂધ પી શકે, લોહી નહિ.'

ખાનદાની હમેશાં પૈસા કરતાં માનવતાને, પ્રેમને વધારે મહત્ત્વ આપે છે. એને મન કાયદો કે ન્યાય મહત્ત્વનાં નથી, સ્નેહ ને સહાનુભૂતિ, કરુણા અને ઉદારભાવ મહત્ત્વનાં છે.

આવા ખાનદાન માણસો પોતાની ઉદારતા જાહેર કરવામાં માનતા નથી. એમને મન દયા કે સહાનુભૂતિ સહજ હોય છે. એનું પ્રદર્શન કરવાની એમને આદત હોતી નથી. દાન પણ એ લોકો ગુપ્તરીતે કરતા હોય છે.

નિઝામ સરકારના હોદ્દેદાર મહારાજા સર કિશનપ્રસાદ એક વાર રાજ્યના પ્રવાસે નીકળ્યા હતા ત્યારે એક ગામમાં એક ગરીબ સ્ત્રીએ પોતાની કન્યા એમનાં ચરણોમાં નાખી કહ્યું : 'માબાપ, આનો બાપ તમારો સૈનિક હતો. એના લગ્ન કરવાં છે પણ બ્રાહ્મણને આપવાના પણ પૈસા નથી. તમે તો કર્ણ જેવા છો. એનાં લગ્ન કરાવી આપો.'

સરકારી કામે નીકળેલા મહારાજાએ હસીને કહ્યું : 'થઈ રહેશે બધું'. ચાર હાથવાળો ભગવાન બેઠો છે ઉપર. એના પર શ્રદ્ધા રાખો.' ને એ ચાલતા થયા. પેલી સ્ત્રીને લાગ્યું કે મહારાજાની ઉદારતા અંગેની લોકોની વાતો ખોટી છે.

થોડા સમય પછી એ જિલ્લાના સૂબા પર મહારાજાએ પત્ર લખીને સૂચના આપી કે એ બાઈની દીકરીને મારી પુત્રી જેવા ઠાઠમાઠથી પરણાવવી અને એ બાઇને જીવે ત્યાં સુધી વર્ષાસન આપજો પણ એ સાથે યાદ રાખજો કે આ મદદ મારા તરફથી મળી છે એવો એને અણસાર પણ આવવો ના જોઇએ.

આવી ખાનદાની રાજામહારાજાઓ અને સંતો મહાત્માઓમાં જ હોય એમ માનવાને કારણ નથી. ઘણી વાર સાવ નાના માણસોમાં પણ આવી ઉચ્ચ કક્ષાની ખાનદાનીનાં દર્શન થતાં હોય છે. ઘણી વાર આપણે છાપામાં વાંચીએ છીએ કે અમુક રિક્ષાવાળો પોતાની રિક્ષામાં ભુલાઈ ગએલું પાકીટ કે કિંમતી માલસામાન માલિકને શોધીને પહોંચતાં કરી આવ્યો. એસ. ટી. ની બસમાં એક કંડક્ટર મેં એવો જોએલો કે જે દરેક વૃદ્ધ વ્યક્તિને હાથ પકડીને બસમાં ચડાવતો અને એને ઊતરવાનું ગામ આવે ત્યારે હાથ પકડીને ઉતારતો.

બલ્ખના બાદશાહ સુલતાનઈબ્રાહિમ ફકીરનું જીવન જીવતા હતા. એક વાર કોઇએ એમને પૂછ્યું : 'સાંઈ, આપને આજ સુધીમાં મોટામાં મોટો ધર્માત્મા--ખાનદાન માણસ કોણ મળ્યો છે?' સુલતાને કહ્યું કે 'એક હજામ'. એ હજામને મેં કહ્યું કે 'ભાઈ, ખુદા ખાતર મારી હજામત કર.' તેણે જે ભાવથી પાદશાહ કે અમીરની હજામત કરે તે કરતાં પણ વધુ ભાવથી મારી હજામત કરી. મેં કહ્યું કે 'હમણાં તો મારી પાસે કાંઈ નથી. પણ મને સૌથી પહેલાં જે કંઈ મળશે તે તને આપીશ.' એટલામાં મારા એક શિષ્યે મને સોનામહોરની થેલી મોકલી. એ મેં પેલા હજામને આપવા માંડી ત્યારે એ બોલ્યો : 'સાંઈ, તમે નહોતું કહ્યું કે, ખુદાની ખાતર હજામત કર?' પણ મેં કહ્યું : 'ભાઈ, જો તો ખરો આ તો હજાર સોનામહોરોની થેલી છે.' હજામે મને હસીને જવાબ આપ્યો : 'સાંઈ, ખરી સોનામહોરો એ થેલીમાં રહેલી નથી, પણ ખુદા ખાતર કામ કરવામાં રહેલી છે.'

આમ ખાનદાની એ સદ્‌ગુણોનો ખજાનો છે. ઉદારતા, ક્ષમા, ત્યાગ, દયા, પરોપકાર અને સહાનુભૂતિ જેવા ગુણોનો સરવાળો એ ખાનદાની છે. આત્માનો એ એવો ઉચ્ચ ભાવ છે કે જેની કિંમત પૈસાથી થઈ શકતી નથી. એનાં દર્શન વિરલ હોય છે પણ એનું અસ્તિત્વ છે એથી જ માનવજાત ટકી રહી છે. □

'દેવમુનસફ' લાલશંકરભાઈ



આત્મપુરુષાર્થ વડે એક સામાન્ય ગણિતશિક્ષકમાંથી ન્યાયાધીશ-પદે પહોંચનાર, ત્યક્ત-અનાથ બાળકો માટે સૌ પ્રથમ બાલાશ્રમ સ્થાપનાર, સ્ત્રીશિક્ષણ સહિત સંસારસુધારનાં પ્રત્યેક કાર્યમાં નવાં પ્રસ્થાનો કરનાર, ગુજરાતમાં અસ્પૃશ્યોદ્ધારનો પ્રારંભ કરનાર હિંમતવાન સમાજસુધારક અને વ્યવહારદક્ષ ગરવા ગુજરાતી

લેખક · અશોક ઠાકોર

ગઈ સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતના સમાજને જાગ્રત કરીને તેના જીવનક્રમને નવું જ વલણ આપવા માટે જે અનેક પ્રયત્ન થયા છે તેમાં અત્યંત ઉચ્ચ ને ઉપકારક પ્રયત્નો કરનાર તરીકે લાલશંકરભાઈનું નામ મોખરે છે. આજે તો સામાજિક ક્ષેત્રે ગુજરાતે ઘણી પ્રગતિ કરી છે, પરંતુ પોતાનું જીવનસર્વસ્વ અર્પણ કરીને, અને તેમ કરતાં લોકાપવાદ, નિંદા કે તિરસ્કારની પણ ગણના કર્યા વગર એકનિષ્ઠાથી જેમણે અથાગ શ્રમ, અવિરત ધૈર્ય ને અડગ નિશ્ચય દાખવીને જે અગ્રેસરોએ એનો પાયો નાખ્યો હતો તેઓમાં લાલશંકરભાઈનું નામ ઉચ્ચ સ્થાને છે.

સાધારણ પરિસ્થિતિમાંથી આપબળે આગળ આવીને સાધેલી પોતાની જીવન-ઉન્નતિના તન-મન-ધનના બધા લાભ નિઃસ્વાર્થભાવે અનેક પરોપકારી કાર્યોમાં આપીને એમણે ગુજરાત જ નહિ છેક મહારાષ્ટ્ર સુધી ખ્યાતિ મેળવી હતી. 'લાલશંકરનું ગણિત' ભણેલી આજ પહેલાંની આ સદીના પૂર્વાર્ધના દાયકાની પેઢીઓમાંના થોડા સિવાય ગુજરાતે જાણે પોતાના સામાજિક ને રાજકીય ઉત્કર્ષ માટે આજીવન મથનાર એ સેવાભાવી પુરુષને લગભગ વિસારી દીધા હોય તેમ લાગે છે.

લાલશંકર ઉમિયાશંકર ત્રવાડી(ત્રિવેદી)એ એમનું પૂરું નામ. અમદાવાદ નજીક કલોલ પાસેના નારદીપુર નામના ગામડામાં ઈ. ૧૮૪૫ના ઑગસ્ટની ૨૩મી તારીખ અને શનિવારે, સંવત ૧૯૦૧ના શ્રાવણ વદ છઠના રોજ મોસાળમાં એમનો જન્મ થએલો. ન્યાતે એ વીસનગરા નાગર. માતા માનકોર તો એમને નાના મૂકી અવસાન પામેલાં અને પિતા અમદાવાદમાં યજમાનવૃત્તિ પર નિર્વાહ ચલાવતા એટલે લાલશંકર મોસાળમાં રહી ઊછરતા હતા.

પુત્રના યજ્ઞોપવીત સંસ્કાર બાદ પિતા એમને અમદાવાદ લઈ આવ્યા. એ સમયે તેઓ અમદાવાદના ખાડિયા વિસ્તારમાં ધોળેશ્વર મહાદેવ પાસે મણિયારાની ખડકીમાં રહેતા હતા. ત્યાં તુલજારામ મહેતાજીની જાણીતી ધૂળિયા શાળામાં ભણવાનો એમણે આરંભ કર્યો. એ પ્રાથમિક શિક્ષણની સાથોસાથ પિતા એમને પોતાની યજમાનવૃત્તિમાં પણ પલોટતા જતા હતા. એમની ઇચ્છા પુત્રને થોડુંઘણું ભણાવી પોતાની સાથે ગોરપદામાં જોતરવાની હતી. લાલશંકર ત્યારે અહીંની નૉર્મલ સ્કૂલમાં અભ્યાસ કરતા હતા. અંગ્રેજોના શાસનની સ્થિરતા સ્થાપિત થયા પછી અમદાવાદ બધી દિશામાં વિકાસ સાધી રહ્યું હતું. એક નવી ચેતના પ્રજાજીવનમાં પાંગરી રહી હતી. ભણતાંભણતાં પણ લાલશંકર પિતાના કામમાં યે સહાય કરતા રહેતા હતા. વળી, એ સમયની રૂઢિ પ્રમાણે બાળપણમાં જ એમનું લગ્ન પણ થઈ ગએલું. એટલે કેવળ યજમાનવૃત્તિમાં પડવાને બદલે લાલશંકરને અંગ્રેજી ભણીને આગળ વધવામાં વધુ ઊજળું ભવિષ્ય દેખાતું હતું. પરંતુ એમની એ ઇચ્છાનો પિતાએ સખત વિરોધ કર્યો. કદાચ એમને ભય હશે કે અંગ્રેજી ભણાવતાં આગળ જતાં પુત્ર હાથ ન પણ રહે. ધીરેધીરે એમનો વિરોધ ઉગ્ર બનતો ગયો અને અંતે પોતાની સાથે યજમાનવૃત્તિમાં જોડાઈ જવા યા બીજી કોઈ નોકરીએ લાગી જવા દબાણ કર્યું, અને જો એમ ન કરી શકે તો ઘર છોડી જવા ફરમાવ્યું! અને વધુ અભ્યાસના પોતાના નિર્ણયને વળગી રહેવાનો નિરધાર કરી લાલશંકરે પત્ની સહ ઘર છોડયું. ત્યારે નૉર્મલ સ્કૂલમાંથી એમને મળતી માસિક પાંચ રૂપિયાની સ્કૉલરશિપ સિવાય અન્ય કોઈ આર્થિક આધાર નહોતો, પણ તેઓ પોતાના ઇરાદાને મક્કમપણે વળગી રહ્યા. એ વખતે નૉર્મલ સ્કૂલનું સંચાલન શ્રી મહીપતરામ રૂપરામ નીલકંઠને હસ્તક હતું. લાલશંકરને એમણે સધ્યારો આપ્યો. તેઓ નૉર્મલ સ્કૂલને ટ્રેનિંગ કૉલેજ બનાવવાના પ્રયત્નો કરી રહ્યા હતા અને એમનું એ કાર્ય સિદ્ધ થયું ત્યારે ત્યાં ભણતા વિદ્યાર્થીઓની સ્કૉલરશિપ પણ બેવડાઈ અને તેનો લાભ લાલશંકરને પણ મળ્યો.

ટ્રેનિંગ કૉલેજમાં આવ્યા ત્યારે લાલશંકરનું સંસ્કૃતનું જ્ઞાન ઉત્તમ પ્રકારનું હતું. કર્મકાંડની તાલીમ વખતે તેમણે સંસ્કૃત ભાષા પર સુંદર કાબૂ મેળવી લીધો હતો. એક વખત મુંબાઈ પ્રાંતના શિક્ષણખાતાના એક અંગ્રેજ અધિકારી ડૉ. હોમ કૉલેજની મુલાકાતે આવેલા. સંસ્કૃતના એ નિષ્ણાત હતા. લાલશંકરે એમની સમક્ષ વેદની ઋચાઓનું એટલું શુદ્ધ અને સહજ પઠન કરી બતાવ્યું કે એથી પ્રભાવિત થઇને એમણે એમને પ્રમાણપત્ર આપેલું.

મનવાંછિત અભ્યાસ થઈ શકતાં લાલશંકરે તેનો પૂરો લાભ લેવા માંડયો. ત્યાં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, મરાઠી, ગણિત, ભૂગોળ આદિ વિષયો શીખવતા પ્રથમ કક્ષાના વિદ્વાનો હતા: મહીપતરામ અંગ્રેજી શીખવતા, કવિ દલપતરામ ગુજરાતી, વ્રજલાલ શાસ્ત્રી સંસ્કૃત, ભાસ્કરરાવ પંડિત મરાઠી ને વ્યંકટરાવ નામના એક મહારાષ્ટ્રી ગણિત. આ બધા વિષયો સાથે લાલશંકરે ગણિતમાં તો એટલી નિપુણતા બતાવી કે મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજની સીનિયર સ્કૉલરશિપની પરીક્ષાના પ્રશ્નપત્રો આ વર્નાક્યુલર કૉલેજના વિદ્યાર્થીઓને પણ આપી જે પરીક્ષા લેવામાં આવેલી તેમાં લાલશંકર પહેલા નંબરે પાસ થએલા.

તુરત એમને અમદાવાદ હાઈસ્કૂલમાં ગણિતશિક્ષક તરીકે ૨૫ રૂપિયાના પગારે નોકરી મળી. બીજી બાજુ ઘરઆંગણે અભ્યાસ ચાલુ રાખી લાલશંકરે મૅટ્રિકની પરીક્ષા પણ પાસ કરી. એમનો ઈરાદો તો હજી આગળ કૉલેજનો અભ્યાસ કરવાનો હતો, પણ આર્થિક સંકડામણ ઘણી હતી અને નોકરીમાંથી પણ રજા મળી નહિ, છતાં એથી નાસીપાસ ન થતાં ખંત અને નિશ્ચયપૂર્વક ઘેર અભ્યાસ જારી રાખીને ૧૮૬૭માં મદ્રાસ જઈ ત્યાં એક મહિનો રહી એફ. ઈ. એ. (ફર્સ્ટ એક્ઝામિનેશન ઈન આર્ટ્સ)ની પરીક્ષા પસાર કરી આવ્યા. કૉલેજના વર્ગો ભર્યા વિના મદ્રાસ યુનિવર્સિટીએ શિક્ષકો માટે આ પરીક્ષા આપવાની સવલતથી એમની મનેચ્છા બર આવી શકી. એ જમાનામાં અમદાવાદથી મદ્રાસ જવું સરળ નહોતું જ. ત્યાં જવા માટે આગબોટનો પ્રવાસ





△ 'યુવાન લાલશંકરભાઈ અને પત્ની દિવાળીબેન △

ખેડવો પડતો, અને એ રીતે જતાં કેટલા સમયે ત્યાં પહોંચાય તે યે નિશ્ચિત નહિ. કદાચ પરીક્ષાની તારીખો ચૂકી પણ જવાય. સામાન્ય નોકરિયાત માણસ માટે ચાલુ નોકરીએ આ એક સાહસ જ હતું. પણ પોતાના દૃઢ મનોબળથી એમણે એ પરીક્ષા પસાર કરી જ.

ટ્રેનિંગ કૉલેજના અભ્યાસ દરમિયાન 'ગુજરાત શાળાપત્ર'માં એમના કેટલાક લેખો પણ પ્રસિદ્ધ થએલા. અભ્યાસ કરવા સાથે ઘર ચલાવવા ઉપરાંત તેઓ અનેક દિશામાં પ્રવૃત્તિશીલ રહેતા. હાથ ધરેલા કાર્યને સાંગોપાંગ પાર પાડવાનું કૌશલ એમનામાં હતું. બેએક વર્ષ એમણે પોતાના એક સહાધ્યાયી (જાણીતા સાક્ષર) હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાલા સાથે 'ટીકાકાર' નામક માસિક પત્ર પણ ચલાવેલું.

મદ્રાસની પરીક્ષા આપ્યાનું ફળ એમને તુરત મળ્યું. નોકરીમાં એમનો ગ્રેડ વધતો ગયો અને અંતે ગુજરાત પ્રૉવિન્શીઅલ કૉલેજમાં તેઓ ગણિતશિક્ષક થયા. પણ ઉન્નતિગામી એમના જીવને જંપ નહોતો. ૧૮૭૧માં અમદાવાદની સ્મૉલ કૉઝિઝ કોર્ટમાં નાજરની જગ્યા ખાલી પડી. લાલશંકરે તેમાં જવા વિચાર્યું અને તે કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ગોપાલ હરિ દેશમુખે એમની ત્યાં નિમણૂક કરી. ત્યાં પણ એમણે ફુરસદના સમયની પળેપળનો ઉપયોગ કરીને કાયદાનો અભ્યાસ કરવા માંડયો અને ૧૮૭૩માં મુનસફ (સબજજ)ની પરીક્ષા પસાર કરી એટલે શિક્ષણખાતામાંથી એમને ન્યાયખાતામાં લઈ જનાર ગોપાલ હરિ દેશમુખે મુંબાઈના ગવર્નરની કચેરીમાં લાલશંકરને હવે સબજજ તરીકે નીમવા ભલામણ કરી અને લાલશંકરભાઈ પંઢરપુરમાં સબજજ નિમાયા. ત્યાંથી ધંધુકા, ઘોઘા, વીરમગામ, શોલાપુર, અહમદનગર, નાસિક એમ વિવિધ સ્થળે ઉત્તરોત્તર બઢતી પામતા જઈ ૧૮૯૧માં અમદાવાદમાં, જે કોર્ટમાં પોતે નાજર તરીકે દાખલ થએલા તે જ સ્મૉલ કૉઝિઝ કોર્ટના જજના ઊંચામાં ઊંચા હોદ્દે ૮૦૦ રૂપિયાના દરમાયાથી આવ્યા ને ૧૯૦૩ના મે માસની ૧૩મી તારીખે ૪૦૦ રૂપિયાના પેન્શન પર એમણે નિવૃત્તિ લીધી.

પણ માત્ર પોતાની ઉન્નતિ એ એમના જીવનનું લક્ષ્ય નહોતું જ. ન્યાયખાતાની નોકરી દરમિયાન મહારાષ્ટ્ર અને ગુજરાતમાં એમને અનેક સ્થળે ફરવું પડતું, અને તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં તે તે સ્થળના જાહેરજીવનમાં પણ તેઓ ઊંડો અને સક્રિય રસ લેતા.

પંઢરપુરમાં હતા ત્યારે એક દિવસ ચંદ્રભાગા નદીના કિનારે ફરતાં એમના પગ સાથે કાંઈક અથડાયું. નીચા નમીને જોતાં એ કોઈ તરતનું જન્મેલું બાળક જણાયું. જન્મ આપીને કોઈ અભાગી સ્ત્રીએ એને ત્યજી દીધું હતું. તરત તેઓ એ બાળકને ઊંચકી લઈ પોતાને ઘેર લઈ ગયા અને પત્ની દિવાળીબેનને સોંપ્યું. પણ આ રીતે ત્યજી દેવાતાં કે મારી નખાતાં બાળકોના ખ્યાલે એમનું અંતર દુઃખથી વલોવાઈ ગયું. આ બદીના નિવારણ માટે કાયમી અને વ્યવહારુ ઉપાય તરીકે એક બાલકાશ્રમ સ્થાપવાનો એમને વિચાર સૂઝ્યો. એમનું ખંતીલું મન તુરત એ યોજના પાછળ લાગી ગયું ને પંઢરપુરનો વિખ્યાત બાલકાશ્રમ સ્થાપી તેના નિભાવ અર્થે એમણે મુંબાઈના ધનાઢ્યોને અરજ કરી; એટલું જ નહિ, એ માટે દર શનિવારે કોર્ટનું કામ પતાવી તેઓ પંઢરપુરથી મુંબાઈ જતા ને રવિવારે શેઠિયાઓને ઘેર રખડી એમને સમજાવીને ફંડ એકઠું કરતા ને સાંજે પાછા ટ્રેનમાં બેસી સોમવારે પોતાના હોદ્દા પર હાજર થઈ જતા. એમના આવા અવિશ્રાંત શ્રમ અને અનુકંપાથી સ્થપાએલી એ સંસ્થા આજે એક સદીથી મહારાષ્ટ્રનાં હજારો નિર્દોષ અને ત્યક્ત બાળકોને જીવનદાન આપી સંસારમાં સન્માર્ગે વાળવાનું પુણ્યકાર્ય કરી રહી છે. ૧૯૭૫માં આ આશ્રમને સો વર્ષ પૂરાં થયાં. આજે એ 'વાસુદેવ બાબાજી નવરંગે બાલકાશ્રમ' નામે ઓળખાય છે. લાલશંકરે રોપેલું એ બીજ આજે તો વટવૃક્ષની જેમ ફૂલીફાલી ત્યક્ત બાળકો ઉપરાંત અનાથ બાળકો, આશ્રયહીન ને અનાથ સ્ત્રીઓ તથા બાળગુનેગારો માટેનું રીમાન્ડ હોમ ચલાવવા સુધીની તેની પ્રવૃત્તિઓ વિકસી છે. સાથેસાથે બાલમંદિર અને પ્રાથમિક શાળા પણ તે ચલાવે છે. મુંબાઈના પ્રાર્થનાસમાજને હસ્તક તેનો વહીવટ છે.

આ જ રીતે ૧૮૭૭ના ભયંકર દુષ્કાળ વખતે સરકાર તરફનાં રાહત કાર્યો પૂરતાં ન હતાં. લાલશંકરે નોકરીના સમય બાદ ઠેરઠેર ફરીને જાહેર ફાળો ઉઘરાવ્યો અને ઢોર માટે નીરણકેન્દ્રો તથા લોકો માટે રાહતકેન્દ્રો ચાલુ કરાવી દુષ્કાળ-રાહતની જવાબદારીમાં લોકોને પણ સમભાગી બનાવવાનો જે પુરુષાર્થ કરેલો તેવો એ દેશભરમાં પ્રથમ હતો.

પંઢરપુરથી ઈ. ૧૮૮૧માં એમની બદલી થઈ ત્યારે પ્રજાએ એમને આંસુભરી વિદાય આપવા સાથે એમની અનન્ય સેવા બદલ એમને 'દેવ-મુનસફ'નું અભિધાન આપી એમનું બહુમાન કરેલું. અને એ જ રીતે એમણે સ્થાપેલા બાલકાશ્રમના શતાબ્દી ઉત્સવ વખતે એ બાલકાશ્રમ પાસેના જાહેર માર્ગને 'દેવમુનસફ લાલશંકર ઉમિયાશંકર પથ' નામ આપી એમને અંજલિ આપી હતી.

પિતાનું ઘર ત્યજ્યા પછીના એમના અભ્યાસકાળમાં, અને તે પછી યે એમના સમસ્ત જીવનઘડતરમાં મહીપતરામભાઈની સહાનુભૂતિ ને સહાય એમને સદા મળ્યા કરતાં. પ્રાર્થના સમાજના શુદ્ધ એકેશ્વરવાદમાં શ્રદ્ધા બેસાડવા સાથે સામાજિક તથા ધાર્મિક સુધારણાનો રંગ પણ એમણે જ એમને લગાડયો હતો. સમાજસેવા અને પ્રજાહિતનાં પોતાનાં કાર્યો પાછળ એમની જ પ્રેરણા હોવાનો ઋણસ્વીકાર લાલશંકર હમેશ કરતા. મહીપતરામનું અવસાન થતાં પોતાના એ ગુરુના સ્મારક તરીકે પંઢરપુરના જેવો જ એક અનાથાશ્રમ એમણે અમદાવાદમાં પણ સ્થાપ્યો, જે આજે યે 'મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ' નામે અનેક સામાજિક નિર્દયતાઓના જીવતા સ્મારક સમો બની રહીને એ નિર્દયતાના ભોગ બનેલાંઓને શીળી છાયા આપી રહ્યો છે.

આમ તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એમણે લોકહિતાર્થે કંઇ ને કંઈ સઘન કાર્ય પણ કર્યું. વીરમગામમાં એમણે કન્યાશાળાનું મકાન બનાવડાવેલું. ધંધુકામાં પુસ્તકાલય, નાસિકમાં સ્ત્રીઓનું દવાખાનું તથા નર્સોની તાલીમ માટેનું કેન્દ્ર, અહમદનગરમાં પ્રાર્થના સમાજનું મકાન વગેરે એમની લોકહિતકારી વૃત્તિ-પ્રવૃત્તિનાં સ્મારકો સમાં છે.

અમદાવાદ આવ્યા પછી તો એમણે ત્યાંની પ્રત્યેક સામાજિક તથા જાહેર હિતની પ્રવૃત્તિઓમાં પોતાનો બધો જ ફાજલ સમય જોડી દીધો હતો. હાલની 'ગુજરાત વિદ્યાસભા' અને એ સમયની 'ગુજરાત વર્ના-

ક્યુલર સોસાએટી'ના મહીપતરામ મંત્રી હતા. એમના પછી આ જવાબદારી લાલશંકરને સોંપાઇ. તે પછી ૧૮૯૧ થી ૧૯૧૨ના ગાળામાં આ સંસ્થાએ ઘણી પ્રગતિ કરી. દાતા અને સભ્યોની સંખ્યા વધારીને ૧૯૧૦ના અરસામાં તેનાં ટ્રસ્ટોની રકમને લાલશંકરે એક લાખ રૂપિયાના આંકે પહોંચાડી હતી અને ૧૪૪ જેટલાં પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. આ ઉપરાંત, શહેરનું એવું એક પણ સાર્વજનિક કાર્ય નહોતું, જેમાં તેમનો સક્રિય સાથ ન હોય. 'વિધવા વિવાહ ઉત્તેજક મંડળી', 'બાલવિવાહ નિષેધ મંડળી', 'ગુજરાત સંસાર સુધારા સમાજ', 'પ્રાર્થના સમાજ', 'અંત્યજ શાળા,' 'બાલહત્યા પ્રતિબંધ ગૃહ', 'ભોળાનાથ સારાભાઈ લેડીઝ ક્લબ', 'આપારાવ ભોળાનાથ પુસ્તકાલય' ઈત્યાદિ અનેક મંડળો ને સંસ્થાઓ સાથે તેઓ જોડાયા હતા.

સ્ત્રી-શિક્ષણનું કાર્ય તો તેમને સૌથી વધુ પ્રિય હતું. એ માટેની એમની ધગશ એટલી તો તીવ્ર હતી કે અમદાવાદની રા. બ. મગનભાઈ કરમચંદની કન્યાશાળામાં વધુ અભ્યાસ માટેની યોજનામાં મોટી ઉમરની બાળાઓ દાખલ થવા માટે આનાકાની કરવા લાગી અને એ યોજના પડી ભાંગવાનો ભય ઊભો થયો ત્યારે લાલશંકરે પોતાનાં લગભગ નિરક્ષર પત્નીને, એવડી આધેડ ઉમરે એ શાળાના વર્ગમાં ભણવા મોકલ્યાં હતાં—એટલા માટે કે એમની તથા પોતાના બેત્રણ મિત્રોની મોટી વયની સ્ત્રીઓને શાળામાં ભણતી જોઈ બીજી મોટી બાળાઓ વિનાસંકોચ તેમાં આવવા પ્રેરાય.

મહારાષ્ટ્રના સમાજ સુધારક જ્યોતિબા ફૂલેના સંપર્કમાં પણ તેઓ આવેલા. જાતિ કે સંપ્રદાયનાં બંધનોથી પર વિશાળ માનવજાતની સેવાનું એમનું લક્ષ્ય લાલશંકરે પણ અપનાવ્યું હતું. આ રીતે ગુજરાતમાં અસ્પૃશ્યોદ્ધારનું કાર્ય પહેલવહેલું લાલશંકરે જ ઉપાડેલું. બાળલગ્નની વિરુદ્ધમાં તથા વિધવા વિવાહના પક્ષમાં પણ એમણે પુષ્કળ જહેમત લીધી હતી. દાયકાઓ પહેલાં સમાજમાં જ્યારે આજના જેટલી સહિષ્ણુતા નહોતી ત્યારે એ કાર્યો ઉપાડતાં એમને શું શું સહન કરવું પડયું હશે તે કલ્પી શકાય તેમ છે. લગભગ ત્રીસ વર્ષ સુધી તેમણે પ્રાર્થના સમાજના મંત્રી અને પ્રમુખ તરીકે સતત સેવા આપી હતી એ એમની ધર્મપરાયણતાની સાખ પૂરે છે. અગ્રેસર સંસાર સુધારક તરીકે તેમની કીર્તિ એટલી પ્રસરેલી હતી કે ૧૯૦૭માં સૂરતની 'ઇન્ડિયન નૅશનલ સોશિયલ કૉન્ફરન્સ'નું પ્રમુખપદ એમને અપાએલું હતું.

વળી એમની સેવાઓમાં કદી કોમવાદ જણાયો નહોતો. અમદાવાદની 'અંજુમને ઈસ્લામ'ના તો તેઓ આત્મરૂપ હતા. અમદાવાદમાં પહેલી મૉહમૅડન એડ્યુકેશનલ કૉન્ફરન્સ એમણે ભરી હતી. ૧૮૯૪ની મુસલમાન કૉન્ફરન્સના સ્વાગત પ્રમુખ અને ૧૯૦૪ની ચોથી મુસલમાન એડ્યુકેશનલ કૉન્ફરન્સના ઉપપ્રમુખપદનું માન એમને જ મળેલું.

જે જે પ્રવૃત્તિ સાથે તેઓ સંકળાતા તેને સ્થાયી રૂપ આપવા તેઓ તેનાં મકાનો બંધાવવામાં પણ પૂરો રસ લેતા. મહીપતરામ અનાથાશ્રમ ઉપરાંત જ્ઞાનપ્રચાર માટેની આપારાવ લાયબ્રેરી, મુસ્લિમ શિક્ષણ માટેનું અંજુમને ઈસ્લામ, સ્ત્રી સંસ્કાર પ્રવૃત્તિ માટે ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટિટ્યૂટ, સામાજિક સુધારા માટેનો સંસાર સુધાર હૉલ ને શિક્ષણ તથા સાહિત્યપ્રચાર કરનારી ગુજરાત વર્નાક્યુલર સોસાએટી જેવી પીઠ સંસ્થાનો પ્રથમ પ્રેમાભાઈ હૉલ (એનું આજનું આધુનિક સ્વરૂપ એ તો ત્રીજી વારનું બાંધકામ છે) તથા ટાઉન હૉલ સામે આજે જેનું અસ્તિત્વ નથી તે પોતાના ભત્રીજાની સ્મૃતિમાં બાંધેલું 'રવિશંકર નરભેરામ ત્રવાડી દવાખાનું' એ બધાં એમણે જાતદેખરેખ તળે પૂરી કરકસરથી બંધાવેલાં. આ માટે જોઈતી સઘળી સામગ્રી પણ તેની ગુણવત્તા તથા તેના ભાવતાલની જાતે તપાસ કરીને ખરીદતા. જાતઅભ્યાસથી એમણે ઈજનેરી જ્ઞાન મેળવ્યું હતું. ન્યાયખાતામાં નોકરી કરતા ત્યારે કડી પ્રાંતમાં વરસાદનું પાણી ભરાતું તેનો નિકાલ કરવા ગાયકવાડ સરકારે નહેરો કાઢેલી. આ કારણે પાસેના બ્રિટિશ વિસ્તારનાં ગામોની જમીન અને મકાનોને જે નુકસાન થએલું તે અંગે કોર્ટમાં દાવો ચાલતો હતો. આ કેસમાં એમણે ગાયકવાડી ઈજનેરને જે પ્રશ્નો પૂછેલા તેનાથી તે ઈજનેર પણ એમના આ વિષયના જ્ઞાનથી પ્રભાવિત થયા હતા. ઈ. ૧૯૦૩માં અમદાવાદમાં દુષ્કાળ વખતે નદીપટમાં એમણે જે નીરણકેન્દ્રો ઊભાં કરેલાં તેની કામગીરી ખુદ મુંબઈ પ્રાંતના ગવર્નરે જાતે આવીને નિહાળી હતી.

શિક્ષણના વિષયમાં પોતાના ઊંડા રસથી પ્રેરાઈ એમણે કેળવણીખાતાને ગ્રામ્ય શાળાઓ કેવી હોવી જોઇએ એ અંગે એક વિસ્તૃત નોંધ મોકલી હતી. ચોથા-પાંચમા ધોરણના વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારનો રાજ્યવહીવટ કઈ રીતે ચાલે છે તે પણ શીખવવું જોઇએ એમ તેઓ માનતા. કન્યા કેળવણીમાં ધર્મ અને ચારિત્ર્ય ઘડતરના પાઠ શીખવવા એમણે 'શિક્ષાવાચન' નામે એક પુસ્તક તૈયાર કર્યું હતું. સ્ત્રી-કેળવણી માટે એમણે એક મિલના પોતાના ૫૦ શેર તથા ત્રણ આની કમિશન દિવાળીબાઈ કન્યાશાળાને આપી દેવા ઉપરાંત પોતાના વીમાની ૧૦,૦૦૦ રૂપિયાની રકમ પણ પોતાના મરણ બાદ તેને મળે તેવી વ્યવસ્થા કરી હતી. પત્નીના નામે એમણે જુદાંજુદાં પાંચ ટ્રસ્ટ રચી તેનો વહીવટ ગુજ. વર્ના. સોસાએટીને સોંપ્યો હતો. ૧૯૩૫માં આ ટ્રસ્ટોની બધી રકમનો આંક ૧,૨૭,૫૨૦ રૂપિયા જેટલે પહોંચ્યો હતો. એક સરકારી નોકરીઆતે કરેલી આ અત્યંત માતબર સખાવત કહી શકાય. સરકારે એમને પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવવા માટેની સમિતિમાં નિયુક્ત કર્યા હતા ત્યાં કોઈ પણ પાઠ્ય પુસ્તકમાં કોઈ પણ ઐતિહાસિક, ધાર્મિક કે લોકકથાઓના આધારે દેવદેવીઓમાં અંધશ્રદ્ધા ન પ્રેરાય કે અજ્ઞાનતાભરી ધર્મરીતિ-નીતિ-પૂજાનો પ્રચાર ન થાય યા કુરિવાજો કે વહેમો ન ફેલાય તેની પૂરી તકેદારી દાખવી હતી. 'કાવ્યદોહન'ની સંશોધિત આવૃત્તિ તૈયાર કરાવતી વખતે મૂળ વસ્તુને જ પકડી રાખવાની વૃત્તિવાળાઓ સામે પણ એમને મક્કમ મુકાબલો કરવો પડેલો. શિક્ષણ કેવું હોવું જોઇએ એ વિષે એમણે 'હંટર કમિશન' સમક્ષ વિસ્તૃત જુબાની આપી હતી. મૅટ્રિકમાં ગુજરાતીનો વિષય અને સ્નાતક કક્ષાએ ગુજરાતી ભાષાનો વિષય વિકલ્પે આપવાની એમણે હિમાયત કરેલી. ૧૮૯૮માં અમદાવાદમાં ભરાએલી કેળવણી પરિષદમાં સ્ત્રી કેળવણીના પ્રસાર પર ખૂબ ભાર મૂકયો હતો.

એમણે પોતે વર્ષો સુધી ગુજરાતમાં પાઠ્ય પુસ્તકો તરીકે ચાલેલા અંકગણિતનાં મૂળતત્ત્વો તથા ઉચ્ચ ગણિતનાં પુસ્તકો ઉપરાંત, ભૂગોળ તથા ભૂસ્તરશાસ્ત્ર વિષે પણ પુસ્તકો લખેલાં હતાં. સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળા સાથે એમણે વ્યાકરણ પણ લખેલું, જે ટેઇલર નામના મિશનરીના પ્રથમ ગુજરાતી વ્યાકરણ કરતાં વધુ શુદ્ધ, વિશદ ને સરળ હતું.

માણસની પણ એમને અજબ પરખ હતી. એક સમયે બહારગામથી પાછા ફરતાં અમદાવાદના રેલવે સ્ટેશન પાસે એક વૃક્ષ તળે કોઈ યુવાન તંદુરસ્ત ને તેજસ્વી સંન્યાસીને બેઠેલા જોયા. એમની સાથે વાતચીત કરતાં લાલશંકરને એ કોઈ બહુશ્રુત વિદ્વાન ને અસાધારણ પ્રતિભાવંત જણાતાં તેઓ તેને પોતાની ઘોડાગાડીમાં બેસાડીને ઘેર લઈ જઈ તેની આગતાસ્વાગતા કરી અને નગરના શ્રેષ્ઠીઓની મુલાકાત કરાવી આપી. આ સંન્યાસીને સૌરાષ્ટ્રની યાત્રા કરવી હતી. આ માટે એમણે એને જુદાંજુદાં રજવાડાં ઉપર ભલામણ પત્રો તથા પ્રવાસ અંગે માર્ગદર્શન પણ આપ્યું. આ યુવાન સંન્યાસી એ આગળ જતાં અમેરિકા જઈ વિશ્વખ્યાતિ પામનાર સ્વામી વિવેકાનંદ હતા.

અમદાવાદમાં ખાડિયા વિસ્તારમાં અમૃતલાલની પોળમાં આવેલો એમનો ભવ્ય આવાસ અને પછી નદીપાર ટાઉનહૉલ પાછળ હાલ જ્યાં સ્વ. કવિ નાનાલાલના કુટુંબીઓ રહે છે એ મકાન હમેશાં શહેરની અને બહારથી આવેલી વ્યક્તિવિશેષોનું મિલનસ્થાન હતું.

જજ જેવી જવાબદારીભર્યા કામમાં ફુરસદ મળવી દુર્લભ ગણાય, છતાં આ ઉત્સાહી અને સામર્થ્યવાન પુરુષ પોતાની નોકરીના કામ ઉપરાંત અસંખ્ય સાર્વજનિક કાર્યોમાં સતત રત રહેતા. જજ તરીકે સત્યાસત્ય પારખી લેવાની તીવ્ર બુદ્ધિ તથા કાયદાના ઊંડા જ્ઞાન વડે તેઓ ઉત્તમ ન્યાયાધીશ ગણાએલા. શુદ્ધ ન્યાયનું પાલન કરનાર તરીકે તેમની નામના હતી. એમની પાસે અપ્રમાણિકપણું કે લાગવગ ચાલી શકતાં નહિ.

કામ કર્યા વિના એમને ચેન પડતું નહિ. મિત્રો સાથે યા એકલા હોય ત્યારે પોતાના નિયત પોશાકમાં (ઝીણું પંચિયું બટન વિનાનું મલમલનું પહેરણ ને માથે ચોકડી ભાતનો કટકો) મૂછોના વાળ પસવારતા તેઓ વિચારોમાં ગૂંથાએલા રહેતા. એમનું જીવન સાદું, નિયમિત અને મિતાહારી હતું. રહેણીકરણી અને પહેરવેશમાં એકસરખી સાદાઈ રહેતી પણ કાર્યોમાં બેશુમાર વૈવિધ્ય હતું. દરેક કાર્યમાં ઉપયોગ, હેતુ, સાર્થકતા અને લાભ એ લક્ષબિંદુઓ રાખીને, અને છતાં પોતે બાંધેલા સિદ્ધાંતને મક્કમતાથી વળગી રહીને, સમય ને સ્થિતિ વિચારીને અત્યંત વ્યાવહારિક બુદ્ધિથી તેઓ કામનો નિકાલ કરતા. એમનો નિશ્ચય કદી બદલાતો નહિ. કામને જ એ પોતાના જીવનનું સાર્થક્ય ગણતા. એમનું વ્યસન, શૉખ, આનંદ એ બધું માત્ર 'કાર્ય' જ હતું.

નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એમણે એક મિલ ખરીદી એમાં પોતાનાં નાણાં રોક્યાં. પણ તેમાં એમની ગણતરી ખોટી પડી. એ મિલના વહીવટી બોજાએ એમનું સ્વાસ્થ્ય બગાડ્યું અને એના ભાર તળે ઈ. ૧૯૧૨ના ઑક્ટોબરની ૧૨મીએ એમનું અવસાન થયું.

રૂઢિચુસ્ત કર્મકાંડી નાગર કુટુંબમાં જન્મી, વિવિધ ધર્મગ્રંથોના પરિશીલનથી તથા નવજાગ્રતિની હવાના શ્વાસ લઇને મૂર્તિપૂજા નિષેધક અને એકેશ્વરવાદી પ્રાર્થના સમાજની દીક્ષા લઈ, સમાજસુધારાની એ કાળે નૈતિક હિંમત માગી લે એવી જે વિવિધ લોકહિતકારી પ્રવૃત્તિઓ એમણે કરી બતાવી તે, પંઢરપુરના નાગરિકોએ એમને આપેલા દેવસ્વરૂપના બરુદને સાર્થક ઠેરવે છે. એમના સમકાલીન અને મહારાષ્ટ્રના એક પ્રખર સમાજસેવક સર એન. જી. ચંદાવરકરે 'ઇન્ડિયન સોશિયલ રીફૉર્મર' પત્રમાં એમને યથાર્થ અંજલિ આપી છે કે 'લાલશંકર સ્વપ્નમાં રાચવા કરતાં કાર્ય કરવામાં માનનારા હતા. તેમનામાં આદર્શવાદ અને વાસ્તવિકતાનું સુભગ મિશ્રણ હતું. વિચાર ને કાર્યનો સુમેળ સાધવામાં તે નિષ્ણાત હતા. એમના જીવનમાં ભાગ્યે જ એવો દિવસ ઊગ્યો હશે કે જ્યારે તેમણે અજ્ઞાન અને દુઃખ દૂર કરીને ઇશ્વરનું ગૌરવ વધાર્યું ન હોય.'

અંગ્રેજ સરકારે 'કૈસરે હિંદ', 'રાવબહાદુર' અને 'સર્ટિફિકેટ ઑવ મૅરિટ'નાં માન આપીને એમની બહુમુખી સેવાઓને નવાજી હતી.

એમણે સ્થાપેલી સંસ્થાની શતાબ્દી ઊજવી પંઢરપુરે પોતાના આમના એક માર્ગ સાથે એમનું નામ જોડીને સો વર્ષ પછી યે એમની સેવાઓને બિરદાવવા સાથે એમની સ્મૃતિને અવિસ્મરણીય સાબિત કરી એમનું ઋણ સ્વીકાર્યું હતું. ગુજરાતે? □

અનુસંધાન] **પ્રો. શંકુને શનિની દશા** [પૃ. ૧૭૧થી

બરાબર યાદ છે કે બગદાદની સ્પ્લેન્ડિડ હોટેલની સામે એ ફોટો પાડયો હતો. તેમાં હું, ગ્રેપિયસ અને રશિયન વિજ્ઞાની કામેન્સ્કિ પાસેપાસે ઊભેલા હતા.

'તમારી પાસે સામાનમાં કંઈ છે?' ગ્રેપિયસે પાછા આવતાં પ્રશ્ન પૂછયો. 'કેમ એમ પૂછો છો?'

'મને થાય છે કે તમે અહીં જ આવતા રહો. તમારી સલામતી માટે જ હું કહું છું. અહીં મારે ત્યાં મોટો ગેસ્ટરૂમ છે. તમે ત્યાં રહી પણ ગયા છો—જો કે તમને એ યાદ નહિ જ હોય. મે માસમાં તમે અહીં આવેલા ત્યારે મારું જ આતિથ્ય સ્વીકાર્યું હતું તમે.'

ઘટના અસંભવ હતી એમ જાણવા છતાં ય મારું મગજ ચકરાવે ચડી ગયું. મેં પૂછયું: 'મને શું તમે જ આમંત્રણ મોકલ્યું હતું?'

આ સાંભળી ગ્રેપિયસ ઊભો થયો અને બાજુના ઓરડામાંથી એક ફાઈલ લઈ આવ્યો. તેમાં અન્ય પત્રોની સાથે મારા બે પત્રો પણ હતા. બરાબર મારા પત્રના કાગળ જેવા જ કાગળ, મારી જ સહી, મારા જ ઓલિવેટી ટાઈપરાઈટરના અક્ષરો. પહેલા પત્રમાં લખ્યું હતું કે મે મહિનામાં હું આમે ય યુરોપ આવું છું, એટલે ઈન્સબ્રુક આવવામાં મને કોઈ અગવડ નથી. બીજા પત્રમાં હું કયારે ઈન્સબ્રુક પહોંચવાનો હતો એ જણાવ્યું હતું.

રહસ્ય ધીરે ધીરે જટિલ થતું જતું હતું. સાથે મારી સંકટાપન્ન પરિસ્થિતિ પણ ધીમે ધીમે સ્પષ્ટ થઈ રહી હતી. અહીંની હોટેલમાં પણ મને રહેવા દીધો નહોતો, તે પછી જે માણસનું મેં જાહેર ભાષણમાં નામ લઇને અપમાન કર્યું હતું એને મારા તરફ કેવી લાગણી હશે એ તો સમજી શકાય તેમ હતું. પણ ગ્રેપિયસને તો મેં એમ જ કહ્યું કે હાલમાં એને ત્યાં રહેવું મારે માટે શકય નથી.

'આજે રાત્રે મારા મિત્ર સમરવિલ લંડનથી આવે છે. આવતી કાલે અમે બંને સાથે તમારે ત્યાં આવીને રહીએ તો ફાવશે?'

'સમરવિલ કોણ છે?' જરા શંકાશીલ સ્વરે ગ્રેપિયસે પૂછયું. પરિચય આપતાં મેં કહ્યું કે એ મારો ખાસ મિત્ર છે, અને મારા વિષેની આ દુર્ઘટનાની વાત જાણીને એ મારા વિષે બહુ ચિંતાતુર છે. 'તમને એમ લાગે છે કે અહીં આવીને તમને જોયા પછી એની ફિકર મટી જશે?'

કશો જ ઉત્તર ન દેતાં હું ગ્રેપિયસ ભણી તાકી રહ્યો. મને ખબર હતી કે એ શું બોલશે અને એ એમ જ બોલ્યો: 'તમારો એ મિત્ર પણ તમારી ચિકિત્સા માટે મારા જેટલો જ આતુર થઈ જશે એ નિઃસંદેહ છે.'

સાંજે સાત વાગ્યે હું હોટેલ પર પાછો ફર્યો. ક્રિન્કેલસ્ટાઈનનો ફોન હજી આવ્યો નહોતો. ઓરડામાં જઈ હું આજની બધી બાબતનો વિચાર કરતો હતો ત્યાં ટેલિફોનની ઘંટડી વાગી. સમરવિલે રેલવે સ્ટેશનેથી ફોન કર્યો હતો. મેં પૂછયું: 'શું થયું. કેમ તું આવતો નથી?'

'આવું જ છું. પણ જરા ફિકર થતી હતી એટલે ફોન કર્યો.'

'શી વાત છે?'

'તું સાજોનરવો અને અખંડઆખો છે કે નહિ એ જાણવા માટે.'

'એકદમ સાજોનરવો અને બિલકુલ આખેઆખો સલામત છું.'

'વેરી ગુડ. હું અર્ધા કલાકમાં આવી પહોંચું છું. ઘણી બધી ખબર દેવાની છે તને.'

મારા માટે સમરવિલને કેટલી કાળજી અને ફિકર છે એ તો એના ફોન પરથી જ સમજાઈ ગયું, પણ ઘણી બધી ખબર શી હશે?

(રહસ્યરફોટ સાથે આવતા અંકે પૂરી)

અનુવાદ–પુરસ્કાર–યોજના: સને ૧૯૭૫થી ૧૯૭૮ એ ચાર વર્ષ દરમિયાન અન્ય ભાષાઓમાં પ્રસિદ્ધ થયેલાં ઉત્તમ પુસ્તકોના ગુજરાતી ભાષામાં થયેલા ઉત્તમ ભાષાન્તરોના શ્રેષ્ઠ અનુવાદકોને ૫૦૦–૫૦૦ રૂપિયાનાં પારિતોષિકો, આપવાનું ભાષાન્તર નિધિએ ઠરાવ્યું છે. આ અંગેની શરતો નીચે મુજબ છે: (૧) પારિતોષિકપાત્ર પુસ્તક હિન્દી સિવાયની ભાષામાંથી અનુવાદિત અને પ્રકાશિત થયેલ હોવું જોઇએ. (૨) અનુવાદકે અથવા પ્રકાશકે અનુવાદની ત્રણ નકલો ભાષાન્તર નિધિ, બળવંત ભવન, ભાવનગર–૩૬૪૦૦૧ એ સરનામે તા. ૩૦–૯–૭૯ સુધીમાં વિના મૂલ્યે પૂરી પાડવી રહેશે. (૩) પારિતોષિક યોગ્ય કૃતિ અંગેનો ભાષાન્તર નિધિનો નિર્ણય છેવટનો ગણાશે. □

સત્યજિત રાય સર્જિત વૈજ્ઞાનિક પાત્ર

પ્રો. શંકુને શનિની દશા

અનુવાદક · સુકન્યા ઝવેરી

૭મી જૂન

દેશપરદેશમાં ઘણા લોકોએ મને અનેક વાર પૂછ્યું છે કે હું જ્યોતિષમાં માનું છું કે નહિ. અને દરેક વેળા મેં આ પ્રશ્નનો એક જ ઉત્તર આપ્યો છે કે હજી સુધી મને કોઈ એવો જ્યોતિષી મળ્યો નથી કે જેની વાત યા એણે કરેલી આગાહી મને જ્યોતિષશાસ્ત્રમાં શ્રદ્ધા રાખવા પ્રેરે. પરંતુ આજથી ત્રણેક મહિના પહેલાં અવિનાશબાબુ જે જ્યોતિષીને મારે ત્યાં લાવ્યા હતા તેમણે ત્યારે ભાખેલું મારું ભવિષ્ય આજે અક્ષરશઃ સાચું પડ્યુ છે.

એમણે કહ્યું હતું: 'આજથી ત્રણ મહિના પછી તમે મહા મુશ્કેલીમાં મુકાઈ જશો. તમારા પર પડતી શનિની દૃષ્ટિ તમને એવી સ્થિતિમાં મૂકી દેશે કે એના કરતાં તમને મરવું સારું લાગશે.'

આ સ્થિતિમાંથી છુટકારો થશે કે નહિ એવું મેં પૂછ્યું ત્યારે એમણે ઉત્તર આપ્યો કે 'જે તમારો સૌથી મોટો દુશ્મન છે એને જો તમે મારી શકશો તો જ છુટકારો પામશો.' અને સ્વાભાવિક રીતે એ દુશ્મન કોણ છે એ જણાવવા મેં એમને કહ્યું ત્યારે બહુ રહસ્યજનક ભાવથી સહેજ હસીને એમણે કહ્યું : 'તમે પોતે.'

એમના એ રહસ્યમય ઉત્તરનો ભેદ હજી સુધી ઉકેલાયો નથી, પણ મારા પર જે સંકટ આવ્યું છે તેના કરતાં તો મોત જ ભલું એમાં શક નથી. આ સંકટનો આરંભ આજે જ આવેલા એક પત્રથી થયો છે. બે માસ પહેલાં મૅડ્રિડમાં યોજાનાર એક વૈજ્ઞાનિક સંમેલનમાં ભાગ લેવા માટે મને આમંત્રણ મળ્યું હતું. આ સંમેલનના આયોજક વિશ્વવિખ્યાત પ્રાણીતત્ત્વવિદ્ ડી-સાન્ટ્સે લખ્યું હતું: 'અમારી સૌની ઇચ્છા છે કે આપ આ સંમેલનમાં જરૂર આવો. આપના આવવાથી શોભામાં અભિવૃદ્ધિ થશે. અન્યથા આપના વિના એ ઊણું ગણાશે. આશા છે કે આપ અમને નિરાશ નહિ કરો.' આ આમંત્રણ પછી ચોથે દિવસે ઇંગ્લૅન્ડથી મારા મિત્ર જૉન સમરવિલનો પત્ર આવ્યો. એણે પણ મને મૅડ્રિડ જવાનો આગ્રહ કર્યો હતો. ડી-સાન્ટસને હતાશ કરવાનું મારે કોઈ કારણ નહોતું. વળી, લગભગ દર વર્ષે એકાદ વાર તો હું પરદેશ જાઉં જ છું. ત્યાં જુદા-જુદા દેશના બધી જ વયના વિધવિધ વિષયના વિજ્ઞાનીઓને મળી એમની સાથે વાતોચીતો કરી મારા જ્ઞાન અને વિચારોનું પોષણ કરવાની મને એક ટેવ જ પડી ગઈ છે. કદાચ એટલે જ ઉંમર થઈ હોવા છતાં દેહ અને મનમાં હજી તાજગી ટકી રહી છે.

મૅડ્રિડનું આમંત્રણ સ્વીકારી તે બદલ આભાર વ્યક્ત કરતો પત્ર પણ મેં લખી દીધો હતો અને મારી સ્વીકૃતિ બદલ આનંદ દર્શાવતો ઉત્તર પણ મને ત્યાંથી બે અઠવાડિયાં પહેલાં મળી ગયો હતો. ૧૫મી જૂન એટલે કે આજથી આઠ દિવસ પછી તો મારે અહીંથી નીકળવાનું હતું. આમાં 'વિના મેઘે વજ્રપાત'ની જેમ આજનો આ પત્ર આવ્યો. માત્ર ત્રણ જ લીટીમાં એમાં જે લખ્યું છે તેનો અર્થ એટલો જ કે મૅડ્રિડની કૉન્ફરન્સનું આમંત્રણ પાછું ખેંચી લેતાં તેના આયોજકોએ સાફ શબ્દોમાં લખ્યું છે કે હું તેમાં ભાગ લઉં એવું તેઓ જરા ય ઇચ્છતા નથી. કારણ? એ પત્રમાં તેનું કોઈ કારણ જણાવ્યું નથી.

આના પરથી મારે શું સમજવું? એકાએક એવું તે શું બની ગયું કે તેઓ મને એ કૉન્ફરન્સમાં ભાગ લેવા દેવા રાજી નથી?

આનો ઉત્તર હું જાણતો નથી. ક્યારેય જાણી શકીશ કે નહિ તે પણ હું કહી ન શકું. આ પત્રથી મન એટલું ઉદાસ થઈ ગયું છે કે આજ હવે હું વધુ કશું નોંધી શકું તેમ નથી.

૧૦મી જૂન

આજે સમરવિલનો પત્ર મળ્યો. એનો અનુવાદ આ પ્રમાણે થાય:

પ્રિય શંકુ,

તમે સ્વદેશ પાછા પહોંચી ગયા છો કે નહિ તેની ખબર નથી. ગયા મહિને ઈન્સબ્રુકમાં તમારા ભાષણ વિષેની જે નોંધ છાપામાં વાંચી તે પછી બે રાત સુધી હું ઊંઘી શક્યો નહોતો. જરૂર તમે કોઈ ભારે માનસિક વ્યાધિના ભોગ બન્યા લાગો છો, અન્યથા તમારા મોંમાંથી આવી જાતની વાતો નીકળી શકે એ હું માની શકતો નથી. સમાચાર વાંચીને મેં ઈન્સબ્રુકના પ્રો. સ્ટાઈનરને ફોન કર્યો હતો. એમણે કહ્યું; તમારા ભાષણ પછી તમારા બીજા કોઈ સમાચારની એમને ખબર નથી. શંકા થાય છે કે કદાચ તમે યુરોપમાં જ ક્યાંક રોકાઈ રહીને બીમારી તો નથી ભોગવી રહ્યા ને? એમ ન હોય તો આ પત્ર મળ્યે તુરત જ તમે મને તાર કરીને તમારા કુશળ સમાચાર જણાવજો. અને સાથે પત્ર દ્વારા તમારા એ અકલ્પનીય વિચિત્ર આચરણનું કારણ પણ લખજો.

ભવદીય જૉન સમરવિલ

તા. ક. તમારા એ ભાષણ અંગે 'ટાઈમ્સ'માં જે નોંધ પ્રકટ થઈ હતી તેની કાપલી તમારી જાણ ખાતર આ સાથે મોકલું છું.

પહેલાં જ કહી દઉં કે ગયા મહિને તો શું પણ ક્યારે ય હું ઈન્સબ્રુક ગયો જ નથી. હવે ટાઈમ્સની નોંધ. તેમાં લખ્યું છે: વિશ્વવિખ્યાત ભારતીય વૈજ્ઞાનિક પ્રો. શંકુએ ગઈ ૧૧મી મેના દિવસે ઑસ્ટ્રીઆના ઈન્સબ્રુક શહેરમાં વિજ્ઞાનની આગેકૂચ વિષે એક ભાષણ કર્યું હતું. આ સભામાં સ્થાનિક તેમ જ યુરોપના વિવિધ શહેરના અનેક ખ્યાતનામ વૈજ્ઞાનિકો હાજર હતા. પ્રો. શંકુએ પોતાના ભાષણમાં આ બધા વૈજ્ઞાનિકોને બેધમ અને ખરાબ ભાષામાં ઉતારી પાડ્યા હતા. પરિણામે શ્રોતાઓમાં અત્યંત ઉશ્કેરાટ પ્રકટ્યો હતો અને કેટલાક તો હુમલો કરવાના ઈરાદાથી મંચ ઉપર પણ ચડી ગયા હતા. એક જણે તો મંચ પરથી ખુરશી ઉઠાવીને પ્રો. શંકુ ભણી ફેંકી, પણ ઈન્સબ્રુકના રહેવાસી અને પદાર્થવિજ્ઞાની ડૉ. કાર્લ ગ્રોપિયસે વક્તાને બચાવી લીધા હતા.

સમરવિલની ઇચ્છા પ્રમાણે એનો પત્ર મળતાં જ હું તેનો જવાબ લખીને મારી જાતે જ પોસ્ટ કરી આવ્યો. પણ સમરવિલ મારી વાત પર વિશ્વાસ મૂકશે? કોઈ સ્વસ્થ મગજનો માણસ માને ખરો કે મારા બદલે મારા જેવા જ દેખાતા કોઈ ભળતા જ આદમીએ ઈન્સબ્રુક જઇને આવું અપમાનજનક ભાષણ કરીને મારું સત્યાનાશ કર્યું હતું. સમરવિલ સાથે મારે તેત્રીસ વર્ષથી મિત્રતા હતી. એ પણ જો મારો ખુલાસો ન માને તો પછી મારી વાત કોણ માને? ટાઇમ્સમાં છપાયું હતું કે ડૉ. ગ્રોપિયસે મને–એટલે કે આ બીજા કોઈ ભેદી શંકુને બચાવી લીધો હતો. ગ્રોપિયસને હું ઓળખું છું. સાત વર્ષ પહેલા બગદાદમાં એક આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સંમેલનમાં એની સાથે ઓળખાણ થએલી. મને એ ઓછાબોલો સીધો માણસ લાગ્યો હતો. સમરવિલની સાથોસાથ એને પણ મેં એક પત્ર લખ્યો છે. આટલી અસહાયતા મેં ક્યારે ય અનુભવી નથી. શું બાકીની જિંદગી મારે આ ગંદા કલંકના બોજ તળે ગિરીડીમાં કોઈ ગુનેગારની જેમ જ વિતાવવી પડશે?

૨૧મી જૂન

આજે ગ્રોપિયસનો પત્ર મળ્યો. અત્યંત જરૂરી પત્ર. આજે જ ઈન્સબ્રુક જવાની વ્યવસ્થા કરવી પડશે.

ટાઈમ્સનો અહેવાલ વાત વધારીને લખાએલો નથી એ ગ્રોપિયસના પત્ર પરથી જણાઈ આવે છે. તેના જણાવ્યા પ્રમાણે રુમાનિયાના માઇક્રોબાયૉલૉજિસ્ટ જ્યૉર્જ પોપેસ્કુએ મારા પર ખુરશી ફેંકી હતી. એન્ઝાઈમ વિષેની એમની મહામૂલી શોધને મેં બેકાર કહીને ઉડાવી દીધી હતી એટલે અત્યંત સ્વાભાવિક છે કે તેઓ ખૂબ ઉશ્કેરાઈ ગયા હતા. ગ્રોપિયસ મંચ ઉપર મારી પાસે જ બેઠા હતા. એણે મારો હાથ પકડી લઈ જોરથી એક તરફ ખેંચી મને ખુરશીના ઘાથી બચાવી લીધો હતો, અને ખુરશી એક માઇક્રોફોન પર પડતાં એ તૂટી ગયું હતું તથા ટેબલ પર પડેલા પાણીના બે ગ્લાસ પણ ફૂટી ગયા હતા. ગ્રોપિયસે લખ્યું છે: '...હાથ પકડીને મેં તમને એક તરફ ખેંચી લીધા અને ઉશ્કેરાઈ ગએલા અનેક વિજ્ઞાનીઓની વચ્ચેથી મહામહેનતે હું તમને લાઈવનિત્સ હૉલની બહાર લઈ આવ્યો. એ વખતે તમને ઝાલી રાખવા એ મારા માટે મુશ્કેલ હતું એટલા તમે ઉશ્કેરાઈ ગયા હતા. બહાર મારી ગાડી ઊભી હતી તેમાં જેમતેમ કરીને તમને બેસાડીને મેં ગાડી મારી મૂકી. તમારો હાથ પકડયો ત્યારે જ તમારું શરીર તાવથી ધગધગતું લાગતું હતું. મારો ખયાલ તમને હૉસ્પિટલમાં લઈ જવાનો હતો, પણ એકાદ કિલોમીટર દૂર ચાર રસ્તા પર ટ્રાફિક લાઈટને કારણે ગાડી ઊભી રાખવી પડી ને એ જ વખતે તમે મોટરનું બારણું ખોલીને નાઠા. એ પછી મેં તમારી બહુ શોધ કરી પણ તમે ક્યાંય મળ્યા નહિ. તમારા પત્ર પરથી જણાયું કે તમે સ્વદેશ પહોંચી ગયા છો. વિદેશી વિજ્ઞાનીઓના સમાજમાં તમારા અપમાનજનક ભાષણના કારણે તમારા નામ પર જે કલંક લાગ્યું છે તે કઈ રીતે દૂર થશે તે ખબર નથી. પણ જો તમે એક વાર ઈન્સબ્રુક આવો તો નિષ્ણાત ડૉકટરને બતાવીને તમારું નિદાન કરાવીએ. તેમ કરતાં તમને મગજ કે સ્નાયુની કોઈ બીમારી હોવાનું જણાય તો તે દિવસની ઘટના માટે સ્પષ્ટ કારણ મળી જાય. જે તમારા નામને લાગેલ બટ્ટાને દૂર કરવામાં સહાયક બની શકે. અને જો ખરેખર કોઈ બીમારી હશે તો ઈન્સબ્રુકમાં ઈલાજ અંગે કોઈ કમી નહિ રહે.'

પત્ર સાથે ગ્રોપિયસે ઈન્સબ્રુકના કોઈ અખબારમાંથી તે દિવસની ઘટનાનો એક ફોટો પણ મોકલ્યો હતો. તેમાં ગભરાએલો ગ્રોપિયસ 'મારી' પીઠ પર હાથ મૂકી 'મને' એક તરફ ખેંચી જતો દેખાતો હતો. ફોટોમાં જે 'હું' હતો તેના અને મારા વાસ્તવિક દેખાવમાં તો મને કોઈ ફરક જણાયો નહિ, સિવાય કે મારાં ચશ્માં. ફોટોમાં એ મારા ચહેરા પરથી નીકળી પડવાની તૈયારીમાં દેખાતાં હતાં. પણ એના કાચ સ્વચ્છ નહિ, પરંતુ ધૂંધળા દેખાતા હતા એવું મને લાગ્યું. ફોટોમાં ટેબલ પાછળ 'મારી' બંને બાજુ બેઠેલી વ્યક્તિઓમાંથી બીજા બે જણને પણ હું ઓળખી શકયો. એક હતા રશિયન સાયન્ટિસ્ટ ડૉ. બૉટોકિન અને બીજા ઈન્સબ્રુકના જ યુવાન પુરાતત્ત્વવિદ્ પ્રો. ક્રિકેલસ્ટાઈન. ફોટોમાં તેમના બંને હાથ મારા તરફ લંબાએલા દેખાતા હતા. કદાચ એ પણ મારા પર હુમલો કરવા ચાહતા હતા!

આખો દિવસ મેં ગંભીરતાથી વિચારી જોયું. મને લાગે છે કે મારે ઈન્સબ્રુક તો જવું જ પડશે. પેલા જ્યોતિષીની વાત યાદ આવી ગઈ. એણે કહેલું કે મારા એ પરમ શત્રુનો હું સંહાર નહિ કરું ત્યાં સુધી મારો છુટકારો નહિ થાય. મારું મન કહે છે કે એ વ્યક્તિ હજી યે ઈન્સબ્રુકમાં જ છુપાએલી હશે. હવે તો તેને શોધી કાઢવી એ જ મારું એકમાત્ર લક્ષ્ય છે.

સમરવિલને મેં મારો ઇરાદો જણાવી દીધો છે. જોઇએ શું થાય છે!

૨૩મી જૂન

આજે નવેસરથી મારા મનમાં ડર પેદા થઈ રહ્યો છે. મારી રોજનીશીમાંથી પાછલા ત્રણેક મહિનાની નોંધો હું તપાસી રહ્યો હતો. તેમાં મે મહિનાની ત્રીજી તારીખથી બાવીસ તારીખ સુધીમાં કોઇ એન્ટ્રી જ નથી. આ કંઈ અસ્વાભાવિક નથી. કારણ ઉલ્લેખ યોગ્ય કંઈ ન બને તો હું તે દિવસે કશી નોંધ લખતો નથી. પણ કદાચ ખરેખર મને ઈન્સબ્રુકથી આમંત્રણ મળ્યું હોય, હું ત્યાં ગયો પણ હોઉં, મેં ત્યાં મને બદનામ કરનારું વક્તવ્ય કર્યું પણ હોય અને જો પછી ત્યાંથી હું પાછો અહીં આવી ગયો હોઉં અને આ સમગ્ર ઘટના મારી યાદદાસ્તમાંથી સદંતર નીકળી જ ગઈ હોય તો! આ કલ્પનાએ મને બેચેન બનાવી દીધો. મગજની કોઈ સામયિક બીમારીથી આવી વિસ્મૃતિ સંભવિત છે? આનો ઉત્તર તો સહેલાઈથી મળી શકે, પણ દુઃખ તો એ વાતનું છે કે જેમને પૂછી જોતાં મારા આ પ્રશ્નનો ઉકેલ મળી શકે તે બંને જણ હાલ અહીં ગિરીડીમાં હાજર નથી. મારો નોકર પ્રહ્લાદ છેલ્લા બે માસથી રજા લઈ પોતાને વતન ગયો છે. બદલીમાં એ જેને અહીં રાખી ગયો છે એ છેદીલાલને પૂછયું: 'ગયા મહિને ગિરીડી છોડીને હું કયાંય બહાર ગયો હોઉં એવું તને કંઈ યાદ છે?' ત્યારે ભવાં ચડાવી એણે જવાબ આપ્યો: 'તમને જૈયે યાદ નથી બાબુ, તેં મુને ચ્યાંથી યાદ રે?' મારી જ ભૂલ છે. આવી વાત કોઇને પુછાય? એક જણને પૂછી શકત: મારા મિત્ર અવિનાશબાબુને. પણ એ તો ગયા શુક્રવારે પોતાના ભાણેજના લગ્નમાં ચાઈબાસા ગયા છે. ઈન્સબ્રુકથી આવેલો કોઈ પત્ર પણ મારી ફાઈલમાંથી નીકળ્યો નથી. આશા રાખું છું કે મારી શંકા અસ્થાને હોય!

છઠ્ઠી જુલાઇએ હું ઈન્સબ્રુક જવાનો છું. જોઉં નસીબમાં શું લખાયું છે!

૭મી જુલાઈ

ઈન્સબ્રુક. બપોરના ચાર. વિયેનાથી ટ્રેન પકડી સવારે દસ વાગ્યે હું અહીં આવી પહોંચ્યો છું. ફોટો સાથે નકલી શંકુનું ભાષણ અહીંના છાપામાં છપાવાનું જે પરિણામ આવ્યું છે તેની ખબર શહેરમાં પગ મૂકતાં જ પડી ગઈ. એક પછી એક એમ ત્રણ હોટેલોમાં ગયો, પણ ત્યાં મને ઉતારો ન મળ્યો. ત્રીજી હોટેલમાંથી બહાર આવી ટૅક્સીમાં બેસવા ગયો તો મને જોઇને તેના ડ્રાઈવરે પણ માથું ધુણાવી ના પાડી દીધી. અંતે હાથમાં બૅગ ઉપાડી લગભગ પોણા કલાકની ટાંટિયાતોડ કરી તે પછી એક ગલીમાં મુસાફરખાના જેવી એક નાનકડી મામૂલી હોટેલમાં મને સ્થાન મળ્યું. એના માલિકનાં જાડાં કાચનાં ચશ્માં જોઈ લાગ્યું કે કદાચ એને બરાબર દેખાતું નહિ હોય અને એટલે જ મારી મહેમાનગીરીમાં એને ત્યાં ખાસ કંઈ કમી દેખાતી નથી. પણ આ રીતે છુપાઈ રહેવાથી મારા કામમાં ખૂબ અગવડ પડશે એવું લાગે છે.

આજે રાતે સમરવિલ પણ અહીં આવશે. ગિરીડીથી મેં એને જાણ કરી હતી કે હું ઈન્સબ્રુક આવું છું. અને અહીં આવીને ફોન પણ કર્યો છે. પોતાને જરૂરી કામ હોવા છતાં એણે અહીં આવવાનું વચન આપ્યું છે.

ગ્રોપિયસને પણ ફોન કર્યો હતો ને અત્યારે સાડા પાંચ વાગ્યે એને મળવાનું છે. એ અહીંથી દસેક કિલોમીટર દૂર રહે છે. મને લઈ જવા એ પોતાની ગાડી મોકલશે.

બીજા એક જણને પણ ફોન કર્યો છે. એ છે પ્રો. ક્રિકેલસ્ટાઈન. એ આટલામાં જ ક્યાંક રહે છે. માત્ર ગ્રોપિયસ પાસેથી જ પેલી બદનામ ઘટનાનું વર્ણન-વિવરણ સાંભળ્યે નહિ ચાલે. ક્રિકેલસ્ટાઈન સાથે પણ એ વિષે વાત કરવી મને જરૂરી લાગે છે. સજ્જન પોતે તો ઘેર નહોતા. નોકરે ફોન લીધો હતો. મારો નંબર એને આપ્યો છે અને તેઓ આવે ત્યારે ફોન કરાવવા કહ્યું છે.

ઈન્સબ્રુક શહેર પર વિશ્વયુદ્ધ દરમિયાન ઘણો વિનાશ વેરાયો હતો. પણ હવે બધું ફરી નવેસરથી ઊભું થઈ ગયું છે અને આસપાસની પહાડીઓને કારણે શહેર અત્યંત સુંદર લાગે છે. જો કે એ સુંદરતાને માણવા જેવી મારા મનની સ્થિતિ નથી. હાલ તો મારું એક જ લક્ષ્ય છે કે પેલા જ્યોતિષીના કહેવા પર વિશ્વાસ મૂકીને મારા છુટકારાનો માર્ગ ખોળવો.

તા. ૭મી જુલાઈ - રાતના સાડા દસ

ગ્રોપિયસ સાથેની મુલાકાતની નોંધ બરાબર ગોઠવીને લખવા

પ્રયત્ન કરું છું. પાંચ વાગવાને થોડી વાર હતી ત્યાં મારી આ ઍપોલો હોટેલના એક છોકરાએ આવીને ખબર આપ્યા કે હેર પ્રોફેસર શંકોર માટે હેર ડૉક્ટર ગ્રોપિયસે ગાડી મોકલી છે. આ ગાડીનો દેખાવ જોઇને મને થોડી નવાઈ લાગી. એક જમાનામાં એટલે કે ત્રીસેક વર્ષ પહેલાં આ ગાડી દેખાવડી ગણાતી હશે, પણ આજે એની હાલત જર્જરિત ખટારા જેવી થઈ ગઈ હતી. ગ્રોપિયસ શું નિર્ધન હતો કે લોભી?

પાંચ વાગતાં ગ્રુનેવાલ્ડ સ્ટ્રાસ પહોંચી ગયો. આ માર્ગ ઉપર જ ગ્રોપિયસનું ઘર છે. એક પુરાણું ચર્ચ અને કબ્રસ્તાન વટાવી ગાડી ડાબી તરફ એક ગેટમાં દાખલ થઈ. ઘર પણ ગાડી જેવું જ ખખડધજ લાગ્યું. ગેટથી બંગલા સુધીના માર્ગની બંને બાજુના બગીચાની હાલત પણ વેરાન જેવી હતી. ઝાડીઝાંખરાંવાળા જંગલ જેવા એ બગીચો અડોશ-પડોશના હરિયાળા બગીચાની વચ્ચે વરવો લાગતો હતો.

ગ્રોપિયસને પણ મેં બગદાદમાં જોએલો તેના કરતાં હાલમાં તેનું શરીર સાવ લથડી ગયા જેવું લાગતું હતું. સાત વર્ષમાં તે આટલો બધો બુઢ્ઢો ન દેખાવો જોઈએ. કદાચ કોઈ કૌટુંબિક દુર્ઘટના બની હશે. પણ મેં એને એ વિષે કંઈ પૂછયું નહિ, કેમ કે એ પોતાની તંદુરસ્તી અંગે વિશેષ ચિંતિત હોય એમ લાગતું હતું.

બેઠકખંડમાં અમે બંને સામસામા બેઠા પછી બેએક મિનિટ સુધી તો ગ્રોપિયસ મને ટીકીટીકીને જોઈ જ રહ્યો. અંતે મારે જ સહજ બની પૂછવું પડયું : 'હું જ એ શંકુ છું એમ લાગે છે કે નહિ?'

ગ્રોપિયસે કશો ઉત્તર ન આપ્યો એટલે હું મૂંઝાવા લાગ્યો. અંતે એણે કહ્યું : 'ડૉક્ટર વેબર આવે છે. તેઓ તમને તપાસી જોશે. તે દિવસે હું તમને વેબરના ક્લિનિકમાં જ લઈ જતો હતો, પણ તમે મને એ તક જ ન આપી. માનું છું કે આ વખતે એવું નહિ કરો. એક માત્ર હું જ એમ માનું છું કે તે દિવસે તમે અસ્વસ્થ હતા અને એટલે જ એવું બધું બોલ્યા હતા. બીજા જે સૌ હાજર હતા તેઓ આ વાત માનવા તૈયાર નહોતા. આજ પણ તમે હાથમાં આવો તો તેઓ તમને ખોખરા કરી નાખે તેમ છે. પણ વેબરની પરીક્ષા પછી જો નક્કી થાય કે તમને માનસિક બીમારી છે, તો કદાચ તેઓ તમને માફ કરવા તૈયાર થાય, એટલું જ નહિ ઉપચાર કરવાથી જો તમે ફરી સાજા થઈ જાઓ તો ફરી તમારી નામના પણ પાછી મળી શકે. મેં સ્પષ્ટ કહ્યું કે છેલ્લાં ચાળીસ વર્ષમાં હું એક દિવસ માટે પણ બીમાર પડયો નથી. મને કોઈ પણ પ્રકારની શારીરિક કે માનસિક બીમારી હોવાની જાણ નથી.

'તો શું તમે એમ કહેવા માગો છો કે આટલા બધા વિખ્યાત વિજ્ઞાનીઓ—શિમાનો ફૉસ્ક, રિટર, પોપેરકુ અલ્ટમન, સ્ટ્રાઈખર, એ તો ઠીક, હું પોતે પણ—અમારા બધા વિષે શું તમે ખરેખર આવો હલકો અભિપ્રાય ધરાવો છો?'

હું શકય એટલી શાંતિ રાખી બોલ્યો : 'ગ્રોપિયસ, હું માનું છું કે મારા જ જેવો દેખાતો કોઈ બીજો માણસ છે જેણે સ્વેચ્છાએ યા બીજા કોઈની ચડવણીથી મને ઉતારી પાડવા માટે આવો પેંતરો રચ્યો હશે.'

'તો પછી એ માણસ કયાં છે? તે દિવસે મારી ગાડીમાંથી ઊતરી પડીને એ આ શહેરમાંથી કયાં અદૃશ્ય થઈ ગયો? તમારી પાસે પાસપોર્ટ હતો, ટિકિટ પણ હતી. તમે સીધા પ્લેઈન પકડી દેશ પાછા જઈ શકો, પણ એક નકલી, બનાવટી આદમી માટે અચાનક શહેર છોડીને જવું સરળ નથી.'

'પણ મને ખાતરી છે કે એ માણસ હજી યે આ શહેરમાં જ હશે. એમ પણ બને કે એ એક અ-ખ્યાત વિજ્ઞાની હોય. એણે મને ઘણી જગ્યાએ જોયો હોય. મારાં ભાષણો પણ સાંભળ્યાં હોય. એ તો લાગે જ છે કે મારામાં અને એનામાં કંઈક સામ્ય હશે, અને બાકીનું મેક-અપ વડે બનાવી લીધું હોય.'

ગ્રોપિયસનો નોકર હૉટ ચૉકલેટ આપી ગયો. નોકરની સાથે એક કૂતરો પણ ખંડમાં આવ્યો. પિન્શર ડોબરમૅન જાતનો એ લાગતો હતો. મને જોઈ એ પૂછડી પટપટાવતો મારી પાસે આવ્યો અને આવીને મારું પૅન્ટ સૂંઘવા માંડયો. પણ એ પછી તુરત મારા મોં ભણી જોઈ બેત્રણ વાર ગર્ર્ ગર્ર્ કરી ઘુરકયો. આ જોઈ ગ્રોપિયસે એને બે વાર 'ક્રિકા, ક્રિકા' કહી ધમકાવ્યો કે તુરત એ મારી પાસેથી ખસી થોડે દૂર જઈ બેસી ગયો. પણ તે પછી યે એની કંઈક વ્યગ્ર લાગતી નજર તો મારી તરફ જ મંડાએલી રહી હતી. 'તમે અહીં આવ્યા છો એની બીજા કોઇને ખબર છે કે?' ગ્રોપિયસે પૂછયું.

'ઈન્સબ્રુકમાં મારા એક ઓળખીતા છે. તેમને મેં આવીને ફોન કર્યો હતો. તેઓ પોતે ઘેર નહોતા એટલે એમના નોકરને મેં મારો ફોન નંબર આપ્યો છે.' 'કોણ છે એ?'

'તેઓ પણ પ્રોફેસર શંકુના ભાષણ વખતે હાજર હતા. તમે મોકલાવેલા ફોટામાં તેમને મેં જોયા હતા.' મેં જરા હસીને કહ્યું.

'કોની વાત કરો છો તમે?' ગ્રોપિયસે ભવાં સંકોચીને પૂછયું.

'પ્રોફેસર ક્રિકેલસ્ટાઈનની.' 'ઓહ, આઈ સી!'

પણ નામ સાંભળીને ગ્રોપિયસ લગીરે ખુશ થયો હોય એવું લાગ્યું નહિ. અર્ધીએક મિનિટ ચૂપ રહી મારી તરફ સીધી નજર નાખી એણે પૂછયું: 'આ ક્રિકેલસ્ટાઈનની શોધ માટે તે દિવસે તમે શું બોલ્યા હતા એ તમને યાદ છે?' મેં ન છૂટકે માથું ધુણાવી ના કહી.

'જો તમને યાદ હોય તો એને ફોન ન કરત. તમે કહેલું કે એક ત્રણ વર્ષના બાળક કરતાં એનામાં વધુ અક્કલ નથી.'

મારું હૃદય કંપી ઊઠયું. જો કે મને પૂરેપૂરી ખાતરી છે કે આવા ઘેલછાભર્યા ભાષણ માટે હું જવાબદાર નથી જ. પણ જો અહીંના લોકો ખરેખર એમ જ માનતા હોય કે એવું અપમાનજનક વક્તવ્ય કરનાર હું જ—એટલે કે અસલ શંકુ જ છું તો તો પછી મારી મુશ્કેલીનો અંત આવે એમ નહોતો. ત્યારે શું આ ગ્રોપિયસ સિવાય હું કોઈના યે ઉપર વિશ્વાસ રાખી શકું તેમ નહોતો?

એટલામાં એક ગાડી આવ્યાનો અવાજ સંભળાયો.


'વેબર આવી ગયો લાગે છે.' ગ્રોપિયસ બોલી ઊઠયો.

મને આ ડૉ. વેબર સારો માણસ ન લાગ્યો. જર્મનોની સરખામણીમાં ઑસ્ટ્રીઅનોના સ્વભાવમાં જે નરમી, જે મુલાયમતા હોય છે તે આનામાં પણ હતી જ, પણ મને એની માત્રા જરા વધુપડતી લાગી. એના મોં પર એકાએલું સરળ રહસ્ય પણ જાણે કૃત્રિમ લાગતું હતું. એની હાજરી મને અકળાવતી લાગી.

અર્ધાએક કલાક સુધી વેબરે જાતજાતના સવાલો પૂછી મને તપાસ્યો. મેં એ બધું સહી પણ લીધું. જતી વેળા એણે મને કહ્યું : 'ગ્રોપિયસ તમને લેવા પોતાની ગાડી મોકલશે. કાલે સવારે ગોટક્રિટ સ્ટ્રાસમાં મારા ક્લિનિકમાં આવજો. ત્યાં બધાં સાધનો છે. તમને ફરી સાજા કરવા એ મારા માટે એક ચૅલેન્જ બની ગઈ છે.'

'તારા કરતાં હું દસગણો સ્વસ્થ અને તંદુરસ્ત છું તેં તો એક મહિનાથી તારા નખ પણ કાપ્યા લાગતા નથી. તારા હોઠ ઉપર સિગારેટનો કાગળ ચોંટેલો છે અને બોલતાં બોલતાં તારી જીભ થોથવાય છે. તું શું મારા મગજની બીમારીનો ઈલાજ કરવાનો?' આ બધું હું મનોમન બોલેલો, તેને સંભળાય તેમ નહિ.

વેબરને એની ગાડી સુધી વળાવવા ગ્રોપિયસ પણ તેની સાથે બેઠકખંડની બહાર ગયો. એને પાછા ફરતાં વાર થતી જોઈ મેં એ ખંડમાં આંટા મારવા માંડયા. અભરાઈ પર એક ફોટો આલ્બમ હતું તે ઉપાડી મેં તેનાં પાનાં ઉથલાવવા માંડયાં. તેમાં એક ફોટોમાં હું પણ હતો. જો કે મારા સંગ્રહમાં એ ફોટો નથી, પણ મને (અનુસંધાન પૃ. ૧૯૮)



ગુલમહોર

લેખક · શંકરદેવ વિદ્યાલંકાર

ઉનાળાના તાપમાં તપતી ડામરની સડકો પર તેની બંને બાજુએ ઉગાડેલાં ગુલમહોરની, છત્રી જેમ ફેલાતી છટાની શીળી છાયા તન-મનને અજબ શાતા તો આપે જ છે, પરંતુ પાનખર પછી ધીરે-ધીરે તેના પર ખીલવા લાગતાં ચટકદાર રક્તકેસરી ફૂલઝૂમખાંથી એ વૃક્ષની, અને એના થકી એ માર્ગની શોભા ઓર વૃદ્ધિ પામે છે. ઉનાળામાં મ્હૈસુર શહેરના માર્ગો જેમણે જોયા હશે તેઓને ગુલમહોરની આ રંગભભકના પ્રભાવનો અનુભવ અચૂક યાદ હશે. એની આ રંગમોહિનીના કારણે માર્ગો જ નહિ, ઉદ્યાન-ઉપવનો અને ઘરના બગીચાઓમાં પણ ગુલમહોર ઉગાડાય છે. આમ, આ પુષ્પવૃક્ષ આજે તો ભારતભરમાં જાણીતું છે. પણ સો-સવાસો વર્ષ પહેલાં આ સ્થિતિ નહોતી. કારણ ગુલમહોર અસલમાં આ દેશનું વૃક્ષ નથી.

ઑસ્ટ્રીઅન વનસ્પતિશાસ્ત્રી વેંઝેલ બોજર (Wenzel Bojer—૧૭૯૭–૧૮૫૯)ને પોતાની વિવિધ વૃક્ષ-સંચયની યાત્રા દરમિયાન ઈ. ૧૮૨૮માં માડાગાસ્કર (આજના માલાગાસી) ટાપુમાંથી આ સુંદર વૃક્ષ મળી આવ્યું હતું. બોજર એને મોરિસ્યસ ટાપુમાં લઈ આવ્યા અને ત્યાંથી એ હિંદુસ્તાનમાં આવ્યું અને આજે દેશભરમાં જાણીતું થઈ ગયું છે. મૂળ એ ઉષ્ણ કટિબંધના ગરમ પ્રદેશનું વૃક્ષ હોઈ ભારતની આબોહવા એને માફક આવી ગઈ છે અને ચોપાસ ફેલાવાની તેની ખાસિયત તથા તેનાં પુષ્પોની રંગભભકને કારણે એ સારી એવી લોકપ્રિયતા પામ્યું છે.

બૉમ્બે સિટી ગૅઝેટીઅરની નોંધ પ્રમાણે ઈ. ૧૮૪૦માં સિવરી (મુંબઇ)માં પહેલવહેલાં ગુલમહોરનાં ઝાડ ઉગાડવામાં આવેલાં. એના અંગ્રેજી નામ 'પીકૉક ફ્લાવર' પરથી એનું એક દેશી નામ 'ગુલમોર' પડી ગયુ હશે એમ મનાય છે. પણ મોટે ભાગે એ 'ગુલમહોર' કહેવાય છે. એમાં મહોર એટલે સોનામહોર જેવાં ચમકદાર ને છેડેથી ગોળ પાંખડીવાળાં પુષ્પોવાળું એવો અર્થ અભિપ્રેત છે. આ પરથી અંગ્રેજીમાં એનું એક બીજું નામ 'રૉયલ ગોલ્ડ મોહર' પણ છે. આ ઉપરાંત 'ફ્લૅમબૉયન્ટ', 'ફાયર ટ્રી' અને 'ફ્લેમટ્રી' નામે પણ એ ઓળખાય છે જે એનાં પુષ્પોની ભભક પરથી પ્રેરિત હશે એમ સહેજે સમજી શકાય છે.

સત્તરમી સદીમાં વેસ્ટ ઇંડિઝના એન્ટીલાસ પ્રદેશના ગવર્નર દ પોઈન્સી એક અચ્છા વનસ્પતિવિજ્ઞાની પણ હતા. એમના માનમાં ગુલમહોરનું વૈજ્ઞાનિક નામ 'પોઇન્સિયાના રેજિયા બોજર' રાખવામાં આવ્યું છે.

ગુલમહોરનાં પાન આમલીનાં પાન જેવાં સંયુક્ત હોય છે. એના એક પક્ષકમાં ૨૦-૩૦ નાનીનાની પત્તીઓ હોય છે. પાનખર ઋતુ આવતાં આ બધાં પાન ખરી પડે છે અને પછી લગભગ પર્ણહીન બની ગએલા વૃક્ષ પર એપ્રિલથી જૂન દરમિયાન એની શાખાઓ અને શાખાઓના અગ્રભાગમાં આછા નારંગી યા ઘેરા લાલ રંગનાં પુષ્પો ખીલે છે. કોઈ કોઈ વૃક્ષો પર વર્ષા ઋતુમાં પણ ફૂલો આવે છે. આ પુષ્પોમાં સુગંધ હોતી નથી પણ હથેળી જેટલા ઘેરાવાવાળાં એ ફૂલોની છેડે ચટકીલા રંગની પાંચ ગોળાકાર પાંખડીની રંગભભક તેની ગંધવિહીનતાને ક્ષમ્ય બનાવી દે છે. રાંચી (બિહાર)ની લાખ વિષે સંશોધન કરતી સંસ્થામાં આથીયે મોટાં પુષ્પોવાળા ગુલમહોરની એક જાત ઉછેરવામાં આવી છે.

આ પુષ્પો ખરી ગયા પછી ગુલમહોર પર ૧૨-૧૪ ઇંચ લાંબી અને અઢી ઇંચ પહોળી શીંગો આવે છે, જે શરૂઆતમાં લીલી પણ પાકટ થતાં તપખીરિયા રંગની અને મજબૂત બની જાય છે. આમ, ગુલમહોર એ શિંબી વર્ગનું વૃક્ષ હોઈ એનો પ્રસાર એનાં બીજ રોપીને કરાય છે. વરસાદ પડતાં જ એ બીજ રોપવામાં આવે છે. ગુલમહોર બહુ વેગથી વધે છે, એટલે રોપ્યા પછી ચોથા-પાંચમા વર્ષે તો એને પુષ્પ આવતાં થઈ જાય છે. મૂળ ઉષ્ણપ્રદેશનું વૃક્ષ હોઈ ઠંડા હવામાનમાં એનો વિકાસ શક્ય નથી. હિમપાત અને ધુમ્મસને એ સહન કરી શકતું નથી. એનું કાષ્ઠ હલકા પ્રકારનું હોઈ ઇંધન સિવાય એનો બીજો કોઈ ઉપયોગ નથી.

પોઈન્સીઆના ઇલેટા (Poinciana Eleta) નામે ગુલમહોરનો એક બીજો પ્રકાર પણ ભારતમાં થાય છે. અરબ લોકો ઍબિસીનિયાથી એને અહીં લાવ્યા હતા. ઈન્ડો ચાઈનામાં પથવૃક્ષ તરીકે એનો બહોળો ઉપયોગ થાય છે. ૨૦થી ૩૦ ફૂટ ઊંચી વધતી આ જાતનાં પાન ચારથી આઠ ઇંચ લાંબાં અને ફેબ્રુઆરી-માર્ચમાં ખીલતાં એનાં ફૂલ લાલના બદલે શ્વેતરંગનાં હોય છે જે પછીથી પીળાં પડી જાય છે. એની શીંગો ૫-૭ ઈંચ લાંબી અને તેમાં ૪-૮ જેટલાં બીજ હોય છે. સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશમાં આ જાત જોવા મળે છે. મદ્રાસ તરફ એનાં પાન ખાતર તરીકે વપરાય છે. એનું લાકડું પીળું હોય છે ને સામાન્ય પેટી ખોખાં બનાવવામાં વપરાય છે.

પેલ્ટોફોરમ પ્ટેરોકેરમ (Peltophorum-Pterocarum)નામની અને અંગ્રેજીમાં 'રસ્ટી શીલ્ડ-બેરર' તથા 'કૉપર પૉડ' નામે ઓળખાતી ગુલમહોરની પીળાં ફૂલવાળી એક જાત છે. એપ્રિલના અંતમાં આ વૃક્ષ પુષ્પોથી છવાઈ જતું હોઈ એના પ્રતિ સહેજે લક્ષ દોરાય છે.

મલાયા દ્વીપકલ્પ અને શ્રીલંકાથી આ વૃક્ષ ભારતમાં આવ્યું હતું અને સૌ પ્રથમ કલકત્તાની સરકારી વનસ્પતિ-વાટિકામાં મોલક્કા(મલાયા) થી મંગાવેલાં બીજ રોપીને એને ઉછેરવામાં આવ્યું હતું. છેલ્લાં પચાસેક વર્ષમાં તો એ છેક પશ્ચિમ ભારત સુધી પહોંચી જઈ લોકપ્રિય બની રહ્યું છે. પથવૃક્ષ તરીકે આ પીળો ગુલમહોર પણ ઉપયોગી છે. પાન ખરી ગયા પછી ફેબ્રુઆરીથી આરંભી એપ્રિલ સુધીમાં તો એ પીળાં પુષ્પોથી છવાઈ જાય છે. એની શીંગો બે-પાંચ ઈંચ જેટલી જ લાંબી અને ઘેરા તામ્રવર્ણી હોય છે. વૃક્ષ ઉપર તે ક્યારેક એકાદ વર્ષ સુધી લટકતી રહે છે. મુંબાઈ આસપાસનાં કેટલાંક સ્થળે પીળા ગુલમહોર પર વર્ષાના અંત સુધી ફૂલો ખીલતાં રહે છે. વર્ષાના આરંભમાં જ એનાં બીજ રોપીને ક્યારીઓ કે કૂંડામાં તૈયાર કરેલા રોપ બેએક મીટર ઊંચાં વધે ત્યારે ઇચ્છિત સ્થાને તેને લગાડવામાં આવે છે. □

વિનોદ ભટ્ટ

○ એક મિત્ર રતિલાલ બોરીસાગરની નજરે ○

શ્રી જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ એમની હાસ્યનવલકથા 'અમે બધાં'માં કહ્યું છે કે 'વહુની પેઠે સર્વાંગસુંદર અને સર્વગુણસંપન્ન નામ મળવું અશક્યવત્ છે.' વહુની બાબતમાં તો આ વાત સંપૂર્ણપણે સાચી છે એ પરણેલો દરેક પુરુષ જાણે છે. એ જ રીતે જો કે નામ પ્રમાણે ગુણ ધરાવતી વ્યક્તિ પણ સમાજમાં ભાગ્યે જ જોવા મળે છે. આમ છતાં, નામની બાબતમાં કોઈ કોઈ વાર સુખદ અકસ્માત થાય છે ખરો. વિનોદ ભટ્ટનું નામ આવો એક સુખદ અકસ્માત છે. વિનોદનું નામ પાડનાર વ્યક્તિ ખરેખર આર્ષ દૃષ્ટિવાળી હોવી જોઈએ. પુત્રનાં લક્ષણ એને પારણામાંથી વરતાઈ આવ્યાં હોવાં જોઇએ. વિનોદે પણ એનું નામ પાડનારને, એને પોતાને ય કલ્પના નહિ હોય તેટલી હદે સાચા પાડ્યા છે.

રમૂજી અને હસતા રહેતા ઘણા માણસોના પરિચયમાં હું આવ્યો છું, પણ વિનોદ જેટલું હસતાં મેં કોઈને જોયા નથી. આપણને ઈર્ષ્યા થાય એટલું એ હસે છે. હસે છે એટલું જ નહિ પણ તમારું સમગ્ર ચિત્તતંત્ર પ્રસન્ન પ્રસન્ન થઈ જાય એટલું એ હસાવે પણ છે. તમારામાં 'સેન્સ ઑાવ હ્યુમર'નો અભાવ ન હોય તો તમારી પાસેથી કશો પણ ચાર્જ લીધા વિના તમે જેટલો વખત એની સાથે રહો એટલો વખત એ તમને સતત હસાવ્યા જ કરશે. ટુચકાનો તો આ માણસ પાસે ભંડાર ભર્યો છે. ટુચકો કહેવાની શૈલી પણ સરસ—કલાક બે કલાકમાં તો તમને હળવાફૂલ બનાવી દે. બોલીને હસાવતો વિનોદ અને લખીને હસાવતો વિનોદ બંને જુદી જ વ્યક્તિ લાગે. લખે ત્યારે સર્જકતા સાથે કામ પાડી રહ્યાની ગંભીરતા ખરી, પણ બોલીને હસાવતી વેળા તો ખાસ કશો ભાર જ નહિ; બસ, હસવું-હસાવવું એ જ ધ્યેય. તમને જો એનો ઘનિષ્ઠ પરિચય ન હોય તો તમને એમ જ લાગે કે 'ગંભીરતા' જેવો શબ્દ આ માણસના જીવનકોશમાં મૂકવાનો જ રહી ગયો છે.

એ આટલું હસી શકે છે એનું કારણ મને એ લાગે છે કે એ પોતે 'વિનોદ ભટ્ટ'ના નામથી કદી અંજાયા નથી. ગરીબાઈમાંથી ધીમેધીમે આગળ વધી ખાધેપીધે સુખી થનાર માણસ પોતાના આગલા દિવસો યાદ રાખી અભિમાનથી અળગો રહે તેમ હાસ્યસાહિત્યના ક્ષેત્રે સર્જકતાનાં ઊંચાં શિખરો આંબવાનું ગજું બતાવનાર વિનોદ પોતે 'જોક્સ'ના સંગ્રહો પ્રસિદ્ધ કરીને પોતાની સાહિત્યયાત્રા આરંભી હતી એ વાત કદી ભૂલતા નથી, એટલે એમનો અવાજ કીર્તિના ભાર નીચે દબાએલો હોતો નથી. કોઈ અજાણ્યો વાચક પણ એને પત્ર લખે તો કાળજીથી એ એનો જવાબ આપે છે. પણ તેમ છતાં કોઈ અહમ્‌કેન્દ્રી માણસ સાથે કામ પડ્યું તો એ નમ્રતા ફગાવી દઈ એની સાથે પૂરી અકડાઇથી વર્તશે. બર્નાડ શૉ પણ જો એના સમકાલીન હોય અને એની સાથે વાત કરતાં એમ કહે કે 'હું બર્નાડ શૉ—વિશ્વનો શ્રેષ્ઠ હાસ્ય-કટાક્ષ લેખક', તો એની સાથે એટલી જ અકડાઈથી હાથ મિલાવી વિનોદ એમ કહે કે 'આપની વાત હું સ્વીકારી શકતો હોત તો મને જરૂર આનંદ થાત, પણ મારે ના છૂટકે આપને નારાજ કરવા પડે છે. વિનોદ ભટ્ટ નામનો લેખક જો ન જન્મ્યો હોત તો આપ આ દાવો જરૂર કરી શક્યા હોત. આમ છતાં જાહેરમાં આપની આ વાતનો વિરોધ નહિ કરવાનું પ્રૉમિસ આપવામાં મને વાંધો નથી.'

એના પ્રસન્ન અને હળવાફૂલ વ્યક્તિત્વનું બીજું એક કારણ એ વ્યક્તિગત રાગદ્વેષથી પર છે એ છે. એના હાસ્ય કટાક્ષમાં લેશમાત્ર ડંખીલાપણું હોતું નથી. કટાક્ષનું હથિયાર વાપરતો લેખક ઘણી વાર કટાક્ષપાત્ર વ્યક્તિથી ઊંચે બેસીને એની નબળાઈઓ જુએ છે. પોતે તો આવી નબળાઇઓથી પર છે એવા ખ્યાલમાં એ રાચે છે. પરિણામે એના કટાક્ષમાં દંશ વરતાય છે. વિનોદના વિનોદનું મુખ્ય શસ્ત્ર કટાક્ષ છે તોપણ એ પોતાની જાતને કટાક્ષપાત્ર વ્યક્તિથી અળગી રાખીને વાત નથી કરતા. જેની સામે એ કટાક્ષોનાં તાતાં તીર ફેંકે છે એ પણ પોતાના જેવો જ એક મનુષ્ય છે એ વાત એ ક્યારેય ભૂલતા નથી. 'વિનોદની નજરે'નાં વ્યક્તિચિત્રો લખવામાં એના આ ગુણની ખરી કસોટી હતી. અને એ કસોટીમાંથી એ લગભગ પૂરા ગુણ સાથે ઉત્તીર્ણ થયા છે એવું હું એના પરીક્ષક તરીકે નિમાયો ન હોવા છતાં કહી શકું.

મિત્રો માટે તો એમના હૃદયમાં અનહદ પ્રેમ છે. મૈત્રીનું વ્યાકરણ આ માણસે બરાબર સિદ્ધ કર્યું છે. એના હૃદયમાં પત્ની(ઓ) પછીનું તરતનું સ્થાન મિત્રોનું છે. [જો કે એમની પત્ની(ઓ) માને છે કે અમારું સ્થાન મિત્રો પછી આવ છે. પત્ની(ઓ)ની વાત ખોટી છે એવું એ પત્ની(ઓ)ને કહે છે અને સાચી છે એવું એ મિત્રોને કહે છે.] મિત્રો માટે એ પોતાનાથી બનતું બધું જ કરી છૂટશે. મિત્રનું નાનકડું એવું કામ હોય તોપણ એ ન થાય ત્યાં સુધી એને ચેન ન પડે. એની સાથે તમે હોટેલમાં જાઓ તો અમદાવાદના વતની હોવા છતાં ચા-નાસ્તાનું બિલ એ જ ચૂકવશે. એનું મિત્રવર્તુળ પણ કેટલું મોટું! આટઆટલા માણસો સાથે એ કેવી રીતે આવો મધુર સંબંધ નિભાવી શકે છે એનું મને હમેશાં આશ્ચર્ય રહ્યું છે. શેખાદમનો પરિચય આપતાં વિનોદે બસકંડક્ટરથી માંડીને નામદાર પોપ સુધીના સૌને ઓળખતા પેલા છગનની વાત કરી હતી અને પછી ઉમેર્યું હતું કે એ છગનનું એક નામ શેખાદમ આબુવાલા છે. આ સાચું છે પણ એ છગનનું એક નામ વિનોદ ભટ્ટ છે એ પણ એટલું જ સાચું છે.

કટાક્ષલેખકમાં હોવો જોઈતો નિર્ભયતાનો ગુણ પણ એ ધરાવે છે. અલબત્ત કોઈ વાર એ વધુ પડતા નિર્ભય થઈ જાય છે ત્યારે એમના કટાક્ષો સામી વ્યક્તિને ઉઝરડા પણ પાડે છે. 'વિનોદની નજરે'નાં બે-ત્રણ વ્યક્તિચિત્રોમાં આવી વધુપડતી નિર્ભયતા એમણે બતાવેલી છે; પણ આવું ક્યારેક જ બને છે. મોટે ભાગે એ નિર્ભયતાની સાથે પ્રમાણભાન પણ દાખવે છે. નિર્ભયતાને કારણે એમના કટાક્ષો ધારદાર હોય છે અને નિર્દંશતાને કારણે એ સમગ્રતયા આસ્વાદ્ય હોય છે. કટોકટીમાં એની નિર્ભયતા કસોટીની સરાણે ચડેલી. કટોકટીએ કટાક્ષની ભરપૂર સામગ્રી પૂરી પાડેલી ને છતાં સેન્સરશિપને કારણે કશું જ પ્રસિદ્ધ કરી શકાતું નહોતું તેથી એ દિવસોમાં એ ભારે અકળામણ અનુભવતા હતા. ઉપરથી નિર્દોષ લાગતાં પણ અંદરથી તીખા વ્યંગવાળાં એમનાં એક-બે લખાણો કટોકટીકાળમાં છપાયાં ત્યારે વિનોદ ભટ્ટને મળવા હવે જેલમાં જવું પડશે એવું મિત્રોને લાગ્યું હતું. સેન્સરશિપને કારણે છાપી શકાતી નહોતી એવી પોતાની કૃતિઓ એ બધાને કહેતા ફરતા. એમાંની એક વાત અત્યારે યાદ આવે છે. આમ તો જોકે એ એક ટુચકો જ છે પણ એ સમયે એ જો છપાયો હોત તો સમયના સંદર્ભમાં એ એક ધારદાર કટાક્ષકૃતિ બની જાત. આ ટુચકો એમણે એ વખતે ઘણાને કહ્યો હતો:

"૧૯૭૫ના ઑગસ્ટમાં દુનિયાભરના ઉત્તમ શસ્ત્રવૈદ્યો (સર્જનો)ની એક પરિષદ ન્યૂ યૉર્કમાં મળી હતી. ચર્ચાનો વિષય હતો: 'મારી દૃષ્ટિએ અઘરામાં અઘરું ઑપરેશન.' કોઈએ હાર્ટના તો કોઈએ બ્રેઈનના ઑપરેશનના અઘરાપણાની વાત કરી. ભારતના પ્રતિનિધિ તરીકે ગએલા ડૉકટરે કહ્યું કે મારા માટે તો હાલ અઘરામાં અઘરું ઑપરેશન ગળા-

ના કાકડાનું છે. ભારત તરફથી આવેલા એક શ્રેષ્ઠ ડૉક્ટરની આવી વાત સાંભળી બધાને બહુ અચરજ થયું. એક ડૉક્ટરે તો વચ્ચે જ ઊભા થઈ કહ્યું: 'અરે શ્રીમાન કાકડાનું ઑપરેશન તો સહેલામાં સહેલું છે. કોઈ માણસ બે મિનિટ માટે એનું મોઢું ઉઘાડે તો હું એના કાકડાનું ઑપરેશન કરી નાખું.' 'ભાઈ' 'ભારતીય ડૉક્ટરે શાંતિથી પણ મક્કમતાથી જવાબ આપ્યો: 'ઑપરેશન તો હું ય એટલી જ વારમાં કરી નાખું પણ મારા દેશમાં આજકાલ કોઈ મોઢું ઉઘાડતું જ નથી એનું શું?' " આવી કૃતિઓ કદાચ આજે પ્રસ્તુત અને એટલી અસરકારક ન લાગે પણ એ સમયના સંદર્ભમાં તો એ ભારે અસર કરનારી નીવડત એમાં શંકા નથી.

બીજાની સામે કટાક્ષનાં આકરાં તીર છોડતો આ માણસ પોતે પાછો બહુ 'ટચી' છે. એને દુભાતાં જરા ય વાર નથી લાગતી. પોતાના પરની રમૂજ એ માણી શકે છે ખરા, પણ પોતાની કૃતિ વિષે કોઈ ઘસાતો અભિપ્રાય આપે તો એને બહુ લાગી આવે છે. એ અભિપ્રાય ધીરજપૂર્વક સાંભળવાનો અને ઉદારતાપૂર્વક સહન કરવાનો મરણિયો પ્રયાસ એ કરે છે ખરા, પણ એની લાગણી ઘવાઇ છે એ વાત અછતી નથી રહેતી. હાસ્ય વિષે બહુ ઊંચી સમજ ન ધરાવતા માણસો નિર્દોષપણે પણ કંઈ અજુગતું કહે છે ત્યારે એ બહુ અકળાઈ ઊઠે છે. "દર રવિવારે 'સંદેશ'માં તમારા ટુચકા વાંચવાની બહુ મજા આવે છે" એવું કોઈ કહે છે ત્યારે અસહ્ય આઘાત લાગવાને કારણે બે-ચાર મિનિટ તો એ કશું બોલી શકતા નથી. એક વાર એક જગ્યાએ એમને બોલવા જવાનું હતું ત્યાં બોર્ડ ઉપર એવું લખેલું કે 'જાણીતા લેખક વિનોદ ભટ્ટ આજે એક હાસ્યાસ્પદ કાર્યક્રમ આપશે'. આ વાંચ્યા પછી વિનોદે પણ તદ્દન સસ્તી રમૂજો કહી બોર્ડ ઉપરના લખાણને સાચું પાડવા પ્રામાણિક પ્રયાસો કરેલા. આમ છતાં કોઈ અધિકારી વ્યક્તિ એની કૃતિનાં વખાણ કરે છે ત્યારે આજેય પ્રિયતમની પ્રશંસા સાંભળી પ્રિયતમાના ચહેરા પર જેમ ખુશીનાં ગુલાબ ખીલી ઊઠે તેમ એનો ચહેરો ખીલી ઊઠે છે, ને એટલે જ પોતાની કૃતિ અધિકારી વ્યક્તિને સંભળાવવાની એને ઉત્કટ ઇચ્છા રહે છે. એની કૃતિઓ આટલી ઊંચી ગુણવત્તાવાળી ન હોત તો એના આ આગ્રહને કારણે એણે ઘણા મિત્રો ગુમાવ્યા હોત! તમે એને ઘેર જાઓ ત્યારે એણે શસ્ત્રો સજાવીને તૈયાર જ રાખ્યાં હોય છે. ચા-નાસ્તો કરાવી, બે-ચાર સરસ મજાના ટુચકા કહી, તમને તાજામાજા બનાવી (જેમ હલાલ કરતાં પહેલાં બકરાને ખવડાવી તાજોમાજો કરવામાં આવે છે તેમ) પછી તરત જ લોકકથાનો નાયક તાતી તલવાર ખેંચે તેમ એ બગલમાંથી પોતાની છપાયેલી કૃતિની ઑફ પ્રિન્ટ્સ કે ક્યાંક મોકલવા લખેલી કૃતિ કાઢે છે અને વાંચવા માંડે છે. તમે નાસી ન જાઓ એટલા માટે બારણું પણ વાસી દે છે. તમે નવાસવા હો તો કૃતિ સાંભળવી કે બારીએથી પડતું મૂકવું એવી દ્વિધા અનુભવવા માંડો. ઉનાળાની શીતળ થતી જતી રાત્રી હોય તો ઘેર એકાદ બે કૃતિ સંભળાવી તમને કાંકરિયા ફરવા લઈ જાય અને ત્યાં કાંકરિયાની પાળે બેસાડીને મ્યુનિસિપાલિટીના દીવે તમને કૃતિઓ વાંચી સંભળાવે. વિનોદ ભટ્ટની કૃતિઓ સાંભળવી ગમે તેવી ન હોત તો કાંકરિયામાં પડીને જીવન ટૂંકાવનારની સંખ્યા છે એના કરતાં અનેકગણી વધુ હોત અને તો કાંકરિયામાં ઝંપલાવીને કોઈ આત્મહત્યા ન કરે તે માટે એના ફરતે જાળી બનાવવાની એક દરખાસ્ત છે તેમ વિનોદ ભટ્ટને કાંકરિયા વિસ્તારમાંથી ખસેડી સરખેજમાં સસ્તા દરે જમીન આપી ત્યાં વસવાની વિનંતી કરવાની અને એ રીતે મણિનગરને ભયમુક્ત બનાવવાની એક દરખાસ્ત પણ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં રજૂ થઈ હોત!

પણ લેખનમાં કોઈની યે શેહશરમ ન રાખનાર આ નિર્ભય પુરુષ કોઈ સભામાં બોલવાનું આવે—એમાં ય વિદ્વાનો હાજર હોય એવી સભામાં બોલવાનું આવે ત્યારે સાવ રાંક બની જાય છે. મિત્રોની મંડળીમાં એ સોળે કળાએ ખીલી ઊઠે છે. મડિયાની જેમ વિનોદ પણ ડાયરાનો માણસ છે. પાંચ-દસ મિત્રોનું જૂથ બેઠું હોય ત્યારે વિનોદને બોલતો અટકાવવો એ અઘરું કામ છે. એ જ વિનોદને કોઈ સભામાં બોલવાનું આવે છે ત્યારે શબ્દોના ફાંફા પડે છે. સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્ર વખતે 'સાહિત્ય મેળો' જેવા કાર્યક્રમનું સંચાલન કરવાનું હોય કે બે પાંચ મિનિટમાં કાંઈ બોલવાનું હોય તો જેમ ફાંસીની સજા જાહેર થાય ત્યારથી જ આરોપીની ઊંઘ ઊડી જાય છે ને છેક ફાંસીએ લટકી જાય ત્યાં સુધી એ એકધારી અસ્વસ્થતા અનુભવે છે તેમ વિનોદને 'આ સભામાં તમારે બોલવાનું છે' એવું કહેવામાં આવે છે કે તરત જ એની અસ્વસ્થતાનો આરંભ થાય છે. પહેલી વાર પ્રસૂતિ આવવાની હોય તેવી સ્ત્રી જે મધુર અસ્વસ્થતાનો અનુભવ કરે છે તેવી વિનોદની અસ્વસ્થતા હોય છે. ફેર એટલો કે વિનોદની દરેક સભા એની પહેલી સભા હોય છે. (વિનોદ ભટ્ટના બ્લડ પ્રેશરના દર્દનો ખયાલ કરીને શ્રી રઘુવીર ચૌધરીએ એને સભામાં બોલવા અંગે પહેલેથી કહી ન રાખવું જોઈએ.) સભા શરૂ થવાને અરધો-પોણો કલાક બાકી રહે ત્યારે તેની અસ્વસ્થતાની પરાકાષ્ઠા આવે છે. છેક કુરુક્ષેત્રના મેદાનમાં આવ્યા પછી 'ગાંડિવ સંસ્રતે હસ્તાત્' એમ કહી વિષાદમાં ડૂબી ગએલા અર્જુન જેવી એની સ્થિતિ હોય છે. અલબત્ત, આટલા ગભરાટ પછી પણ તે પોતાનું કામ સારી રીતે જ પાર પાડે છે ને તો ય પછીની સભા વખતે વળી પાછી એની એ જ સ્થિતિ થઈ જાય છે.

એ જ રીતે એ જ્યારે રિક્ષામાં બેસે છે ત્યારે પણ એવા જ અસ્વસ્થ થઈ જાય છે. રિક્ષાવાળાને તો એમ પણ કહે: 'ભાઈ, રૂપિયો વધારે લેજે, પણ રિક્ષા જરા ધીમે ચલાવજે.' કોઈ મિત્ર સાથે હોય તો ગમ્મતમાં એમ પણ કહે કે 'ગુજરાતમાં હાસ્યલેખકો ઓછા છે એટલે મારે વહેલું મરવાનું પાલવે એમ નથી.' આટલી મજાક તો એ રિક્ષા ચાલુ થાય તે પહેલાં જ કરી શકે છે. રિક્ષા દોડતી થાય પછી તો વિશ્વયુદ્ધ ફાટી નીકળવાનું જોખમ હોય તે વેળા યુનોના મહામંત્રીનો ચહેરો ગંભીર હોય એવો ગંભીર ચહેરો વિનોદનો થઈ જાય છે. પોતાની ઇચ્છા પ્રમાણેની ગતિથી વાહન ચલાવી શકાય એટલા માટે જ એ સ્કૂટર ચલાવે છે. શ્રી અશોક હર્ષ જેટલું ધીમે બોલે છે એટલું જ વિનોદ ભટ્ટ ધીમે સ્કૂટર ચલાવે છે. જિંદગી બચાવવાના પ્રયત્નોમાં એ સમય બચાવી શકતા નથી. સમયપાલનના એ ચુસ્ત આગ્રહી હોવાને કારણે સ્કૂટર પર જવાનું હોવા છતાં સમયસર પહોંચવા માટે બસમાં જવાનું હોય એટલા વહેલા એને નીકળવું પડે છે. અમદાવાદમાં સૌથી ધીમું સ્કૂટર ચલાવનારને દર વર્ષે જો ઈનામ અપાતું હોય તો વિનોદ ભટ્ટ જ્યાં સુધી અમદાવાદમાં રહે ત્યાં સુધી એ ઈનામ બીજા કોઈને મળે નહિ એ નક્કી.

લેખનમાં જેમ વિનોદે પરંપરાનો માર્ગ ચાતરી હાસ્યનો પોતાનો સ્વતંત્ર ઈલાકો સ્થાપ્યો છે, તેમ જીવનમાં પણ એ ચીલો ચાતરીને ચાલ્યા છે. સામાન્યરીતે પુરુષને એક પત્ની હોય છે (કેટલાક ડાહ્યા અને નસીબદાર પુરુષને એક પણ પત્ની નથી હોતી) જ્યારે વિનોદને બે પત્નીઓ છે. (આમે ય વિનોદમાં નારીવત્સલતા વિશેષ છે.) એનું સખીવૃંદ એના પુરુષ મિત્રોને ઈર્ષ્યા થાય એટલું મોટું છે. પુરુષો તો અમુક યોગ્યતા હોય તો જ એનો આદર પામે છે, ત્યારે સ્ત્રી તો એ માત્ર સ્ત્રી હોવાને કારણે જ એના આદરની અધિકારિણી બની રહે છે. શિશુવર્ષ નિમિત્તે બહાર પડનારા પુસ્તક માટે લેખ મોકલવા જાણીતા કલાકાર શ્રી જ્યોતિ ભટ્ટનો પત્ર એમને મળ્યો ત્યારે 'જ્યોતિ' નામથી છેતરાઈને એ સ્ત્રી છે એવા ખ્યાલે તે દિવસે ને તે દિવસે લેખ લખીને બીજે દિવસે મોકલી આપેલો. જ્યોતિ ભટ્ટ સ્ત્રી નથી પણ પુરુષ છે એવો મેં ફોડ પાડયો ત્યારે વિનોદભાઈ બહુ દુ:ખીદુ:ખી થઈ ગએલા. એક સ્ત્રી સાથે જીવન પૂરું કરવું એ પણ બહાદુરીનું કામ છે જ્યારે આ સાહસ-

વીર તો બબ્બે ભાર્યાઓ સાથે સફળ રીતે ઘરસંસાર ચલાવી રહ્યા છે. પરણેલા પુરુષ તરફ જગત સામાન્યરીતે સહાનુભૂતિની નજરે જુએ છે. એ દૃષ્ટિએ જોતાં વિનોદની સામે તો દયાની નજરે જોવું જોઈએ. (એ દયાની નજરે જોઈને જ આર.ટી.ઓ.એ કદાચ રિક્ષામાં ત્રણ જણને બેસવાની છૂટ આપી છે.) એક પત્નીને પણ કાયમ રાજી રાખી શકાતી નથી ત્યારે વિનોદ બબ્બે પત્નીઓને હમેશાં ખુશ રાખે છે એ તેની જેવીતેવી સિદ્ધિ નથી. શિવકુમાર જોશી વિષે લખતાં એણે એક પ્રિયતમાની આંખો ઉપર પ્રેમથી હાથ મૂકી દઈ બીજીને હળવેકથી ચૂમી લેતા બે પ્રિયતમાઓના પેલા ચતુર પ્રિયતમની વાત કરી છે એ તમને યાદ હશે. એ ચતુર પ્રિયતમ વિનોદમાં વસી રહ્યો છે. ડેઈલ કાર્નેગીએ કહ્યું છે કે 'લગ્ન એ નિખાલસ દિલનો મામલો નથી, પણ મુત્સદ્દીગીરીનું મેદાન છે.' વિનોદમાં આ મુત્સદ્દીગીરી બમણી હોવી જોઈએ.

રા. વિ. પાઠકે પતિ, પત્ની અને બાળકના મંગલ ત્રિકોણની એક સુંદર કવિતા લખી છે વિનોદની બાબતમાં તો બે પત્ની ને એક પતિ એવો એક વિલક્ષણ ત્રિકોણ રચાયો છે. એ વિલક્ષણ છે એ તો સ્પષ્ટ છે પણ એ મંગલ પણ છે એ એની એથી પણ મોટી વિલક્ષણતા છે. એ મંગલ ત્રિકોણનું એક દૃશ્ય મને યાદ આવે છે:

એ દિવસોમાં વિનોદને હૃદયરોગનો હળવો હુમલો થએલો. હાસ્ય લેખકના જીવનની કરુણતા એ છે કે એની કોઈ વાત ગંભીરતાથી લેવાતી જ નથી. વિનોદની આ ગંભીર માંદગીના સમાચાર પણ કોઇએ ગંભીરતાથી લીધા નહિ. કેટલાક તો ખબર પૂછવા પણ નહિ ગએલા. જોકે એનાથી વિનોદને ફાયદો જ થએલો. આવી ગંભીર માંદગીમાં આ રીતે પણ સૌએ એને આરામ લેવા દીધો એટલે એ વહેલા સાજા થઈ ગયા. હું જ્યારે ખબર કાઢવા ગએલો ત્યારે તબિયત પ્રમાણમાં સારી હતી. વિનોદભાઈ પલંગ પર તકિયાને અઢેલીને બેઠા હતા. આજુબાજુ બંને ભાભીઓ (વેણીભાઈ પુરોહિત જેમને 'રિદ્ધિસિદ્ધિ' તરીકે ઓળખે છે) બેઠાં હતાં. મારાથી આટલું જ પુછાયું: 'વિનોદભાઈ, આ શું થઈ ગયું?' જવાબમાં વિનોદ કહે: 'અરે યાર, જે થયું તે સારું જ થયું. હું બહુ આકરા કટાક્ષો કરું છું એટલે કેટલાક માને છે કે મારે હૃદય જ નથી. પણ આ હાર્ટ ઍટેક પછી દાક્તરનું પ્રમાણપત્ર આપીને કહી શકીશ કે મારે પણ હૃદય જેવું કંઈક છે. હૃદય હોવાની ખાતરી થતાં હું કદાચ કવિતા પણ લખું. (જોકે આ માત્ર ધમકી જ હતી. એ ભય હવે ટળી ગયો છે... એમ તો ગુજરાતી કવિતા નસીબદાર છે.) બારીસાગર, તમે શોકસભામાં બોલવા માટે કંઈક તૈયાર કરી રાખો. ગમે ત્યારે ઓચિંતી જરૂર પડે એમ બને. આપણે તો જવાની તૈયારી કરી જ દીધી હતી. આ કૈલાસ ને નલિની પણ–'કાળી પટીના સાડલા ક્યાં સસ્તા મળતા હશે: રતનપોળમાં કે ઢાલગરવાડમાં?' એવી ગંભીર વિચારણા પણ કરવા માંડયાં હતાં. હમણાં આપણે અલીઆબાડા જ્ઞાનસત્રમાં ગયા હતા ત્યારે હું જામનગરના પ્રખ્યાત કંકુની દસબાર શીશી લઈ આવ્યો હતો. તે નલિની કૈલાસને કહેતી હતી કે 'આટલું બધું કંકુ લઈ આવ્યા તે હવે બધું નકામું જવાનું અને પૈસા માથે પડવાના.' ભાભીઓને બિચારીઓને કલ્પના ય નહિ હોય એવી વાતો આ મહેરબાન જોડીને કહેતા હતા. કહેતા જાય ને હસતા જાય. બંને ભાભીઓના ય હોઠ હસતા હતા પણ આંખમાંથી આંસુ ટપકતાં હતાં. જોનાર ધન્ય બની જાય એવું મંગલ દૃશ્ય હતું એ!

વિનોદના વ્યક્તિત્વની જેટલી રેખાઓ હું ઝીલી શક્યો છું એટલી અહીં આલેખવા મેં પ્રયાસ કર્યો છે. પણ એક બાબત હું નોંધી શક્યો છું (કદાચ એ મારો ભ્રમ પણ હોય—હોય તો સારુ) સદાય હસતો રહેતો તરોતાજો લાગતો ખુશમિજાજ અને સદાબહાર વ્યક્તિત્વવાળો આ માણસ હૃદયના ઊંડાણમાં કોઈ વેદના છુપાવી રહ્યો હોય એવો વહેમ મને વખતોવખત રહ્યા કર્યો છે. એના સભર લાગતા હૃદયમાં ખાલીપો ખખડતો મને સંભળાયા કર્યો છે. આ વેદના છુપાવવા જેમ સામે મોત દેખાય અને વીર યોદ્ધો બમણા જોરથી લડે તેમ પોતાની કોઈ ટ્રેજેડીને હૃદયના અતલ ઊંડાણમાં ધરબી દેવા અને ઉપર હાસ્યનું પ્લાસ્ટર કરી દેવા આ માણસ મથતો હોય એવું મને, કોણ જાણે કેમ—કોઈ કારણ નથી, કોઈ જાણકારી નથી તો ય લાગ્યા કરે છે. હાસ્યકારો વિષે સામાન્યરીતે એવી માન્યતા પ્રચલિત છે કે નિયતિના કોઈ દુર્નિવાર અભિશાપનો એ ભોગ બન્યા હોય છે અને એ જીરવવા જ ઈશ્વરે એમને હાસ્યનું વરદાન આપ્યું હોય છે. સાચી ખોટી આ માન્યતાને કારણે પણ મને એમ લાગતું હોય એમ બને. મેં આ અંગે કદીય વિનોદની સાથે કશી વાત કરી નથી. વખત છે ને કોઈ આળી જગ્યાએ મારાથી અડકાઈ જાય ને હાસ્યથી દીપતો એનો ચહેરો વેદનાનો ચિત્કાર કરી ઊઠે તો? —એવી બીક રહ્યા કરે છે એટલે. ◻

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૦૧

હૃદયરોગ

હૃદય એ શરીરનું અગત્યનું અંગ છે. આપણે કામમાં હોઈએ કે આરામ કરતા હોઈએ, જાગતા હોઈએ કે ઊંઘતા હોઈએ, તે તો આપણે જન્મ્યા ત્યારથી સતત ધબકતું જ રહે છે, પરંતુ—

૧) આહારવિહારના નિયમોનું પાર વગરનું ઉલ્લંઘન થતું રહે; ૨) શરીરમાં વધુપડતી ચરબી એકઠી થાય; ૩) બ્લડ પ્રેશર, ડાયાબિટિસ વગેરે જેવી અવસ્થામાં તે પ્રતિ બેદરકારી સેવવામાં આવે; ૪) શારીરિક કે માનસિક પરિશ્રમનો અતિરેક થવા લાગે; ૫) 'હરીઝ ઍન્ડ વરીઝ' એટલે કે નિરર્થક અધીરતા અને ઉપાધિઓનું સાતત્ય રહ્યા કરે; ૬) વધુપડતાં તીક્ષ્ણ અને તીવ્ર ઔષધનું સેવન થાય; ૭) મદ્યપાન, તમાકુ અને માદક દ્રવ્યોના સેવનનો અતિરેક થાય; ૮) અજીર્ણમાં પણ વધારેપડતો ભારે ખોરાક લેવાય તો હૃદયની કાર્યક્ષમતામાં વિક્ષેપ આવી પડે છે, અને પરિણામે—

૧) છાતીના ભાગમાં—અને ખાસ કરીને હૃદયના ભાગમાં ઓચિંતો દુખાવો થાય છે; ૨) એકદમ બેચેની અનુભવાય છે અને ગભરામણ થાય છે; ૩) વધારેપડતો પરસેવો વળવા લાગે છે; ૪) ઊલટી થાય, ઊબકા આવે કે મોળ ચડે છે; ૫) નાડીના ધબકારા વધી જાય છે; ૬) શરીર ઠંડું પડવા લાગે છે; ૭) બેભાન પણ થઇ જવાય છે; ૮) અસહ્ય દબાણથી હૃદય ભીંસાતું હોય કે વહેરાતું હોય તેવું લાગે છે; ૯) ડોક, ખભા અને હાથમાં દુખાવો ફેલાઈને હાથના આંગળાં સુધી સણકા આવે છે. આ હૃદયરોગ થયાનાં લક્ષણો છે.

ઉપચાર ૧) સંપૂર્ણ આરામ. ૨) ઘર, કુટુંબ, ધંધો, સમાજ છાપાં-સમાચારોની જંજાળ વગેરે ત્યજી દેવી; ૩) નિર્દોષ નિદ્રાપ્રદ ઔષધનું સેવન કરવું; ૪) અર્જુન ત્વકના ચૂર્ણનો ક્ષીરપાક કે અર્જુનારિષ્ટનું સેવન; ૫) હૃદયાર્ણવ રસ, જવાહર મોહરા રસ, વાતવિધ્વંસ રસ. બૃહદ્ વાતચિંતામણિ રસ, સુવર્ણ ભસ્મ વગેરેમાંથી ગમે તેનું સેવન; ૬) રોગના હુમલા વખતે કાર્ડિયોગ્રામ વગેરે દ્વારા પરીક્ષણ કરાવી રોગનો પ્રકાર જાણી ચિકિત્સકની સતત દેખભાળ નીચે પૂરી સારવાર લેવી.

—**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

શતરંજ : ૧૬મી રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટ અને નવા વિજેતા....સુરેશ મોદી

થોડા સમય પહેલાં તમિળનાડમાં તિરુચિરાપલ્લી ખાતે શતરંજની '૧૬મી રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટ' રમાઈ. આ ટૂર્નામેન્ટમાં રમવાનો હક્ક ધરાવનાર વીસ ખેલાડીઓએ તેમાં ભાગ લીધો હતો. આ હક્ક કોણે કોણે મેળવ્યો હતો તે આપણે અગાઉ જોઈ ગયા છીએ. તમિળનાડ અને મહારાષ્ટ્રના પાંચ પાંચ ખેલાડીઓનો તેમાં સમાવેશ હતો.

શતરંજના ક્ષેત્રમાં તમિળનાડ બહુ ઝડપથી આગળ આવી રહ્યું છે એવું સૂચન 'રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટ'ના પરિણામ પરથી જ સ્પષ્ટ થઈ રહ્યું હતું. અને આ રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટના પરિણામ દ્વારા એ કેટલું આગળ વધી ગયુ છે તે જોઈ શકાય છે. તેના પાંચમાંથી ચાર ખેલાડીઓએ પ્રથમ ચાર સ્થાન હાથ કરી લીધાં છે, અને પાંચમા ખેલાડી ૫, ૬ અને ૭મા સ્થાન માટે સરખા પૉઈન્ટ મેળવી બરાબર રહ્યા, પરંતુ ટાઈ બ્રેકિંગ (Tie-Breaking)માં સાતમા સ્થાને આવ્યા છે.

ટૂર્નામેન્ટનું પૂરું પરિણામ આ પ્રમાણે છે- ૧) ટી. એન. પરમેશ્વરન્ (તમિળનાડ –૧૪½ પૉઈન્ટ. ૨) વી. રવિકુમાર (તમિળનાડ)–૧૩½ પૉઈન્ટ. ૩) રાજા રવિશેખર (ત.ના.)–૧૨ પૉ. ૪) મૅન્યુઅલ ઍરોન (ત. ના.)–૧૨ પૉ. ૫) મહમ્મદ હસન (આંધ્ર પ્રદેશ)–૧૧½ પૉ. ૬) શમ્સુલ હસ્સન (મહારાષ્ટ્ર)–૧૧½ પૉ. ૭) એસ. વી. નટરાજન્ (ત.ના.)–૧૧½ પૉ. ૮) રવિ હેગડે (મહારાષ્ટ્ર)–૧૧ પૉ. ૯) પી. એમ. મોહાન્તી (ઓરિસ્સા)–૧૦ પૉ. ૧૦) રફિક ખાન (મધ્ય પ્રદેશ)–૧૦ પૉ. ૧૧) એસ. નસિર અલી (ઉત્તર પ્રદેશ)–૧૦ પૉ. ૧૨) અવિનાશ સાવતે (મહારાષ્ટ્ર)–૯½ પૉ. ૧૩) અબ્દુલ જબ્બાર (મહારાષ્ટ્ર)–૮½ પૉ. ૧૪) નસિરુદ્દીન ગાલિબ (આં. પ્ર.)–૮ પૉ. ૧૫) આર કે. ગુપ્તા (દિલ્હી)–૭½ પૉ. ૧૬) ડી. બરુઆ (પ. બંગાળ)–૬½ પૉ. ૧૭) એ. બી. મિતેઈ (મણિપુર)–૬ પૉ. ૧૮) વિજય અધિકારી (મહારાષ્ટ્ર)–૫½ પૉ. ૧૯) આર. એસ. ગુપ્તા (ઉ. પ્ર.)–૫½ પૉ. ૨૦) એ. કે. સિંહા (બિહાર)–૫½ પૉ.

નવા વિજેતા ટી એન. પરમેશ્વરન્ ફક્ત ૨૨ વર્ષની વયના યુવાન ખેલાડી છે. આ ટૂર્નામેન્ટમાં ઘણી સુંદર રીતે રમ્યા હતા. ચૌદ વર્ષની વયથી એમણે શતરંજ રમવાનો આરંભ કરેલો અને થોડા જ સમયમાં મદ્રાસના શતરંજ ખેલાડી-



ઓમાં નામ કાઢ્યું હતું. રાજ્ય આંતરશાળા હરીફાઈમાં તેઓ બે વખત જીત્યા હતા અને ૧૫ વર્ષની વયે તો રાજ્યના જુનીઅર ચૅમ્પીઅન થયા હતા. આ દરમિયાન મદ્રાસમાં ઘણી ટૂર્નામેન્ટમાં રમીને ઈનામો મેળવ્યાં અને તેમાંની એકમાં મૅન્યુઅલ ઍરોનને હરાવીને સારાયે દેશનું ધ્યાન પોતાના તરફ આકૃષ્ટ કરેલું.

આંતર-વિશ્વવિદ્યાલય સ્પર્ધામાં મદ્રાસનું નેતૃત્વ કરીને તેને સફળ બનાવવાનો યશ પણ એમને ફાળે જાય છે. ઈ. ૧૯૭૫માં તેઓ રાષ્ટ્રીય જુનીઅર ચૅમ્પીઅન થયા. ૧૯૭૬થી રાષ્ટ્રીય 'બ'માં રમવાની યોગ્યતા પ્રાપ્ત કરીને તેમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી તેમણે તેમાં અનુક્રમે ૮મું, ૩જું અને હવે છેલ્લે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

તમિળનાડ તરફથી તેઓ બે વખત આંતર-રાજ્ય શતરંજ સ્પર્ધામાં રમેલા છે. ૧૯૭૬માં નાગપુર ખાતે એમની ટીમને પહેલું અને ૧૯૭૯માં ખામગામ ખાતે બીજું સ્થાન મેળવી આપવામાં એમનો સારો એવો ફાળો હતો. ૧૯૭૭માં તો પહેલા બૉર્ડ પર રમવા છતાં બધી જ રમતો જીતવ નો એમણે વિક્રમ સ્થાપ્યો છે.

આ ૧૬મી રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટમાંની ભૂતપૂર્વ વિજેતા રાજા રવિશેખર સામેની એમની રમત આપણે અહીં જોઈએ. એમાં સફેદ મહોરાં પરમેશ્વરન્નાં અને કાળાં રવિશેખરનાં છે. ડચ ડીફેન્સ પ્રમાણે આ રમત રમાઈ છે.

1 P–Q4, P–KB4; 2 P–K4, P×P; 3 N–QB3, N–KB3; 4 B–KN5, N–B3; 5 P–B3. (અહીં MCO (XI) 5 P–Q5, N–K4; 6 Q–Q4, N–B2; વગેરે ચાલ સૂચવે છે.) 5 ..., P–K6; 6 B×P, P–Q4; 7 Q–Q2, P–K4; 8 P×P, N×P; 9 O-O-U, P–B3; 10 R–K1! (હાથીને ખુલ્લી પંક્તિ પર રાજાની સામે લાવીને છૂપી ધમકી ઊભી કરે છે. તેમાંથી બચવા કાળો રાજા પોતાની જગ્યાએથી ખસીને કિલ્લેબંધીનો હક્ક ગુમાવે છે.)


10 ..., K–B2; 11 N–K4! (કાળાનું QP અણઊઠ છે.) B–K2; 12 N–N5ch, K–N1. (કાળાનો KR ખૂણામાં પુરાઈ ગયો.) 13 B–Q4, N–B2; 14 P–KR4, P–KR3; 15 N×N, K×N; 16 P–KN4, B–Q2; 17 N–R3, Q–B2; 18 R–N1, B–Q3; P–R5. (રાજા તરફનાં પ્યાદાં હુમલા માટે આગળ વધે છે.)

19 ..., QR–K1; 20 B–Q3. (હવે 21 B–N6chથી ઊંટના બદલામાં હાથી મેળવવાની ધમકી છે. આથી કાળો સફેદને ખુલ્લી પંક્તિનો કાબૂ મેળવવા દે છે.)

20 ..., R×Rch; 21 R×R, R×B1; 22 B×N, K×B, (અહીં 22... P×B! પછી 23 Q×P અને 24 B–N6chથી સફેદ જલ્દી જીતે તેમ છે.)

23 B–N6! (જુઓ આકૃતિ.)

રવિશેખર



પરમેશ્વરન્

23 B–N6! પછીની સ્થિતિ

હવે કાળા રાજાની આસપાસનાં બધાં ખાનાં પર સફેદનો કાબૂ છે તેથી તેનો હુમલો જલદી સફળ થશે.)

23 ..., B–K4; 24 P–KB4, B×KNP; 25 R×B. હવે 25 ..., B×N; 26 Q–Q4 અને પછી છૂપી શેહની ધમકી સામે કાળા પાસે કોઈ ઈલાજ નથી માટે 25 ..., Resigns. સફેદ 25 P×Bchથી પણ જીતી શકે તેમ છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા: ઊટકવું · કાટ · કીટું

લોઢા વગેરે ધાતુ પર કાટ વળતો હોય છે. આ काटના મૂળ તરીકે સંસ્કૃત-પ્રાકૃતમાં કોઈ શબ્દ મળતો નથી. સિંધીમાં कटु, લહંદામાં कट्ट, મરાઠીમાં काट 'મેલનો પોપડો' મળે છે. તે ઉપરથી कट्ट એવા પૂર્વ રૂપની કલ્પના કરવાની રહે છે.

હિંદી उकटनाનો અર્થ છે 'ઉખેડવું'. 'કાટ ચડવો', 'કાટ કાઢવો', 'કાટ ઉતારવો' એ પ્રયોગો જોતાં આપણે उक्कट्ट 'કાટ કાઢવો' એવા ધાતુની અટકળ કરી શકીએ. તેનાં પરથી હિંદી उकटना, અને વચ્ચેનાં વ્યંજનોના વ્યત્યયથી, ગુજરાતી ऊटकवुं થયા.

ટર્નરે આ कट्टને किट्ट સાથે સંકળાએલો ગણ્યો છે. સંસ્કૃત-પ્રાકૃતમાં किट्टનો એક અર્થ 'કાટ' છે. પ્રાકૃતમાં किट्टનો બીજો અર્થ તેલનું 'કીટું' એવો થાય છે, અને ગુજરાતી कीटुं, તેમ જ રૂમાં હોય છે તે कीटी વગેરે એ किट्ट ઉપરથી થયા છે. સંસ્કૃત તથા પ્રાકૃતમાં तिल किट्ट શબ્દ 'ખોળ'ના અર્થમાં છે તે પણ અહીં નોંધી શકાય. અને ગુજરાતી કોશોમાં कीटो 'કાટ'ના અર્થમાં આપેલો છે.

कीटो 'બળતણ માટેનાં બાવળ વગેરેનાં લાકડાં' એ અર્થમાં પણ વપરાય છે. વળી कीटोडो અને काटोडो 'બળેલો ધાતુ વગેરેનો ગઠ્ઠો' એવા અર્થમાં આપેલો છે. આના મૂળમાં कट्टकूट, किट्टकूट હોય. એમ લાગે છે કે 'ઉપર વળેલો મેલ કે બાઝેલો પોપડો' એવા અર્થના कट्ट અને 'પાછળ રહેલો મેલ, કચરો, બળેલો ગઠ્ઠો' એવા અર્થના किट्ट—એ બે વચ્ચે ભેળસેળ થઈ ગઈ છે.

હરિવલ્લભ ભાયાણી

કવિતાઈ કૈફિયત

પ્રફુલ્લ રાવળ

'પક્ષીઓનું રાતભર જાળવી રાખેલું મૌન તૂટે ત્યારે પ્રત્યેક વૃક્ષ જાગી ઊઠે છે.'

'તાપી નદીના કિનારે ભવાનીશંકર મહાદેવના દેરા પાસે આવેલી નિશાળમાં શૈશવ આળોટચા કરે છે.'

'ભૂમિતિના નિયમો જાળવીને હજી સુધી કોઈ વૃક્ષ ઊગ્યું નથી.'

ગદ્ય કયારેક એના સહોદર પદ્યસાથે આત્મીયભાવ સાધીને જે સૌંદર્યની પ્રતીતિ કરાવે છે, તેનાથી એક કવિતાઈ કૈફિયતની અનુભૂતિ ભાવકના ચિત્તતંત્ર પર અંકિત થાય છે. આવી અનુભૂતિ ગુણવંત શાહ કૃત 'રણ તો લીલાંછમ' એ નિબંધિકાસંગ્રહની એકથી ઓગણચાલીસ નિબંધિકાઓના વાચનથી થઈ ને 'સદ્યઃ પરિનિવૃત્તઃ જેવી આનંદાનુભૂતિ પ્રાપ્ત થઈ. ગદ્યને સ્વકીય સૌન્દર્ય છે જે કયારેક સ્વયં નીખરી રહે છે. પ્રારંભે એવી આસ્વાદ્ય ગદ્યકંડિકાઓ છે.

નિબંધ-નિબંધિકાના સાહિત્યસ્વરૂપને પ્રારંભથી જ સામાન્યજન કોઈક જુદી જ દૃષ્ટિથી જુએ છે. ને એ સાહિત્યસ્વરૂપ માત્ર વિદ્વાનોનું જ હોય એવો ભૂલભરેલો ખ્યાલ પ્રવર્તમાન છે. અલબત્ત નિબંધના સાહિત્યસ્વરૂપને ખેડનાર લેખકોમાંથી માંડ એકાદ-બેને બાદ કરતાં સહુએ એ સ્વરૂપ પર ચિંતનશિલાને મૂકી દીધી છે. ચિંતનના ભાર તળે નિબંધનું સ્વરૂપ તેના નિજી વ્યક્તિત્વને ખોઈ બેઠું છે. હળવા હાસ્યનિબંધો સિવાય ગુજરાતી સાહિત્યમાં ગાંધીજી, કાકાસાહેબ, ફાધર વાલેસ જેવા નિબંધકારોના નિબંધો સિવાય મહદ્ અંશે અન્ય નિબંધકારોના નિબંધોમાં ચિંતન ને નીતિને ઠાંસીઠાંસીને ભરી દીધાં છે. પરિણામે સામાન્ય વાચક-ભાવક એ સ્વરૂપ પરત્વે ઉદાસીન છે. આ ઉદાસીનતાની મુક્તિ અર્થે 'રણ તો લીલાંછમ' આશ્વાસનરૂપ છે.

'જીવનધોરણ ઊંચું આવ્યું!'માં પ્રારંભ જીવનધોરણની તોફાની વ્યાખ્યાથી કરીને, '૧૯૭૮ની સાલમાં ઈસુને વધસ્તંભ પર ચડાવવો હોય તો પણ આજના ઊંચા જીવનધોરણને લક્ષમાં રાખવું પડે તેમ છે' એવો હળવો કટાક્ષ, ને અંતે 'જીવનધોરણનો આપણો ડબ્બો મોટી ટ્રેઈન સાથે જોડાઈ ગયો છે' એવો પ્રતિભાવ વ્યક્ત કરે છે. 'સ્પર્શ'માં સ્પર્શનો પ્રવર્તમાન ખ્યાલ છેદી નવું જ રૂપ રજૂ કર્યું છે, તો 'જીવવામાં ઉતાવળ, ને મરવામાં નિરાંત' અંતે 'જન્મ્યા વગર જ મરી જનારાઓ મૅજોરિટીમાં છે' એવું સનાતન સત્ય ઉચ્ચાર્યું છે. 'સમયના પાદર પર ધીંગાણું'માં તાર્કિક વિશ્લેષણ છે. 'છાણના પોદળાની સંસ્કૃતિ'માં ગ્રામ્ય-સંસ્કૃતિનું દર્શન કરાવ્યું છે. 'પણ ન્યારો બંગલો ન્યારા જીવનની ગૅરંટી નથી આપતો' એવું સૂચક વિધાન 'એક બંગલા બને ન્યારા' એ નિબંધિકાનું હાર્દ છે. આપણા ફળિયાને નિબંધકાર ખંડકાવ્ય રૂપે લેખાવે છે. કેવું સુંદર કલ્પન!

અવાજ અને પ્રકાશનું પ્રતિદિન વધતું સામ્રાજ્ય, આપણા વારસા ને વૈભવનું પ્રત્યક્ષીકરણ, મનની શાંતિ એટલે વિશ્વશાંતિ એવું સરળ છતાં મર્મગામી સમીકરણ ને માનવમાત્રની બેચેની એની અપર્યાપ્તતાની લાગણીમાં રહેલી છે. એવી ટકોર નિબંધકારના ઊંડા મનોમંથનનું સુફળ છે. 'પ્લાસ્ટિકના ફૂલ પર પતંગિયું!' વિરોધાભાસનું સૂચન કરે છે. 'ઊંટ વૈદ્યો' જેવા ખ્યાત સમાસ સાથે 'ઊંટદરજીઓ' 'ઊંટ સુથારો' ઈ૦ નવા સમાસો દ્વારા કટાક્ષ સાથે હાસ્ય નિષ્પન્ન કર્યું છે. 'દોષો જોતું સૂક્ષ્મદર્શક યંત્ર'માં ચિંતનાત્મક સ્થિતિનું સરળ આલેખન 'એક અપૂર્ણ માણસ બીજા અપૂર્ણ માણસ પાસે પૂર્ણતાની અપેક્ષા રાખતો રહે છે' દ્વારા થયું છે.

નિબંધકાર પવનને હવાના ટૅન્શન રૂપે ઓળખાવે છે. સતત નાના બનતા જતા માનવીય મનની તુલના નાની વાડકી સાથે કરે છે ને જીવનને 'ભ્રમણાની ફૂલદાની' માને છે. આળસની ભવ્યતા ઉદાહરણો દ્વારા વ્યક્ત કરે છે. આમ, પ્રત્યેક નિબંધિકામાં કયાંક ને કયાંક વિચારોનો નૂતન આવિષ્કાર લેખકે કાવ્યાત્મક શૈલીથી કર્યો છે. 'જીવન એક રહસ્યમય ઘટના છે એવું સમજવા માટે વિદ્વાન હોવું જરૂરી નથી' એવા વિધાનથી આરંભાતી 'રણ તો લીલાંછમ' એ નિબંધિકા લેખકના ઊંડા અવગાહન ને વાચનની પ્રતીતિ કરાવે છે. એમાં રણ ને અરણ્યના ભેદ તફાવતનો ચિતાર મિતાક્ષરી છે. નિબંધકારે

'રણદ્વીપ એટલે
સળગતા રણની
ભીની ભીની જિજીવિષા.'

એ કાવ્ય દ્વારા રણદ્વીપનું એક સુંદર કલ્પન (ઇમેજ) આપણા ચિત્તતંત્ર પર અંકિત કર્યું છે. અંતે 'જીવન એટલે રણ ને અરણ્યનું એક છજામાળું સહઅસ્તિત્વ' એવું સમીકરણ આપે છે.

આ નિબંધિકાઓમાં ઠેરઠેર જીવન વિષેના તત્ત્વજ્ઞાનનું આલેખન હોવા છતાં એ ચિંતનનો ભાર કયાંય વર્તાતો નથી એ ગુણવંત શાહની શૈલીની નિજી તાકાતનું સુપરિણામ છે. એમના વિશાળ વાચન અને જીવન પરત્વેની ઊંડી અન્વેષણવૃત્તિનાં દર્શન અહીં થાય છે. પ્રત્યેક માનવમાં સ્થિત માનવીય વૃત્તિને સજાગ કરવામાં આ નિબંધિકાઓ પ્રેરક બનશે. જોકે એમની બહુશ્રુત વિદ્વત્તાનો બોજ આ નિબંધિકાઓને સહન નથી કરવો પડયો. લાઘવથી અહીં અભિપ્રેત વિચારદર્શન અભિવ્યક્ત થયું છે. દા. ત.

'સરસ રીતે ચણાએલી કબરનું આયુષ્ય એમાં પોઢેલી વ્યક્તિના જીવન કરતાં ય લાંબું હોય છે!' (પૃ. ૫૮); 'પવન એટલે તાણયુક્ત

હવા' (પૃ. ૬૯); 'આકારનો આશક હળવો રહેવા ઝંખે છે' (પૃ. ૭૮); 'નાની વાડકીમાં મોટું મન ક્યાંથી સમાય?' (પૃ. ૯૫); 'ચણ એકઠું કરવામાં માણસ જેટલો સમય કાઢે છે એટલું બીજું કોઈ પ્રાણી કાઢતું નથી' (પૃ. ૯૭); 'જીવન એટલે ભ્રમણાની ફૂલદાની!' (પૃ. ૧૦૩); 'ભગવાન કરતાં ય મંદિર મહત્ત્વનું બને ત્યારે સ્વસ્થતાનું બાષ્પીભવન થતું હોય છે' (પૃ. ૧૧૦) 'જંગલને હવે માણસનો ડર લાગે છે' (પૃ. ૧૨૦).

ગુણવંત શાહ પાસે ભાષાનો સંસ્કારી વૈભવ છે. ક્યાંય કંટાળો જન્મે તેટલું ગદ્યનું ભારણ નથી. વ્યંગ, કટાક્ષ, શ્લેષ સાથે ચારુતા કથનશૈલીને ઉજમાળે છે. આ સઘળી નિબંધિકામાંથી જે કવિતાઈ કેફિયત અનુભવાય છે તે જ મનને તરબોળ કરી દે છે. ['રણ તો લીલાંછમ', લે૦ ગુણવંત શાહ; બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ-૧; કિંમત પંદર રૂપિયા.] □

નવાં પ્રકાશનો

પંદર આધુનિક વાર્તાઓ : શ્રી જ્યોતિષ જાનીનો આ ત્રીજો વાર્તાસંગ્રહ એમની પ્રયોગાત્મક કૃતિઓ લઈને આવે છે, ત્યારે એમાંના નિરૂપણની ઊફરી લઢણ રસ જગાડે તેવી છે. લેખકે આ સંગ્રહની લઘુ કેફિયતમાં જણાવ્યું છે કે 'ટૂંકી વાર્તામાં ગુજરાતી ગદ્યની અપાર, અમાપ લીલામય સર્જનાત્મક શક્યતાઓનો તાગ કાઢવાનું શક્ય છે.' આ સંગ્રહની વાર્તાઓની રચના પાછળ એમની આ મુખ્ય દૃષ્ટિ રહી છે. માત્ર પહેલી જ વાર્તા 'એક વાર્તા'ના સંદર્ભે વિચારતાં લાગે છે કે ભાષા જે રીતે અન્યત્ર ચાલે છે એ જ રીતે અહીં પણ ચાલે છે. હા, વચ્ચેવચ્ચે અવ્યયોને કૌંસમાં મૂકવાની ભરપેટ પ્રવૃત્તિ છે. એનો ય વાંધો નહિ.' પણ એ કૌંસ છોડીને વાંચતાં કે રાખીને વાંચતાં કશો સૂક્ષ્મ તફાવતભર્યો ભાષાઅનુભવ થતો નથી. મનુષ્યજીવનના સનાતન સંબંધ જેવા પ્રેમની વાત આમ તો અહીં કહેવાઈ છે. જો કહી શકાય તો જૂની વાર્તાની જેમ વાર્તા અંતે પૂંછડું પણ પછાડે છે. ત્યારે નાવીન્ય, આધુનિકતા શામાં? ટેક્નિકમાં? ટેક્નિક પણ કથનની પદ્ધતિની અને ટાઇપોની યોજનાની—સૂક્ષ્મ અને સ્થૂળ. વાર્તાલેખનનો પ્રયાસ કરતો આ વાર્તાનો નાયક અજિત પોતાના મિત્ર ગૌતમના અસબદ્ધ મનોવ્યાપારની રજૂઆત કરવા એવી જ અસંબદ્ધ વાક્યાવલિનો વિનિયોગ કરે છે. ત્યારે આ વાર્તામાંનો વાર્તાલેખક મિત્ર દિલીપ પાસે પોતાની રચાતી આવતી કૃતિ કકડે કકડે ધરે છે. એની નિરૂપણની અસંબદ્ધતાથી મિત્ર દિલીપ અકળાઈ જાય છે. આ દિલીપના શબ્દો ઘાટા ટાઈપમાં મૂકયા છે. ઠીક છે; એક જ વાર્તામાં અન્ય વાર્તા ગૂંથવાના આ પ્રયત્નની ભેદરેખા દોરવા પૂરતા એ જુદા તરી આવે. પણ એથી શું? આ તો પ્રાકૃત વાચક પાસે ધરવાની આ સ્થૂળ તરકીબ થઇ. સુજ્ઞ વાચક તો એ ચાલુ ટાઇપમાં ચાલી આવતી વાર્તામાં ય તે પકડી શકે. આથી આ નાવીન્ય એ રીતે નાવીન્ય ન રહે. વળી, વચ્ચે પૃષ્ઠ ૨૨ પર એ જ રીતે, જેની સાથે ગૌતમના અંતે લગ્ન જાહેર થવાનાં છે તે અને અત્યારે જે અજિતને પોતા તરફ દોરી રહી છે તે, અચલાના અજિત સાથેના સંવાદમાં ફરી ઘાટા ટાઈપ વપરાયા અને પછી તરત જ ૨૩મા પાને પેલા મિત્ર દિલીપના શબ્દો તરત જ એવા ઘાટા ટાઈપમાં! તો આ અસંબદ્ધતા શા માટે હશે? વચ્ચેવચ્ચે વિજ્ઞાન-તત્ત્વજ્ઞાન વિષેનાં ટૂંકા વાર્તિકો આવે છે તેનો, જૂની વાર્તાકલાને માથે માછલાં ધોવાયાં એમાના એક તત્ત્વના, અહીં કયો નવો વિનિયોગ? વળી, ગદ્યની સર્જનાત્મક લઢણો શા માટે એકલી વાર્તામાં જ? ગમે તે સર્જનાત્મક ગદ્યકૃતિમાં એ લઢણના તાગ કાઢવાનો સમર્થ સર્જકનો સન્નિષ્ઠ પ્રયાસ હોય જ. આ બધું જોતાં આ વાર્તાઓ કલાનિર્મિતિ માટેના પ્રયોગોનો ખખારો બની રહે છે. આ તબક્કે આ જ વાર્તામાં પૃ. ૨૩ પર દિલીપના જે શબ્દો છે તે અહીં ઉતારવાનું મન થઈ આવે છે: 'વેલ, લખ, હજુ આગળ લખ. લેટ્સ સી. કશુંક નીપજી આવે છે કે કેમ. ગૉડ બ્લેસ યુ!' પણ આ બધું દિલીપ અજિતને કહે છે તે પૂર્વે અજિતે નાખ્યું: 'અંતે, એણે સહાનુભૂતિ પ્રકટ કરતાં કહ્યું.' આમ, અજિત જેવા નવ લઢણમાં રાચતા લેખકને પાછા પેલા (જૂનવાણી?) દિલીપની સહાનુભૂતિની ય અપેક્ષા તો ખરી જ! (પ્રકા. સુવાસિત સાહિત્ય પ્રકાશન, સુરત; કાચું, પૃ. ૧૬૫, રૂ ૨૦.)

મધ્યમા : વાણીના ચાર પ્રકાર જે આપણાં દર્શનશાસ્ત્રોએ સ્વીકાર્યા છે તેમાંથી મધ્યમા પ્રકારની વાણીના સ્તરે સ્વપ્નિલ ચૈતસિક સ્થિતિનાં શ્રી રાજેન્દ્ર શાહનાં આ કાવ્યો અહીં બે વિભાગમાં વહેંચાએલાં છે, દૈનંદિની અને નિશ્ચિત નયને. વાણીની તાકાત વાચકને પણ મધ્યમાની સ્થિતિનો અનુભવ કરાવવા પ્રયોજાઈ છે. (પ્ર. પોતે જ, મહેતા પોળ, કપડવણજ. કાચું પૂઠું. પૃ. ૮૯, રૂ. ૧૦.)

કટોકટીના કાવ્યોદ્ગાર : શ્રી ઇન્દિરા ગાંધીના રાજ્યામલ દરમિયાન વીસ માસની જે કટોકટી લદાઈ હતી તે ગાળાની માનવમનની, સમાજની ને સ્વાતંત્ર્યની સ્થિતિને વાચા આપતાં આ ગદ્યકાવ્યોના સર્જક છે શ્રી રતુભાઈ દેસાઈ. નૈમિત્તિક રચનાઓ પણ કાવ્યોદ્ગાર બની શકે, પરંતુ અહીં સર્જકનું ધ્યેય કાવ્યસિદ્ધિનું નથી એવું એમણે ગ્રંથારંભે સૂચવી જ દીધું છે. (પ્રકા. પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન, પાર્વતી નિવાસ, હનુમાન રોડ, વિલેપારલે (પૂર્વ), મુંબાઈ ૫૭, કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૧૦.)

પ્રાચીન વિભૂતિઓ : 'અખંડ આનંદ' માસિકમાં શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ દ્વારા આલેખાએલાં પ્રાચીન-મધ્યકાલીન વિભૂતિઓનાં ૩૨ જીવનચરિત્રોનો આ સંગ્રહ એની શૈલીની સરળતા અને રસમયતાથી સુવાચ્ય બન્યો છે, તો ચરિત્રનાયકોના જીવનના પ્રેરક પ્રસંગોથી પ્રેરણારૂપ બન્યો છે. જીવનઘડતરમાં વિવિધ ગુણોને ખીલવવામાં આ પ્રકારના ચરિત્રગ્રંથોનું વાચન આવકાર્ય બની રહેશે. (સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૬.)

સો ટચનું સોનું : અગાઉ 'અખંડ આનંદ' માસિકમાં પ્રકટ થઈ ગએલી ૧૯ વાર્તાઓ અહીં સંગૃહીત કરવામાં આવી છે. પ્રસંગની આજુબાજુ ગૂંથાએલી આ વાર્તાઓના લેખકો સિદ્ધહસ્ત વાર્તાકારો છે એટલે એમાં વાર્તાનો સ્તર સારો જળવાઈ રહ્યો છે. સર્વશ્રી ઇશ્વર પેટલીકર, ચુનિલાલ મડિયા, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, ભગવતીકુમાર શર્મા, શિવકુમાર જોષી, સારંગ બારોટ, સ્નેહરશ્મિ, હસિત બૂચ આદિની આ વાર્તાઓ ધ્યેયગામી હોઈ સુપથ્ય વાચનસામગ્રી પૂરી પાડે છે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૨૧૨, રૂ. ૪)

શાંતિ પારાવાર : અગાઉ 'અખંડ આનંદ'માં પ્રસિદ્ધ થએલી જીવનલક્ષી ને કલાત્મક ૧૯ વાર્તાઓના આ સંગ્રહના સર્જક છે જાણીતા લેખક શિવકુમાર જોષી. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ ૪-૫૦)

સ્વામી સહજાનંદની પ્રસંગકથાઓ: સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્ય સ્થાપક સહજાનંદ સ્વામીની બસોમી જન્મ જયતી ઉજવાવાના મંગલ ટાણે તેમના જીવનના પ્રેરક પ્રસંગો આલેખતું શ્રી નાનુભાઈ દવે લિખિત આ પુસ્તક ચરિત્રાત્મક સાહિત્યમાં સારું સ્થાન પામે તેવું બન્યું છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું પૃ. ૧૫૬, રૂ. ૩-૫૦.)

દુનિયાને ઊંધાં ચશ્માં : હાસ્ય અને કરુણ બંનેની મિશ્ર સેર વહાવતા શ્રી તારક મહેતાના ત્રિઅંકી પ્રહસનની આ છે બીજી આવૃત્તિ. (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, રતન પોળ નાકા સામે, ગાંધી રોડ અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ ૧૧૫, રૂ. ૬.)

નવરંગ મેળો : મુંબાઈના 'જનશક્તિ' દૈનિકમાં 'નવરંગ મેળો' નામક કટારમાં શ્રી હીરાલાલ ફોફલીઆએ સામાન્ય જ્ઞાનના જે લેખો લખ્યા હતા તેમાંના કેટલાકનો આ સંગ્રહ 'જાદુ', કસોટી', 'ઉકેલ', 'માનસશાસ્ત્ર'

દિવંગત

ડૉ. પ્રાણજીવનદાસ મહેતા

પાશ્ચાત્ય ચિકિત્સા વિજ્ઞાનના પારગામી વિદ્વાન યશસ્વી ચિકિત્સક તથા આયુર્વેદના પ્રખર પુરસ્કર્તા ડૉ. પ્રાણજીવનદાસ મહેતાનું ૮૨ વર્ષની વયે ગઈ ૧૫મી માર્ચે અવસાન થયું. જામનગરમાં અભ્યાસ કર્યા બાદ મુંબાઈની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં દાક્તરી વિદ્યાનું અધ્યયન કરી તેઓ ૧૯૧૪માં એલ. એમ. ઍન્ડ એસ., ૧૯૨૩માં એમ. ડી. અને ૧૯૨૮માં એમ. એસ. થયા હતા.

ચિકિત્સાક્ષેત્રમાં એમની એક મિશનરીની શ્રદ્ધા અને ધગશપૂર્વકની કાર્યનિષ્ઠાભરી ભાવનાઓથી આકર્ષાઇને નવાનગર(જામનગર)ના જામસાહેબ શ્રી દિગ્‌વિજયસિંહજીએ એમને રાજ્યના મુખ્ય મેડિકલ ઑફિસર તરીકે નિયુક્ત કર્યા. આ જવાબદારીમાં એમનું કર્તવ્ય ઓર દીપી ઊઠયું. આ જ અરસામાં નિયતિના કોઈ અદ્‌ભુત સંકેતથી ડૉ. મહેતા આયુર્વેદ પ્રતિ આકર્ષાયા અને એમણે ભારતની આ પ્રાચીન ચિકિત્સાવિદ્યાનું અધ્યયન ને અનુશીલન કર્યું પરિણામે આયુર્વેદની વિશેષતાઓ અનુભવીને એમણે પોતાની સમગ્ર શક્તિ અને પ્રતિભા આયુર્વેદશાસ્ત્રના અધ્યયન, અનુશીલન, વિકાસ અને પ્રસાર માટે સમર્પિત કરી દીધી. રાજ્ય તરફથી પણ એમના આ કાર્યમાં સર્વ પ્રકારની સહાય મળી અને તેના પરિણામે ભગીરથ પુરુષાર્થ અને વ્યવસ્થિત આયોજન કરીને મહારાણી શ્રી ગુલાબકુંવરબાની સહાયથી જામનગરમાં આયુર્વેદ સોસાએટી, આયુર્વેદ કૉલેજ, સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર રિસર્ચ ઈન આયુર્વેદ, સ્નાતકોત્તર આયુર્વેદ ટ્રેનિંગ સેન્ટર, આયુર્વેદ મુદ્રણાલય વગેરે અનેક સંસ્થાઓ ઊભી કરીને જામનગરને આયુર્વેદશાસ્ત્રનું વિદ્યાધામ બનાવી દીધું. ડૉ. મહેતાના પ્રયત્નોથી ગુજરાત યુનિવર્સિટીમાં પણ આયુર્વેદની વિદ્યાશાળાનો સમાવેશ થયો છે.

આવી અનુકૂળ પૃષ્ઠ ભૂમિકા અને ડૉ. મહેતાની કર્તવ્યનિષ્ઠા તથા યોજનાશક્તિ જોઇને ગુજરાત સરકારે ૧૯૬૬માં ભારતભરમાં સર્વપ્રથમ અને અજોડ એવી 'આયુર્વેદ યુનિવર્સિટી'ની સ્થાપના કરી. આ સમસ્ત વિરાટ આયોજનપાછળ ડૉ. મહેતાની આયુર્વેદ ભક્તિ, કાર્યપ્રતિભા અને વ્યાપક દૃષ્ટિ કારણભુત હતી, અને આયુર્વેદના આ નવપ્રબોધનની પ્રવૃત્તિમાં જામનગરના રાજ-પરિવારનો પૂર્ણ સહકાર હતો.

ભારતભરમાં અજોડ એવા 'સૂર્ય ચિકિત્સા મંદિર'—સોલેરિયમની સ્થાપનામાં પણ ડૉ.



ડૉ. પ્રાણજીવનદાસ મહેતા

મહેતાએ અગ્ર ભાગ ભજવ્યો હતો વિશદ શાસ્ત્રીય વ્યાખ્યા, સ્પષ્ટીકરણ અને વિવિધ વાચનાઓ સહિત એમણે 'ચરક સંહિતા'નું મોટા છ ગ્રંથોમાં ગુજરાતી, હિંદી ને અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે. 'ત્રિદોષ વિજ્ઞાનમ્', 'આતુર ચિકિત્સા વિજ્ઞાનમ્' વગેરે જેવા અભ્યસનીય ગ્રંથો ઉપરાંત એમણે બસો જેટલા શોધનિબંધો પણ લખ્યા છે. ડૉ. મહેતા ગુજરાત રાજ્ય અને ભારતની અનેક વિદ્યાસમિતિઓ, કાર્યસમિતિઓ અને આયુર્વેદ શોધ-સંસ્થાઓ સાથે પણ સક્રિયપણે સંકળાએલા હતા. એમની આવી વિપુલ સેવાઓ અને સાધનાના સમ્માનમાં જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીએ ૧૯૭૯માં એમને 'ડી. લિટ્.'ની માનદ પદવીથી નવાજ્યા હતા. પોતાનાં વિધવિધ કર્તૃત્વો અને આયોજનોના લીધે તેઓ એક જીવંત સંસ્થા સમા બની ગયા હતા.

ડૉ. વી. રાઘવન્

વિશ્વખ્યાત પ્રાચ્ય વિદ્યા પંડિત અને સંસ્કૃત-સ્કૉલર ડૉક્ટર વી. રાઘવન્ પમી એપ્રિલે ૭૧ વર્ષની વયે મદ્રાસમાં કૈલાસવાસી થયા.

પોતાના ગુરુવર્ય મહા મહોપાધ્યાય કુપ્પુસ્વામી શાસ્ત્રીઆરના આદેશ પ્રમાણે એમણે પોતાનું સમસ્ત જીવન સંસ્કૃત વિદ્યાઓ અને ભારતીય સંગીતકલાની સેવામાં અર્પી દીધું હતું. પોતાના એ ગુરુજીની સ્મૃતિમાં સ્થપાએલી સંસ્કૃત વિદ્યાઓની સંશોધન સંસ્થાના તેઓ સર્વેસર્વા હતા. અલંકારશાસ્ત્ર ને ભારતીય સંગીત એમના અતિ પ્રિય વિષયો હતા. મહારાજા ભોજરાજરચિત 'શૃંગાર પ્રકાશ' નામક સુવિદિત શાસ્ત્રીય ગ્રંથ વિષે વિશદ સંશોધન અને વિવેચન લખવા માટે એમને ૧૯૩૫માં ડૉક્ટરેટની ઉપાધિ મદ્રાસ યુનિવર્સિટીએ આપેલી. પછી એ જ ગ્રંથની પરિવર્ધિત, સંશોધિત, વિસ્તૃત, વિશદ આવૃત્તિ માટે નવી દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી ૧૯૬૩માં એમને પાંચ હજાર રૂપિયાનું પારિતોષિક આપવામાં આવ્યું હતું.



ડૉ. વી. રાઘવન્

ભારતીય સંગીત નાટક અકાદમીના તેઓ સંસ્થાપક સદસ્ય હતા. મદ્રાસ વિશ્વ વિદ્યાલયના સંસ્કૃત સાહિત્ય વિભાગના અધ્યક્ષના પદને એમણે વર્ષો સુધી દીપાવ્યું હતું. મદ્રાસ સંગીત અકાદમી દ્વારા તેઓએ પ્રાચ્ય-સંગીતજ્ઞો અને પાશ્ચાત્ય સંગીત વિશારદો વચ્ચે આદાન-પ્રદાનની પ્રવૃત્તિ ચલાવી હતી. વિગત બે શતાબ્દીઓમાં યુરોપ અને અમેરિકામાં સંસ્કૃતવિદ્યાઓના સંશોધન અને અનુશીલનનું કેટલું કાર્ય થયું છે—તેના સર્વેક્ષણ પરત્વે એમણે 'વિદેશોમાં સંસ્કૃત વિદ્યાઓનું અધ્યયન' નામની સુંદર ચોપડી અંગ્રેજીમાં લખી છે.

વિશ્વભરમાં વિદ્યમાન મુદ્રિત અને હસ્તલિખિતસંસ્કૃત ભાષાની વિરાટ ગ્રંથસૂચિ તૈયાર કરવાનું મહાન કાર્ય ગઈગતિમાં જર્મન પ્રાચ્યવિદ્વાન ઑફરેક્ટ મહાશયે કૅટલૉગસ્ કૅટલૉગોરમ્ નામથી ઉપાડયું હતું. તેના વિશાળ ખંડોનું પુનઃ સંપાદન, સંશોધન, પરિવર્ધન ને પ્રકાશનનું વિપુલ કાર્ય(મદ્રાસ યુનિવર્સિટી)ના તત્ત્વાવધાનમાં) શ્રી રાઘવને ઉપાડેલું હતું. સેંકડો શોધનિબંધો, વ્યાખ્યાનો, વિચાર ગોષ્ઠીઓ ઉપરાંત તેઓ સંસ્કૃત નાટકોના અભિનય વિષે સારું માર્ગદર્શન આપતા હતા. 'અનારકલી' નામનું એક સુંદર સંસ્કૃત નાટક પણ એમણે લખ્યું છે. એમનું કર્તૃત્વ એક સંસ્થા જેવું વિપુલ અને ગુણવત્તાવાળું હતું. પ્રભુ એમના દિવંગત આત્માને શાંતિ આપો.

—શંકરદેવ વિદ્યાલંકાર

આદિ ક્ષેત્રના વિષયોની રસમય છણાવટ કરે છે. (પ્ર. ઉપર મુજબ, કાચું, પૃ. ૨૧૦, રૂ. ૮.)

પરલોકનાં પુષ્પોઃ જાણીતા પીઢ વાર્તાકાર શ્રી ગુલાબદાસ બ્રોકરે આ પુસ્તકમા જગતની કેટલીક ઉત્તમ જાણીતી વાર્તાઓનાં અનુવાદ-રૂપાંતરો આપ્યાં છે તે વાચકને વિશ્વવાર્તાના પ્રદેશમાં લઈ જાય છે. વિશ્વની વાતો કઈ રીતે આગળ વધી છે તેની પણ અહીં એ નિમિત્તે ઝાંખી થઈ રહે છે. વાર્તારસિકોને માટે

આ પુસ્તક માતબર મહેફિલ જેવું પુરવાર થશે. (વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, રતનપોળ નાકા, ગાંધીરોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૧૮૨, રૂ. ૧૫)

કલાપી, સુમન ને મિત્રમંડળ : કવિ કલાપીના મિત્ર સ્વ. દરબાર શ્રી વાજસુરવાળા-'સુમન'-ની કલમે કવિના જીવન અને સમયની આલેખાએલી આ તસ્વીર સાહિત્યિક અંચળો ઉતારીને સરળતાથી પણ એક સમર્થ સાહિત્યકારની ક્ષરાક્ષર છવિની કેટલીક લકીરો ખેંચી આપે છે. આ સામગ્રી કલાપીના અભ્યાસીઓ અને ચાહકોને ઉપયોગી અને રસપ્રદ વાચન પૂરું પાડશે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૪૧, રૂ. ૧૦.)

કોયડા-ગુચ્છ-૧ : ગણિતના રસપ્રદ કોયડાઓ અને તેના ઉકેલો દર્શાવતી શ્રી સતીશચંદ્ર પ્ર. દેસાઈ લિખિત આ લઘુ પુસ્તિકા આજના યુગમાં અઘરા જણાતા ગણિતના વિષય પરત્વે સહુને અભિમુખ કરે તેવી, જ્ઞાન અને આનંદપ્રદ બની શકી છે, અને તેથી તેની ઉપયોગિતા શિક્ષણપૂરક સામગ્રી તરીકે ઘણી વધી જાય છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૯૫, રૂ. ૩–૫૦.)

લોકસાહિત્યની ચતુરાઇ કથાઓ : લોકજીવનમાં આમેજ થઈ ગએલી લોકસર્જકોની બુદ્ધિચાતુર્યભરી લોકકથાઓનું આ સંપાદન તેના સંપાદક શ્રી જોરાવરસિંહ જાદવની લોકસાહિત્યની દિશામાં અવિરત કામ કરવાની ધગશ અને સૂઝનું દ્યોતક બની રહે તેવું છે. (પ્રકા. સોનલ પ્રકાશન, આરાધના સોસાયટી, જીવરાજ પાર્ક, અમદાવાદ.૫૧; પાકું પૂઠું, પૃ. ૨૫૨, રૂ. ૧૨–૭૫.)

આપણી સર્જક પ્રતિભા: શાળા-મહાશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્યકારોનો અછડતો પરિચય મળી રહે તેવી આ શ્રેણીમાં ડૉ. મફત ઓઝાએ ભાલણ, કલાપી, ગોવર્ધનરામ, દયારામ, કનૈયાલાલ મુનશી, ન્હાનાલાલ એમ છ સર્જકો પર ૪૦ થી ૯૦ પૃષ્ઠોની લઘુ પુસ્તિકાઓ પ્રકટ કરી છે. (પ્રકા. ઉપર મુજબ; પ્રત્યેકનું કાચું પૂઠું, કિ. રૂ. ૨–૫૦ થી ૩–૫૦.)

રોગો અને સારવાર—ભાગ ૩-૪: 'કુમાર'ના વાચકોને પરિચિત એવા વૈદ્ય લેખક નવીનભાઈ ઓઝાએ આ બંને ભાગમાં થઇને બહેનોના માસિકના રોગો, મેદવૃદ્ધિ, હરસ-મસા, પેટના રોગો, ચામડીના રોગો, જાતીય નબળાઈ, અમ્લપિત્ત, બાળરોગો, અનિદ્રા, વાળની માવજત, દાંતની સંભાળ આદિ વિષે માહિતી આપી તેના સહજ ઉપચારો પણ વર્ણવ્યા છે. (પ્રકા. ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા ૧; બંનેનું પાકું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૨૯૪, પ્રત્યેકની કિ. રૂ. ૭–૫૦.)

ફિરોજશાહ મહેતા: ભારતના રાષ્ટ્રીય પુનરુત્થાનમાં અને સ્વરાજની ચળવળમાં આગળપડતો ભાગ લેનાર એક નરવીર સર ફિરોઝશાહ મહેતાની રાજકીય કારકિર્દીનું હોમી મોદી કૃત 'સર ફિરોઝશાહ મહેતા : અ પોલિટિકલ બાયોગ્રાફી'નું આ ગુજરાતી સંક્ષિપ્ત સંસ્કરણ વ્રજરાય દેસાઇએ કર્યું છે, જે તત્કાલીન ભારતની રાજકીય તવારીખનો અચ્છો ચિતાર આપી જાય છે. આજના સ્વતંત્ર નાગરિકો માટે સ્વરાજ કાજે મથનાર આવા મહાનુભાવોનાં ચરિત્ર પ્રેરણાદાયી થઈ પડશે. (પ્રકા. પબ્લિકેશન્સ ડિવિઝન, સુપર બજાર, બીજો માળ, કૉનૉટ સર્કસ, નવી દિલ્હી ૧, કા. પૂઠું, પૃ. ૨૧૪. રૂ. ૬.)

જેલવીતી: પીઢ પત્રકાર માડવીઆના પાકિસ્તાનમાંના ત્રણ વર્ષના કારાવાસની આ કથા ચીલાચાલુ જેલયાત્રાની કથાથી એની લખાવટ, રજૂઆત, નિરૂપણ, આશય વગેરે દૃષ્ટિથી ભિન્ન પડે છે અને એક સંવેદનશીલ માનવ હૈયામાં ડોકિયું કરાવી જાય છે. ઊંચા કાગળ અને સુઘડ છપાઈ આવકાર્ય છે. (પ્રકા. શાહીન પબ્લિકેશન્સ, કાયદે-આમના જન્મસ્થાન સામે, ન્યુનહામ રોડ, કરાચી-૨; કાચું પૂઠું, પૃ. ૨૮૪, રૂ. ૧૫.)

સંઘર્ષમાં ગુજરાત: શ્રી ઇંદિરા ગાંધીના અમલ દરમિયાન જે કટોકટી લદાઈ હતી તે કાળના ગુજરાતમાં શી શી ભૂગર્ભ પ્રવૃત્તિઓ થઈ ને એ કટોકટી સામેના સંઘર્ષમાં ગુજરાત કઈ રીતે ઊભું રહ્યું તેનો દસ્તાવેજી ઇતિહાસ શ્રી નરેન્દ્ર મોદીના આ પુસ્તકમાં મળી રહે છે. (પ્ર. સાધના પુસ્તક પ્રકાશન, ખમાસા ગેટ પાસે, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૯૩, રૂ. ૧૨.)

અંકુર: ગઝલના પરંપરાગત બંધમાં મુખ્યત્વે માનવજીવન, જગત અને જગદીશ્વરને વિષયભૂત બનાવતી સાદીસીધી ગઝલોનો શ્રી તુરાબ 'હમદમ'નો આ પ્રથમ સંગ્રહ તેની લાગણીની સચ્ચાઈ અને અભિવ્યક્તિની સાદાઈ ને લીધે પણ વાંચવો ગમશે, અને કવિ જો કલાપક્ષની વધુ સાધના કરે તો ભવિષ્યમાં સારી કૃતિઓ મળી રહેવાની પણ આશા જન્માવશે. (પ્રકા. તમન્ના કાર્યાલય, બગસરા–૩૬૪૪૪૦; કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૨.)

ઈશુ ભાગવત: ઈશુ ખ્રિસ્તના જીવનપ્રસંગો અને બોધને સૌરાષ્ટ્રની તળપદી બાનીમાં નિરક્ષરો પણ સમજી જાય અને સમજીને રાજી થાય તેવી રીતે બોલચાલની શૈલીમાં સ્વામી આનંદે અહીં રજૂ કર્યા છે. આ પ્રકારનું નિરૂપણ સ્વામી આનંદના સાહિત્યરાશિમાં તો આગળ તરી જ આવે છે, પણ ગુજરાતીમાં ઈશુની વાત આમ આ પ્રથમ વાર જ જાણે કહેવાઈ લાગે છે. વિવિધ સમયે લખાએલાં આ પ્રસંગચિત્રો હોઈ એમાં સળંગ ચરિત્રની સુબદ્ધતા જોવા ન મળે તો ય જે રસમય આલેખન છે તે તો જરૂર માણી શકાય તેવું છે. (પ્રકા. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૧૦૨, રૂ. ૬.)

માધવમધુ: સામાન્યરીતે કોઈ વિદ્યાક્ષેત્રનાં સંમેલનો વખતે સ્મરણિકા પ્રકટ કરવાનો જે ચાલ છે તે ચાલની રૂએ સૌરાષ્ટ્રમાં માધવપુરમાં ૧૯૭૮માં મળેલા ગુજરાત ઇતિહાસ પરિષદના પાંચમા જ્ઞાનસત્ર નિમિત્તે પ્રકટ થએલી આ પણ સ્મરણિકા જ છે. પરન્તુ ચીલાચાલુ સ્મરણિકાથી ચાતરીને તેના સંપાદકો સર્વશ્રી નરોત્તમ પલાણ ને નાથાલાલ રૈયારેલાએ આમાં માધવપુરનો શ્રદ્ધેય ઇતિહાસ વિવિધ લેખકોની કલમે રજૂ કર્યો છે તે આપણાં સંસ્કૃતિવિષયક લખાણોના સંચયોમાં મહત્ત્વનો ઉમેરો કરે તેવું ગ્રંથસ્વરૂપ પામ્યો છે. (નાથાલાલ રૈયારેલા, માધવપુર, કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧૦.)

જેસલતોરલ: ભજનોમાં પ્રાપ્ત થતી જેસલતોરલ વિષેની માહિતીની અપૂર્ણતા ને અશ્રદ્ધેયતા પિછાની આ પુસ્તિકાના લેખક ગોસ્વામી મોહનપુરીએ જેસલતોરલ વિષેના પ્રચલિત મતમતાંતરો તપાસી, એઓ કોણ હતાં, ક્યારે અને ક્યાં થઈ ગયાં, તેમના સમકાલીન સંતો કોણ વગેરે તથ્યો મેળવવાનો સમ્યક્ પ્રયાસ કર્યો છે તે જોતાં આ પુસ્તિકાને 'એક ઐતિહાસિક અન્વેષણ' નામક પેટાશીર્ષક અપાયું છે તે સાર્થ લાગશે. (પ્રકા. ગોસ્વામી મોહનપુરી, બોખીરા, જ્યુબિલી, પોરબંદર; કાચું પૂઠું, પૃ. ૫૨, રૂ. ૨.)

અમદાવાદનો ઇતિહાસ: છેક ઈ. ૧૮૫૧માં ગુજરાત વિદ્યાસભાએ લિથોગ્રાફીમાં છપાવેલો મગનલાલ વખતચંદ શેઠ કૃત અમદાવાદનો આ ઇતિહાસ છેલ્લાં કેટલાંય વર્ષોથી અપ્રકટ હતો. આજ તો આ નગરનો ચહેરોમહોરો જ જાણે પલટાઈ ગયો છે ત્યારે પ્રસ્તુત અપ્રાપ્ય પુસ્તકની આ બીજી આવૃત્તિ અમદાવાદનો ઇતિહાસ જાણવા ઉત્કંઠ રસિયાઓમાં ખૂબ જ આવકાર્ય બની રહેશે. આ આવૃત્તિમાં તેના રચયિતા મગનલાલ વખતચંદ શેઠના ટૂંકા ચરિત્ર ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યની એવી અમદાવાદની ઈમારતોના ફોટોગ્રાફો પણ આર્ટપેપર પર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તે આ આવૃત્તિમાં મૂલ્યવાન ઉમેરો રૂપ છે. (પ્રકા. ગુજરાત વિદ્યાસભા, પ્રેમાભાઈ હૉલ, ભદ્ર, અમદાવાદ ૧; કાચું પૂઠું, પૃ. ૧૨૭, રૂ. ૧૦.)

દાક્તરી તપાસ

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

તંદુરસ્તીમાં તમારા પોતાના શરીરનું તાપમાન કેટલું રહે છે તેની તમને જાણ છે? સ્ત્રી અને પુરુષ, વૃદ્ધ અને બાળક-નાં શરીરના તાપમાનના તફાવતની તમને જાણ છે? તમે ટેમ્પરેચર માપ્યું હશે પણ દાક્તર તેની સાથે નાડીના ધબકારા અને શ્વાસોચ્છ્વાસની ગતિ પણ માપે છે એ શા માટે?

નિરામય શરીરમાં ગરમીનું પ્રમાણ, નાડીના ધબકાર અને શ્વાસોચ્છ્વાસની ગતિનું નિયંત્રણ એટલી ચોકસાઈથી થાય છે કે એમાં કંઈ પણ ફેરફાર તે શરીરમાં ક્યાંક રોગાવસ્થા ઊભી થવાના કારણરૂપ સાબિત થાય છે. એટલે દર્દનું નિદાન કરતી વખતે દાક્તર દર્દીના શરીરનું ઉષ્ણતામાન, નાડી અને શ્વાસોચ્છ્વાસની સ્થિતિ પણ તપાસે છે. માણસ બીમાર હોય ત્યારે કે તેના પર શસ્ત્રક્રિયા થઈ હોય તે પછીના દિવસોમાં યે બેચાર વખત શરીરનું તાપમાન નિયમિતપણે નોંધવાનો આગ્રહ રખાય છે. ગરમી એ શક્તિનું જ રૂપ છે ને તેના પરથી શારીરિક શક્તિનો અંદાજ પામી શકાય છે.

માણસે લીધેલા ખોરાકનો પરિપાક શરીરના કોષોમાં જાય છે અને શ્વાસ દ્વારા ફેફસાંમાં થઈને લોહીમાં ભળેલો પ્રાણવાયુ તેનું જ્વલન કરે છે. એથી પેદા થએલી ગરમી—અને એ દ્વારા શક્તિના પ્રાકટ્ય તથા વિસર્જનની એક નિયંત્રિત ક્રિયા સતત ચાલતી રહે છે. સામાન્યતઃ તંદુરસ્ત શરીરનું ઉષ્ણતામાન એટલે કે 'બૉડી ટેમ્પરેચર' ૯૮.૬° ફે. (૩૭° સે.) જેટલું રહે છે. વ્યક્તિગત રીતે તેમાં એકાદ અંશની વધઘટ પણ હોઈ શકે, એટલે તંદુરસ્તીમાં પોતાના શરીરનું સામાન્ય તાપમાન જાણી રાખ્યું હોય અને જરૂર પડયે દાક્તરને તે જણાવ્યું હોય તો નિદાન કરવામાં એ સહાયક બની શકે. વળી, એ પણ જાણવું જરૂરી છે કે દિવસે શરીરનું તાપમાન સહેજ વધે છે અને રાતે ઊંઘમાં સહેજ ઘટે પણ છે. કાર્યરત માણસનું ઉષ્ણતામાન પણ ક્યારેક સામાન્ય કરતાં સહેજ વધારે લાગે છે, તો નાનાં બાળકોમાં એ મોટેરાંઓ કરતાં વધુ—લગભગ બે અંશ જેટલું વધારે રહે છે.

રોગાવસ્થામાં રોગના જીવાણુઓનાં વ્યયદ્રવ્યોને બાળવા શરીરની ગરમી વધે એવી કાયાની એક કરામત છે. ગરમીના આ વધારાને આપણે 'તાવ' કહીએ છીએ. આમ, તાવ એ કેટલાક રોગનું એક લક્ષણ છે. રોગાવસ્થામાં તાવ ક્યારેક ઉપકારક હોય છે એ ખરું, પણ લાંબો સમય તાવ રહે તો શરીરની કેટલીક નાજુક ક્રિયાઓને એ હાનિ પણ પહોંચાડે છે તાવ ક્યારે અને કેટલો ઉપકારક છે અને ક્યારે હાનિકર એ નક્કી કરવાનું કામ દાક્તરનું હોઈ ઘરગથુ ઉપચારો વડે તાવને દાબી દેવો એ બરાબર નથી

તાવ માપવા માટેનું થર્મોમીટર આજે તો ઘેરઘેર જાણીતું સાધન છે મોંમાં જીભ તળે તે રાખીને કે બગલ અથવા જાંઘના મૂળમાં દબાવીને તથા નાનાં બાળકોની ગુદામાં મૂકીને થર્મોમીટર દ્વારા શરીરનું તાપમાન લેવાય છે એની પણ સૌને જાણ હશે. પરંતુ ગુદામાં માપેલું ટેમ્પરેચર અર્ધાથી એકાદ અંશ વધારે જણાય છે. શરીર દિવસ કરતાં રાતે સહેજ ઓછું ગરમ હોય છે, ઘડપણમાં શરીરની ગરમી સહેજ ઓછી અને બાળપણમાં—ખાસ કરીને બાળક રડયું હોય તે પછી તુરત થોડી વધારે હોય છે. લોહીસ્રાવ, રોગ મટયા પછી શક્તિ મેળવવાની શરીરની (કૉન્વેલેસન્સની) સ્થિતિ, હૃદયની અપગતિ ને મૂર્છા વગેરેમાં પણ શરીરની ગરમી ઘટેલી હોય છે. વળી, ઉષ્ણતામાન માપીને સ્ત્રીઓની ગર્ભાવસ્થાની સ્થિતિનો અંદાજ પણ કાઢી શકાય છે. છેલ્લા રજસ્રાવના આરંભના દિવસથી દસથી ચૌદમા દિવસ દરમિયાન જ્યારે બીજાશયમાંથી બીજ છૂટું પડી બીજવાહક નલિકામાં આગળ જઈ રહ્યું હોય છે ત્યારે સ્ત્રીના શરીરનું તાપમાન અર્ધાથી એક અંશ જેટલું વધુ રહે છે, અને એ પછી પાછું સામાન્ય બની જાય છે. આના પરથી ગર્ભાધાન માટેના યોગ્ય દિવસો જાણી શકાય છે. તાપમાનનો આ ચારેક દિવસનો વધારો જો વીસ દિવસ સુધી ટકી રહે તો એ બીજ ફલિત થયાનો એટલે કે ગર્ભ રહ્યાનો સૂચક પણ હોઈ શકે. આમ, શરીરનું ટેમ્પરેચર માપવું એ દાક્તરી તપાસમાં અનેક રીતે ઉપયોગી છે.

એક સો ડિગ્રી જેટલો તાવ એ સાધારણ અને ૧૦૪ જેટલો એ વધારે તાવ (હાઈ ફીવર) મનાય છે. એથી વધુ તાવ એ અતિજ્વર (હાઈપર પાઇરેક્સિયા) કહેવાય છે. તાવ ૧૦૦ ડિગ્રીથી આગળ વધે ત્યારે દાક્તરની સલાહ લેવી જરૂરી છે.

કેટલાક રોગોમાં તાવ અમુક લાક્ષણિકતા દાખવે છે. 'ચડઊતરીઓ તાવ' ને 'એકાંતરીઓ તાવ' વગેરે એની લાક્ષણિકતા પરથી આવેલાં છે. તાવની આવી વિવિધ લાક્ષણિકતા જોઈ દાક્તર રોગ પારખે છે. મૅલેરિયા, ઈન્ફ્લુએન્ઝા અને બળિયા વગેરે વખતે ઓચિંતો તાવ ચડે છે. તાવ દરમિયાન પુષ્કળ ઝાડા કે લોહીસ્રાવ થાય ત્યારે શરીરની ગરમી ઘટે છે. ધનુર, કૉલેરા, કૅન્સર ફેફ્રું કે મગજમાં રક્તાઘાત (ઍપોપ્લેક્સી)માં વધુ તાવ એ મરણોન્મુખતાની નિશાની છે. ડિપ્થેરિયા ને ટાઇફૉઈડ વખતે ટેમ્પરેચરમાં બહુ વધારે દેખાતો નથી, તો સાધારણ ટેમ્પરેચર હોવા છતા યે દર્દી ક્યારેક ગંભીર રીતે બીમાર પણ હોઈ શકે છે. એટલે માત્ર ટેમ્પરેચર લેવું એ દર્દીની તંદુરસ્તી કે બીમારી સમજવા માટે પૂરતું નથી, પણ એનાથી દાક્તરને નિદાન અને ઉપચાર માટે દિશાસૂચન મળે છે. અને એટલે જ તાવ આવે ત્યારે દરેક વખતે દાક્તરની સલાહ લીધા વિના ઍસ્પિરિનની ગોળીઓ લેવી, પુષ્કળ પાણી કે ફળના રસ પીવા યા માથે પોતાં મૂકવાં જેવા ઘરગથુ ઉપાયો અજમાવવા હિતાવહ નથી. કેમ કે માંદગીનાં અન્ય લક્ષણો સાથે તાવ પણ એક નિશાની હોઈ એને એવા ઈલાજ કરી દબાવી દેવો એ ક્યારેક શરીરની નહિ પરખાએલી કોઈ બીમારીની નિશાની ભૂંસી નાખવા જેવું ને કવચિત જોખમી પણ બની શકે.

પણ શરીરનું તાપમાન જાણવા માત્રથી રોગનું ખરું નિદાન થતું નથી. એ માટે દાક્તર બીજી પણ તપાસ કરે જ છે. નાડી-પરીક્ષા એવી એક તપાસ છે. હાથના કાંડા પર અંગૂઠાના મૂળ પાસે પોતાની આંગળીઓ દાબીને અને ઘડિયાળ સામે નજર રાખીને દાક્તર જે રીતે નાડી તપાસે છે તેનો પણ સૌને અનુભવ છે.

હૃદયના સંકોચન વડે લોહીની નળીઓમાં જ્યારે જ્યારે લોહી ધકેલાય છે ત્યારે ત્યારે તેમાં એક થડકારો અનુભવાય છે. હૃદયના ધબકારાની સાથે એ તાલબદ્ધ હોય છે. તંદુરસ્ત સ્થિતિમાં નાડી એકધારી એકસરખી ધબકે છે ને તેનો દરેક ધડકાર સ્પષ્ટ હોય છે પુરુષ કરતાં સ્ત્રીની નાડી વધુ ધબકે છે. વય અનુસાર પણ તેમાં ફેર પડે છે શરીરની તંદુરસ્ત અને આરામભરી સ્થિતિમાં એકથી ત્રણ વર્ષની વય દરમિયાન એક મિનિટમાં નાડીના ૧૦૦ ધબકાર હોય છે. સાતથી ચૌદ વર્ષ દરમિયાન ૯૦, ચૌદથી એકવીસના ગાળામાં ૮૦ અને તે પછીની વયે ૭૦ થી ૭૨ ધબકાર થાય છે. (સ્ત્રીઓમાં ૭૮થી૮૨). ઘડપણમાં તે લગભગ ૮૦ જણાય છે. સાંજના સમયે અને જમ્યા પછી તથા ઉગ્ર માંદગી બાદ નાડી વધુ ઝડપી જણાય છે. સ્ત્રીઓમાં રજોદર્શન વખતે પણ નાડી ઝડપથી ચાલતી હોય છે. રોગાવસ્થામાં એ ઝડપી તેમ જ ધીમી હોય છે,

લઘુકથા

પતંગિયું

મૂળ લેખક: વનફૂલ
અનુવાદક: સુકન્યા ઝવેરી

ભૂરા રંગના શેઈડવાળા ઇલેક્ટ્રિક ટેબલ લૅમ્પ પર કેટલાક દિવસથી એક પતંગિયું—ફૂદું—આવીને બેસતું. જેટલી વાર હું ટેબલ પર બેસી લખતો-વાંચતો તેટલો વખત એ શેઈડ પર ચુપચાપ બેસી રહેતું. આશાના મૃત્યુ બાદ થોડા દિવસ પછી જ તે મારું સંધ્યાટાણાનું સાથી હતું.

મિત્ર સોમેશ્વર આવીને પ્રવેશ્યા. હાલમાં રોજ આવતા. એને જોતાં જ મને ડર લાગતો. એની બહેન બેલા સંબંધે આજકાલ જે દુર્બળતા હું પોષતો હતો મનોમન, એની એને ગંધ આવી ગઇ હતી. હું મુસીબતમાં પડી ગયો છું. સોમેશ્વરે આવતાંવેંત જ કામની વાત શરૂ કરી. હું ચુપચાપ બેસી રહ્યો.

'જે હોય તે સાફ સાફ કહી દે ભાઈ એક વાર'. પછી જરાક અટકી ફરી બોલ્યો: 'આખરે લગ્ન તો કરવાનાં છે. બધા જ તો કરે છે. તો બેલા સાથે કરે તો મારા જીવને નિરાંત. બેલા તને ચાહે પણ—'

બધું'ય ઠીક. છતાં ચુપ બેસી રહ્યો. આશા જ્યારે જીવતી હતી ત્યારે મેં એને કહ્યું હતું કે હું ફરી વાર ક્યારેય લગ્ન નહિ કરું. હવે સમજી ચૂક્યો છું કે લગ્ન કરવાં જ પડશે—બેલા સાથે જ કરવાં પડશે. દ્વિધામાંથી કેમે ય મુક્ત થઈ શકતો નહોતો.

'કેમ ચુપ છો? તારે સાથે જ ન કરવાં હોય તો હું જબરદસ્તી નથી કરવા માગતો. પણ તું ચોખ્ખું કહી દે તો પછી દ્વિજેન સાથે કોશિશ કરું. તું રાજી હો તો તો પછી અવશ્ય મારે ક્યાં ય કરવું નથી. દ્વિજેનના ઢંગ પરથી લાગે છે કે એ ના નહિ કહે. તોપણ—'

એ કાપેલી ઝીણી મૂછવાળો દ્વિજેન બેલાને પરણશે? એનો એવો વિચાર છે ખરો ત્યારે! મેં કહ્યું: 'દ્વિજેન પાસે જવાની જરૂર નથી. હું લગ્ન કરીશ. પણ તો ય તું મને જરાક સમય દે, ભાઈ.

'તું વચન આપે તો હું રાહ જોઈ શકું.' હું ચુપ રહ્યો.

'વચન આપે છે!' 'હા.'

'ઠીક. બેલાને શુભ સમાચાર આપી આવું તો પછી.'

સોમેશ્વર ચાલ્યો ગયો. એ પછી જે બન્યું એ અવિશ્વસનીય.

અચાનક આશાના કંઠસ્વરે કોઈ જાણે બોલ્યું: 'તો પછી મારી જવાબદારી યે પૂરી થઈ—હું પણ જાઉં છું.'

પતંગિયું ઊડીને બારી બહાર ચાલ્યું ગયું. □

ને તેની તાલબદ્ધતા પણ તૂટે છે. તંદુરસ્તીમાં પણ ક્વચિત નાડીમાં એકાદ ધબકાર ચુકાઈ જાય છે જે ઘણુંખરું ચિંતા-ફિકરનાં કારણો બને છે. પણ હૃદયની કોઈ તકલીફના કારણે પણ આવું બને છે. નાડી જોતી વખતે દાક્તર તેની સ્થિતિસ્થાપકતા કે જડતા પણ તપાસી જુએ છે. તેમાં કૅલ્શિયમ એકઠું થવાથી નાડી ગઠ્ઠાવાળી દોરી જેવી જણાય છે. 'આર્ટિરીઓ સ્ક્લેરૉસિસ' નામની આ સ્થિતિનો ઉપચાર કરવો બહુ જરૂરી છે. નાડીની સાથોસાથ દાક્તર સ્ટેથોસ્કોપ વડે હૃદયની સ્થિતિ પણ તપાસે છે. નાડી અને હૃદયની સુસ્થિતિ આરોગ્ય માટે અગત્યની છે. રોગાવસ્થામાં એની સ્થિતિના ફેરફાર શારીરિક વ્યાપારના સૂચક છે.

આમ, વય, શરીરનું કદ, જાતિ, સંવેદનાઓ અને શારીરિક વ્યાપારો પ્રમાણે નાડીમાં ફેર પડે છે. હૉસ્પિટલમાં દર્દીના ટેમ્પરેચરની સાથે નાડીના ધબકારાની પણ નિયમિત નોંધ રખાય છે તે દર્દીની શારીરિક સ્થિતિમાં થતા ફેરફારો જાણવા માટે જ. રોગનિદાન માટે દાક્તર દર્દીના શ્વાસોચ્છ્વાસ પણ નોંધી લે છે. શ્વાસોચ્છ્વાસનું નિયંત્રણ મગજમાંથી થાય છે. મગજ એ શરીરનું એક મહત્ત્વનું જીવનદાયી કેન્દ્ર છે. જો ત્યાં પાંચ મિનિટ સુધી પ્રાણવાયુ ન પહોંચે તો મૃત્યુ આવી પડે. જો કે શ્વાસોચ્છ્વાસ ઉપર અમુક અંશે ઈચ્છાનુસાર કાબૂ પણ રાખી શકાય છે, પણ મુખ્યત્વે તો તે એક સ્વયંસંચાલિત ક્રિયા છે. શરીરની ગરમી અને લોહીની રાસાયણિક રચનાની શ્વાસોચ્છ્વાસ ઉપર પણ અસર પડે છે.

તંદુરસ્તીમાં સામાન્યત: દર મિનિટે ૧૮ વખત શ્વાસોચ્છ્વાસ થાય છે. શ્વાસ લેવાથી ફેફસાંમાં જતો પ્રાણવાયુ લોહીને શુદ્ધ કરે છે. તેની આ ક્રિયાની મુશ્કેલીમાં શ્વાસોચ્છ્વાસ વધે છે. ધીમા ને છીછરા શ્વાસ લેવા, હાંફ ચડવી, કૂતરા કે કાગડાના અવાજ જેવી ઉધરસ, સિસોટી જેવા અવાજવાળો શ્વાસ વગેરે શ્વાસોચ્છ્વાસની સ્થિતિનો બગાડો સૂચવે છે. ઉચ્છ્વાસમાં દુર્ગંધ ફેફસાંનો બગાડો અને મીઠી ગંધ ડાયાબિટિસનો બગાડો દર્શાવે છે.

આ તપાસો ઉપરાંત, દાક્તર બંને બાજુની પાંસળીઓની વચ્ચે ડાબા હાથની આંગળીઓ મૂકીને તેના ઉપર જમણા હાથની આંગળી ઠપકારીને ફેફસાંના પોલાણ તથા તેમાં થએલા ભરાવાનો ક્યાસ કાઢે છે. આ પછી સ્ટેથોસ્કોપ કાન ચડાવીને પણ એ છાતી અને હૃદય તપાસે છે. એમાં ઘણા પ્રકારના અવાજ સંભળાય છે. ફેફસાં બગડ્યાં હોય તો તેમાંથી ઊડતાં પાંદડાં, બરફ ચાવવા કે કબૂતરના ધીમા અવાજ જેવા વિવિધ અવાજો સંભળાય છે. હૃદયના ધબકવાનો અવાજ 'લબડબ લબડબ' જેવો હોય છે. હૃદયના પર્દામાં ખામી હોય તો ધીમો ગડગડાટ કે સિસોટી જેવો ધીમો તીણો અવાજ સંભળાય છે. હૃદય ઉપરનું આવરણ જાડું થયું હોય અથવા તેમાં લોહી કે પાણીનો ભરાવો થયો હોત તો હૃદયના ધબકારા જાણે દૂરથી થતા હોય તેમ સંભળાય છે. એ જ રીતે હાથ વડે દાક્તર હૃદયની કંપારી પણ અનુભવી જુએ છે.

દર્દના નિદાન માટેની દાક્તરની આ બધી પ્રારંભની તપાસ છે. આ પછી લૅબોરેટરી ટેસ્ટ પણ લેવાય છે જેનાથી નિદાન અને ઉપચાર બંને ચોક્કસ અને અસરકારક બને છે. આ વિષે હવે પછી જોઈશું. □

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૧૮૩થી વિધ કલાપ્રદર્શનો વગેરેમાં પણ તેઓ ભાગ લેતાં રહેતાં, ને તેમાં માન ઈનામ પણ પામતાં. ૧૯૫૦માં ગુજરાત કલાદર્શનના મહિલા ચિત્રકલા પ્રદર્શનમાં સર્વોત્તમ જલરંગી ચિત્રસંયોજન (ખેતરમાં કામ કરતાં દંપતી) માટે એમને 'સ્વ. હરિવદન સ્મારક સુવર્ણચંદ્રક' મળેલો. ઈ. ૧૯૫૪માં ભારત સરકારે રશિયા મોકલેલાં હિંદી ચિત્રોમાં એમની કૃતિ (જે આ વર્ષના ફેબ્રુઆરીના 'કુમાર'માં પ્રકટ થઈ હતી) પણ હતી. દેશમાં તેમ જ વિદેશમાં એમની કલાના ચાહકો પાસે પણ એમનાં અનેક ચિત્રો સંઘરાએલાં છે.

ગયા વર્ષે એપ્રિલમાં એમને બગલના ભાગમાં કૅન્સર થયું હોવાનું નિદાન થતાં અમદાવાદની કૅન્સર હૉસ્પિટલમાં એમને સારવાર માટે દાખલ કરાયાં હતાં. ઑપરેશન ને અન્ય સારવાર પછી બેત્રણ માસ એમની તબિયત સારી રહ્યા પછી ફરી રોગ વિસ્તરતાં એની અસહ્ય અસાધ્ય પીડા સામે ઝઝૂમી ગયા મે માસની ૧૩મી તારીખે એમણે દેહ છોડ્યો. એમના જવાથી ગુજરાતનાં સ્ત્રી કલાકારોની નાની એવી સંખ્યામાંથી પણ એકની ઓછપ પડી છે. 'લિન્ક' સામયિકમાં સબએડિટર તરીકે કામ કરતા ૨૬ વર્ષના પુત્ર રાજિવ ને દિલ્હીની આઝાદ મેડિકલ કૉલેજમાં દાક્તરીના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા ૨૨ વર્ષના પુત્ર પંકજને માતાની, જામિયા મિલિયાની છાત્રાઓને પ્રેમાળ 'દીદી'ની અને કલાકાર જગુભાઇને સમધર્મી કલાકાર જીવનસાથીની ખોટ તો સાલશે જ, પણ એમના જવાથી ગુજરાત પણ પોતાનાં સ્ત્રી કલાકારોની નાની એવી સંખ્યાને વધુ સંકોડાતી અનુભવતાં દુ:ખ અનુભવશે. □

કલાવાર્તા

સ્વ. ચિત્રલેખા વનલીલાબેન શાહ

હજી તો ગયા જ મહિને 'કુમાર'માં કલાકાર જગુભાઈ શાહનો પરિચય આપતાં એમનાં પત્ની વનલીલાબેનનો ઉલ્લેખ કર્યો હતો, અને તે પછીના જ આ અંકમાં એમના અવસાનની



વનલીલાબેન શાહ

નોંધ લેવી પડે એ સ્વાભાવિક રીતે જ દુઃખદ બની રહે છે. આજની પેઢી પહેલાંનાં ગણ્યાંગાંઠ્યાં ગુજરાતી ચિત્રકાર બહેનોમાંનાં એક એમણે પોતાનાં ચિત્રસર્જન ને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા આગવી પ્રતિભા પ્રકટાવી હતી.

અમદાવાદની 'ગુજરાત કૉલેજ'ના પટાંગણમાં જેનું સ્મારક ઊભું છે એ શહીદ વીર વિનોદ કિનારીવાળાનાં બહેન અને આજે ૯૩ વર્ષની જૈફ વયે પણ નિયમિત ચરખો ચલાવતા અને આધ્યાત્મિક વાચનમાં રત રહેતા પિતા જમનાદાસ કિનારીવાલા તથા લગભગ એટલી જ વયે હજી કુટુંબના ઉપયોગ માટે કલાત્મક ગાલીચા ગૂંથતાં ને કૃષ્ણભક્તિનાં ગીતભજનો રચતાં ગાતાં માતા હીરાલક્ષ્મીનાં પુત્રી વનલીલાબેનનો જન્મ ૧૧મી નવેમ્બર ૧૯૧૬માં થએલો. અમદાવાદની વનિતા વિશ્રામ ગર્લ્સ હાઈસ્કૂલમાં એમણે અભ્યાસ કર્યો ને સાથોસાથ ત્યાંની જાણીતી સ્ત્રીસંસ્થા 'જ્યોતિસંઘ'માં કલાકાર છગનલાલ જાદવ પાસે દસેક વર્ષ સુધી ચિત્રકળાની તાલીમ પણ લીધી, અને પછી એ સંસ્થાના બાલઘરમાં કેટલોક સમય ચિત્રશિક્ષિકા તરીકે કામ કર્યું. વળી, કુટુંબમાં રાષ્ટ્રપ્રેમની ભાવના બચપણથી જ પોષાતી રહેલી એટલે ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળમાં સક્રિય ભાગ લઈને એમણે સાબરમતી જેલનો કારાવાસ પણ ભોગવ્યો હતો.

ઈ. ૧૯૪૯–'૫૦માં કલાગુરુ સ્વ. રવિશંકર રાવળની પ્રેરણાથી એમણે દિલ્હીમાં સ્વ. ડૉ. ઝાકિર હુસેનની ખ્યાતનામ શિક્ષણસંસ્થા 'જામિયા મિલિયા'માં જોડાઈને આર્ટ એડ્યુકેશનનો 'સીનિયર ડિપ્લોમા ઈન ટીચિંગ આર્ટ ઍન્ડ ક્રાફ્ટ્સ' પ્રાપ્ત કરેલો. એ પછી ૧૯૫૧માં કલાકાર જગુભાઈ શાહ સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયાં અને ત્યારથી પતિ-પત્ની બંનેએ જામિયા મીલિયામાં જ સાથે કામ કર્યું. તેમાં કલાશિક્ષણ આપવા ઉપરાંત વનલીલાબેને ૧૯૬૨ થી '૭૭ સુધી ત્યાંની છાત્રાઓની હૉસ્ટેલનાં વૉર્ડન તરીકેની જવાબદારી પણ સંભાળેલી.


આ છાત્રાલયમાં વિવિધ કોમની ને ભારત ઉપરાંત પરદેશની છાત્રાઓ પણ રહેતી, પણ અહીં કોમ કે રાષ્ટ્રનો ભેદ એમની વચ્ચે ક્યારેય વરતાતો નથી. હિંદુ-મુસ્લિમ બંને કોમોના તહેવારો અહીં ઠાઠથી ઉજવાય છે. વિવિધ પ્રદેશની જુદી જુદી ભાષાભાષી છાત્રાઓના નૃત્યસંગીત વગેરે જેવા અવનવા કાર્યક્રમો પણ યોજાતા રહે છે, અને આ બધામાં વનલીલાબેન કેન્દ્રસ્થ રહીને સતત પ્રવૃત્તિમય રહેતાં. હૉસ્ટેલની છાત્રાઓને વિવિધ સગવડો વધારી આપવામાં તેઓ સતત આગ્રહશીલ રહેતાં. મોડી રાત સુધી અભ્યાસ કરતી છાત્રાઓને માટે ચીવટ અને ઉમંગથી તેઓ ચા-પાણીની વ્યવસ્થા પણ કરી આપતાં તો કોઈ છાત્રા માંદી પડે તો તેની સારવારમાં તેઓ માના હેતથી ખડે પગે રહેતાં. છાત્રાઓ પોતાની અંગત વાતો અને મુશ્કેલીઓ એમની સમક્ષ બિધડક પ્રકટ કરી શકે એટલો પ્રેમ અને વિશ્વાસ એમણે એમનામાં પ્રકટાવ્યો હતો અને એથી પોતાનાં એ વડીલ, મિત્ર ને માર્ગદર્શકને છાત્રાઓ 'દીદી'ના હુલામણા નામે સંબોધતી.

કલાભ્યાસ દરમિયાન અને તે પછી યે એમણે કરેલા સંખ્યાબંધ સ્કેચો અને ચિત્રો પરથી એમને જનસામાન્યના રોજિંદા જીવન ને વ્યવહાર તથા હર્યાભર્યા પરિવારની પ્રેમાળ ભાવનાઓમાં કેટલો ઊંડો રસ હતો તે જોવા મળે છે. એમનાં ચિત્રોમાં ભારતીય જીવનનું આલેખન, કલમની મૌઢી અને વાસ્તવિકતાની વિગતસભર સંવાદિતા પણ નજરે ચડે છે.

કલાકાર પતિની સાથે નાના પુત્રો સહિત એમણે દેશના વિસ્તૃત પ્રવાસો ખેડવા સાથે પોતાનું કલાસર્જન જારી રાખવા ઉપરાંત પતિના ચિત્રસર્જનમાં પણ સાથ આપ્યો છે. હરિપુરા કૉંગ્રેસ અધિવેશન, ભાવનગર અધિવેશન, ગોહિલવાડ શતાબ્દી જ્ઞાનજ્યોતિ પ્રદર્શન, જયપુર સર્વોદય પ્રદર્શન, પ્રજાસત્તાક દિનની પરેડમાં ગુજરાત રાજ્યના ટૅબ્લો, જામિયા મિલિયાના વાર્ષિક શિક્ષણમેળા વગેરેમાં એમના કલા-કૌશલનો પરિચય મળતો જ રહેલો.

દિલ્હીની 'ઑલ ઈંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી' અને રાજ્યકક્ષાનાં વિધ-

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૨)



△ સુખદુઃખનાં સાથી. આ ચિત્ર માટે વનલીલાબેનને ઈ. ૧૯૪૧માં 'બૉમ્બે આર્ટ સોસાએટી'નું વિદ્યાર્થીકૃતિ માટેનું પારિતોષિક મળેલું. દશ્યાલેખનની શુદ્ધિ સાથે તેમાંથી ભાવવ્યંજના ચિત્રકલાનો એક આદર્શ પ્રકટ કરે છે.



ચિત્રમયતા ને વિષયનું વૈવિધ્ય એ હમેશાં 'કુમાર'ની વિશિષ્ટતા રહી છે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં એ બંનેને સમાવતા ઘણા લેખો હતા તેમાંથી કળાવિષયક એક નવતર લેખ આ વખતે ઉતારીએ. એ છે તો એક પુસ્તકનું અવલોકન, પણ ચિત્રે અને હકીકતે એ કેટલો સમૃદ્ધ છે તે તો આ વાંચતાં જણાશે.

ભારતીય ભરતકામ



દસમી સદીની ગુજરાતી બીબાં·છાપમાંનો ખુટ્ટો

આપણા દેશમાં લોકગીતો, લોકકથાઓ ને વિવિધ લોકકલાઓ માફક ભરતકામની કલા પણ પેઢી દર પેઢી ચાલતી જ આવી છે, અને ભારતીય સંસ્કૃતિમાં જે સ્થાન ચિત્રકલા, મૂર્તિકલા, વસ્તુકલા, સાહિત્ય અને સંગીતનું છે એ જ સ્થાન ભરતકામનું પણ છે, એમ કહીએ તો કોઇને કદાચ હાસ્યાસ્પદ લાગશે. પણ દુનિયાભરની સ્ત્રીઓને હમેશાં વસ્ત્રનાં રૂપરંગ ને ભાત વિષે એક પ્રકારનો પ્રેમ હોય જ છે તથા તે દ્વારા તેની રસવૃત્તિ કેળવાતી જ રહી હોય છે. અને ભરતગૂંથણ એ નારીજીવનની સાંસ્કૃતિક ભૂમિકા ઘડવામાં ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે. ટાંકાના પ્રકાર, દોરાના રંગ, કપડાંનાં પોત તથા વણાટ, રંગોનો રુચિમેળ તથા આકૃતિઓ, ભાતો ને તરાહો એ બધાં એક દૃઢ સંસ્કૃતિનાં દ્યોતક છે.

'આજકાલ ઘેર ઘેર જોઇએ છીએ કે ભરતગૂંથણમાં તળપદી ભારતીય ઢબના ટાંકા ને તરાહ (ડિઝાઈન) જ શિષ્ટ સમાજની સ્ત્રીઓમાં વિશેષ પ્રિય થઈ પડયાં છે. કાસ્મીરી, સિંધી, કચ્છી કે કાઠિયાવાડી ઢબનાં કામ સાડીઓ પર દેખાવા લાગ્યાં છે. લખનૌની ચીકનકારી બજારમાં ઢગલાબંધ દેખાય છે. કેવળ ભરતગૂંથણ જ નહિ બીજાં ભારતીય પરિધાનોમાં પણ પ્રાચીન રૂપ અને રંગનું ગૌરવ થવા લાગ્યું છે. હજી થોડાં જ વરસ પર જે ચીજોને 'ગામઠી' કહીને આપણે અવગણતા હતા તેનો આજે આદર કરીએ છીએ. આનંદની વાત છે કે આ સદીની શરૂઆતમાં જે વિદેશી રંગયોજના તથા તરાહોને ફૅશનના પૂરમાં તણાઇને ભ્રાંતિવશ આપણે સુંદર ગણતા હતા તે આજે આપણને નથી ગમતી. આજ આપણી સાંસ્કૃતિક પરંપરામાં રૂઢ થએલાં ઘાટ, આકૃતિઓ ને રંગાવટ (શું ભરતગૂંથણમાં કે વેષભૂષામાં, વાસણકૂસણ કે સાધન ઉપસ્કરોમાં, સુશોભનો કે રંગોળીઓમાં) આપણી રુચિમાં સ્થાન પામતાં જાય છે. કબૂલ કરવું જોઇએ કે આ સદીના પ્રારંભકાળે આનંદ કુમારસ્વામી, હૅવેલ ને અવનીન્દ્રનાથ ઠાકુર કલાસંસ્કૃતિના પુનરુત્થાનનું જે કાર્ય કર્યું તેના પરિણામે જ ભારતના પ્રાંતપ્રાંતમાં આ જાગૃતિ આવી. તેના અનુસંધાનમાં રુચિપરિવર્તનના જે પ્રયોગો થયા એ સર્વમાં શાંતિનિકેતન કલાભવનના અધ્યાપકો ને વિદ્યાર્થીઓના પ્રયત્નો ખાસ ઉલ્લેખપાત્ર છે.'

આવી મતલબના શબ્દો સાથે શરૂ થતા પ્રવેશક દ્વારા ભારતીય ભરતકામ ઉપર એક ભરચક આકૃતિઓવાળું સુંદર પુસ્તક હમણાં હિંદીમાં બહાર પડયું છે. નામ છે : 'ભારતીય કસીદા'. એનાં લેખક દંપતી શ્રી જગદીશ




મિત્તલ તથા શ્રીમતી કમલા મિત્તલ શાંતિનિકેતનના કલાચાર્ય શ્રી નંદલાલ વસુનાં શિષ્યો છે. (પ્રકાશક : સુરુચિ પ્રકાશન 'કનક', ૩-૬-૭૪૪ હિમાયતનગર, હૈદરાબાદ-દક્ષિણ, કિંમત રૂા. ૧૫). ત્રિરંગી પૂઠું (જેની સાદી આકૃતિ આ સાથે છાપી છે), ૧૮ મોટાં ફોટોચિત્રો અને ૨૧૫ નાનીમોટી વિશુદ્ધ ભારતીય ઢબની આકૃતિઓ (જે પૈકીના છ બહુરંગી છે) ધરાવતા, ૯×૧૧ ઈંચના કદના એ પુસ્તકનાં ૩૨ પૃષ્ઠોના લખાણમાં આ વિષય ઉપર ટૂંકામાં પણ સર્વદેશી વૈવિધ્યવાળી અને અભ્યાસથી ભરેલી પ્રમાણભૂત માહિતી આપી છે. 'ભારતીય ભરતકામનો ઉદ્‌ભવ ને વિકાસ' આલેખતા પ્રવેશક લેખ પરથી જ લેખકોનો આ વિષયનો અભ્યાસ તેમ જ અનુભવ

એક ચતુર્દલ કમલની ચોમેર ઠમકતી ચાલવાળા આઠ હંસોની માંગલિક માલા આલેખતી આ સુંદર ભાત આજથી એક હજાર વરસ પહેલાંના ૧૦મી સદીના પ્રાચીનતમ ગુજરાતી વસ્ત્ર ઉપરથી લીધી છે. અરબ સોદાગરો ત્યારે ગુજરાતનાં વસ્ત્રો મિસર લઈ જતા. તેવા વસ્ત્રનો એક અવશેષ મિસરની પ્રાચીન રાજધાની ફુસ્તાતનાં ખંડિયેરોમાંથી હટાએલો સંશોધકોને મળી આવેલો તેના ઉપરની આ છાપ છે. એ નમૂનો આજે પણ કૈરોના મ્યૂઝિયમમાં સુરક્ષિત છે.




ગુજરાતીઓએ ગૌરવ લેવા જેવી પ્રાચીનતમ અને દર્શનીય તરાહ : એનું બાજુનું વર્ણન વાંચો



ગુજરાતી-સૌરાષ્ટ્રી-કચ્છી ભરતકામના કેટલાક સુંદર બુટ્ટા : ૧ તથા ૫ ૧૯મી સદીના સુરતી કિનખાબ પરથી; ૨-૩-૪-૬-૯ ૧૦-૧૨ તે ૧૯મી સદીના કચ્છી ભરતકામના મનોહર રંગ ને સપ્રમાણ ભરચક ગૂંથણીવાળા બુટ્ટા; ૭ ૮ ૧૧ તે ૧૦મી સદીનાં લાકડાંનાં બીબાંની તરાહો.

જણાઈ આવે છે. તે પછી વિશિષ્ટ શૈલીઓમાં 'કાશ્મીરી કસીદા'ની સોજનકારી, રફુગરી, અબ્બા તથા જંજીર (સાંકળી) કામ વગેરે, 'પંજાબની ફૂલકારી'ના બાગ તેમ જ ચોપ ઉત્તરપ્રદેશ અને દિલ્હીના રેશમી કસીદા, સિંધ, કચ્છ અને કાઠિયાવાડનું ભરતકામ, લખનૌ તરફની 'ચીકનકારી', કર્ણાટકની 'કસૂતી', સોનારૂપાના તારનું 'કારચોબી કામ', ઉપરાંત 'ચમ્બાના રૂમાલ', 'બંગાળની કંથા', 'હિસાર અને સિરસાની ક્રૅમ કઢાઇ', 'બિહાર અને આસામનાં ભરતકામ' તથા 'વણઝારાના કસીદા' વગેરે વિભિન્ન શૈલીઓનો તેમાં પરિચય આપ્યો છે. અને અંતમાં ટાંકાઓની સચિત્ર સમજણ, રંગ તેમ જ બીજી ઉપયોગી વાતો તથા છેલ્લે સહાયક ગ્રંથોની નાની સૂચિ પણ આપી છે. કિંમત જરા ભારે લાગે તો પણ જેમને રસ અને પોસાણ હોય તેમણે આ પુસ્તક વસાવવા જેવું જ છે.

લેખકોએ પ્રવેશક લેખમાં કહ્યું છે કે 'સ્ત્રીઓ આજે ફુરસદના વખતમાં કાંઇ ને કાંઇ ભરતકામ કરતી જ હોય છે, પણ પ્રાચીન ટાંકા, રંગ અને તરાહોનું જ્ઞાન ન હોવાથી તેમનાં કામનું સૌંદર્ય તદ્દન મારું જાય છે. દેશી ભરતકામની પ્રત્યેક શૈલીના ટાંકા અનુસાર સૌસો-



ડાબી બાજુ મથાળે સૌરાષ્ટ્રના ૧૯મી સદીના ભરતની તરાહ; તેની નીચે સુરતના ૧૯મી સદીના કિનખાબની ભાત; તેની નીચે તથા જમણી બાજુ મથાળે પ્રાચીન કલ્પસૂત્રના ૧૫મી સદીના જૈન ગ્રંથમાંની તરાહ : ક્રીડા કરતો હંસપરિવાર ('ભારતીય કસીદા'માંથી)



કિનારી માટેની ગુજરાતી તરાહો : ડાબી બાજુ મથાળેથી-(૧) ૧૫મી સદીના જૈન કલ્પસૂત્ર-ગ્રંથના હાંસિયામાંથી; (૨) ૧૦મી સદીની ગુજરાતી બીબાની એક છાપ; (૩) ૧૯મી સદીના અમદાવાદી કિનખાબની ભાત; (૪) ૧૪મી સદીના જૈન કલ્પસૂત્રના હાંસિયામાંથી; જમણી બાજુ મથાળેથી-(૧) ૧૯મી સદીના સુરતી કિનખાબ પરથી; (૨) ૧૯મી સદીના કચ્છી ભરતમાંથી; (૩) ૧૦-૧૧મી સદીના ગુજરાતી લાકડાના બીબાની છાપ; (૪) ૧૯મી સદીના સૌરાષ્ટ્રના રેશમી ભરતકામમાંની એક તરાહ. (આ લેખ સાથે આપેલી બધી તરાહો 'ભારતીય કસીદા'માંથી)

નાં રંગ અને તરાહો છે. તેનો પરિચય મેળવી લેવો જરૂરી છે. વચ્ચે જે કડી તૂટી ગઈ છે તેને નવેસરથી જોડી દેવી જોઇએ. ઘણી વાર સારા નમૂનાના અભાવે વિદેશી તરાહોનું શરણું લેવું પડે છે. આ મુશ્કેલી ટાળવા માટે અમે કેટલાક મૌલિક તથા કેટલાક જુદાંજુદાં સાધનોમાંથી સંઘરેલા નમૂના જનતાની રુચિ-ને સાચે રસ્તે વાળવાના હેતુથી આ પુસ્તક-માં આપ્યા છે. એની ચૂંટણી શુદ્ધ ભારતીય ભરતકામ ઉપરાંત આપણી પ્રાચીન ચિત્રકળા, પાત્રો, વસ્ત્રો પરની છાપો, સુશોભનો વગેરે-ની તરાહોમાંથી પણ એવી રીતે કરી છે કે જેને ભરતકામમાં યોજી શકાય. અને કલ્પના-શીલ હશે તે તો આ જ સાધનોમાંથી બીજી નવી તરાહો પણ ઉપજાવી શકશે.'

પુસ્તકની વિદ્વત્તાપૂર્ણ 'ભૂમિકા' શ્રી વાસુ-દેવશરણ અગ્રવાલ જેવા આપણી પ્રાચીન સંસ્કૃતિના અઠંગ અભ્યાસીએ લખી છે. એમાં સુન્દર અને ઉપયોગી વસ્ત્રોના નિર્માણને ભારતવર્ષની રાષ્ટ્રીય કલા ગણાવીને તેમણે આપેલી હકીકતોમાંની થોડી વાનગી જોઇએ : 'છેક જાતકોના યુગથી તે ૧૮મી સદી સુધી ભારતીય વસ્ત્રો સ્વદેશ ને વિદેશમાં યશસ્વી બની રહ્યાં હતાં.. વ્યવહાર દષ્ટિએ શાસ્ત્રોમાં વસ્ત્રોના ચાર પ્રકાર કહ્યા છે: ૧ નિત્યનિસિક -રોજ પહેરવાનાં; ૨ નિમજ્જનિક-સ્નાન પછી પહેરવાનાં; ૩ ક્ષણોત્સવિક-વારતહેવારે પહેરવાનાં અને ૪ રાજદ્વારિક. ભારતીય વ-સ્ત્રોના ઇતિહાસ પર વ્યાપક દષ્ટિ નાખીએ તો જાણે સૌંદર્યના કોઈ નવા લોકમાં પહોંચી ગયા હોઇએ એવું લાગે. સોનાચાંદીના તાર, રત્નો, મોતી અને મણિથી તથા નાના પ્રકાર-ની ચિત્રવિચિત્ર આકૃતિઓ અને અલંકરણોથી વસ્ત્રોને સુંદર બનાવવાની કલા ઉત્કૃષ્ટતાની સીમા સુધી પહોંચી હતી.' વળી તેઓ લખે છે: 'કલાના એક જ પ્રકારનાં અલંકરણો ચિત્ર, શિલ્પ, વસ્ત્રો વગેરેમાં સર્વત્ર મળે છે. બંગા-ળની અલ્પના, મિથિલાની ઐપન, ઉત્તર પ્ર-દેશના ચૉક, રાજસ્થાનની મેંદી માંડવી, ગુજ-રાત મહારાષ્ટ્રની રંગોળી અને દક્ષિણના કોલમ્ નામક ભૂમિચિત્રોમાં અનેક આકૃતિ-ઓ એકસરખી જોવા મળે છે.' પુસ્તકમાં સંઘરેલા નમૂનાઓની વાનગી તરીકે તેમાંથી માત્ર કચ્છ-કાઠિયાવાડ ગુજરાતની તરાહોના જ નમૂના ચૂંટીને આ સાથે આપીએ છીએ. તે સાથે એ મૂળ શામાંથી લીધા છે તેનો નિર્દેશ પણ આપ્યો છે. તે ઉપરથી આ પુસ્તકમાંના બીજા કાશ્મીરી, ઉત્તર હિંદી, દક્ષિણી, મુઘલ તેમ જ ભારતીય શોભનને મળતા પેરૂ, અરબ, મિસર તેમ જ ઈરાનમાંથી પણ લીધેલા નમૂ-નાઓના વિસ્તારનો ખયાલ આવશે. □


ભારતનાં વાદ્યો-૬

દિલરુબા

દિલને હરી લે તે દિલરુબા. તત્‌વાદ્યોમાં દિલરુબા આવું દિલહર વાદ્ય છે. જેમ વીણાના આધારે સિતાર તેમ સિતાર ને સારંગીના આધારે દિલરુબા બન્યાની માન્યતા છે. સંગીત રસિક બધી કક્ષાના વર્તુળોમાં દિલરુબા પ્રિય વાદ્ય છે. જમણા હાથે ગજ વડે સારંગીની માફક ને ડાબા હાથે સિતારની માફક એ વગાડાય છે, અને આ સરળતા એ પણ એની લોકપ્રિયતાનું એક કારણ છે. 'સરસ્વતીચંદ્ર'માં ગોવર્ધનરામ ત્રિપાઠીએ બુદ્ધિધનની પુત્રવધૂ બન્યા પછીની દુઃખી કુમુદને એક વાર દિલરુબાનો સહારો લેતી વર્ણવી છે તે ઘણાએ વાંચ્યું હશે.

દિલરુબાની દાંડી સિતારના જેવી પણ લંબાઈમાં એનાથી નાની અને મંડાણ સારંગી જેવું ચામડે મઢ્યું હોય છે. દિલરુબામાં તાંત નહિ પણ તાર હોય છે અને ગજ વડે ઘસીને તેને વગાડાય છે. વળી આ મુખ્ય તારોની નીચે સિતારની પેઠે વિવિધ સ્વરના પર્દા હોય છે. સિતારવાદનની જેમ દિલરુબાના તારની ઉપર આંગળી દબાવીને વિવિધ સ્વર પ્રકટાવાય છે. દિલરુબામાં પણ 'તરપ' બાંધવામાં આવે છે જે એના સ્વરને વધુ મીઠાશથી રણકારે છે. ગાયનની સંગતમાં, વાદ્યવૃંદમાં કે સ્વતંત્ર વાદનમાં દિલરુબા એક સરખું મધુર વાદ્ય છે.

દિલરુબાનો એક બીજો પ્રકાર પણ છે, જેમાં મંડાણ મોરના આકારનું હોય છે. આ આટલા તફાવત સિવાય એ બધી રીતે દિલરુબા જેવું જ વાદ્ય છે. ફારસીમાં મોરને 'તાઉસ' કહે છે ને એ પરથી આ વાદ્યને પણ તાઉસ નામ અપાયું છે.





અર્ઘ્યુ કરી

ગ્રીષ્મમાં બળતા વિયોગને ગાજે
વર્ષા આવે ત્યારે સ્મરણોમાં ન્હાજે,
એક વસંત સિવાય વસંતમાં
—બીજું કાંઈ ન ગાજે.
('સ્વપ્નપ્રયાણ'માંથી) —હરિશ્ચન્દ્ર ભટ્ટ

સ્વ. શ્રીમતી અંજલિબેન મેઢ

ગુજરાતમાં ભરત નાટયમ્ નૃત્યો હવે તો અજાણ્યાં નથી. પરંતુ દક્ષિણ ભારતની એ નૃત્યશૈલીના ઉચ્ચ કક્ષાના ને શુદ્ધ શાસ્ત્રપૂત પ્રારંભનો યશ તો ઘટે છે શ્રીમતી અંજલિબેન મેઢને. વળી, ભરતનાટયમ્‌માં કર્ણાટકી સંગીતના સ્થાને ઉત્તર હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતનો ઉપયોગ કરવાનું એક આગવું અને મહત્ત્વનું પ્રદાન કરીને એમણે ગુજરાતમાં ભરતનાટયમ્‌ને વધુ લોકભોગ્ય પણ બનાવ્યું હતું. આવાં પ્રતિભાવંત નૃત્ય-કલાકારનું ગઈ ૧૦મી ફેબ્રુઆરીએ વડોદરામાં ઓચિંતું અવસાન થતાં આમે ય આ કલાક્ષેત્રે અલ્પધન ગુજરાત વધુ રંક બન્યું છે.

અંજલિબેનનો જન્મ ઈ. ૧૯૨૮ની ૨૨મી સપ્ટેમ્બરે એક સંસ્કારી નાગર કુટુંબમાં થયો હતો. પિતા રમેશભાઈ હોરા ને માતા મુગ્ધાબેન, બંને થીઓસોફિસ્ટ ને રુક્મિણીદેવીનાં પરમ ભક્ત હતાં. આ સદીના ત્રીજા દાયકામાં રુક્મિણીદેવીએ ભરતનાટયમ્ નૃત્યો ને તેની શાસ્ત્રીયતાની પુનઃપ્રતિષ્ઠા માટે પોતાના યુગવર્તી કાર્યનો આરંભ કર્યો ત્યારે શરૂનાં એ વર્ષોમાં એમણે જે વિદ્યાર્થિનીઓ તૈયાર કરી તેમાંનાં એક આ અંજલિબેન હતાં. મદ્રાસમાં અડયાર ખાતે રુક્મિણીદેવીએ સ્થાપેલી 'કલાક્ષેત્ર' સંસ્થામાં નૃત્યસાધના માટે છેક અહીંથી મોકલેલી પુત્રીના કલાભ્યાસમાં કૈં વિક્ષેપ ન પડે એ માટે માતાપિતાએ પણ ઘણી હાડમારી વધાવી લીધી હતી.

કલાક્ષેત્રમાં સ્વયં રુક્મિણી ઉપરાંત દણ્ડાયુધપાણિ પિલ્લૈ, ચોક્કલિંગમ્ પિલ્લૈ ને કરૈકાળ શારદામ્બાલ જેવા મહાન ગુરુઓ પાસેથી ભરતનાટયમ્‌ની તાલીમ પામવા સાથે અંજલિબેને પોતાની નિસર્ગદત્ત શક્તિઓ અને પ્રતિભાથી એ સૌની પ્રીતિ પ્રાપ્ત કરી હતી. વળી, ભરતનાટયમ્ નૃત્યની સંગતમાં અપાતા નટ્ટુવાંગમ્ સંગીતનું પણ એમણે ઊંડું જ્ઞાન મેળવ્યું હતું, અને એ અરસામાં રુક્મિણીદેવી દિગ્દર્શિત અનેક નૃત્યનાટિકાઓમાં પણ અંજલિબેને એમની સાથે નૃત્યમાં ભાગ લીધો હતો. અનેક મોટા ગુરુઓ, વિદ્વાનો ને સંગીતકારો ત્યારે કલાક્ષેત્રમાં એકઠા થતા અને એ સૌનો સાથ લઈને રુક્મિણીદેવી નિતાંતસુંદર નૃત્યનાટિકાઓનું સર્જન કરતાં. અંજલિબેનને એમાંથી બહોળા પ્રત્યક્ષ અનુભવનું જે અમૂલ્ય ધન પ્રાપ્ત થયું તેની તેમણે પછીનાં વર્ષોમાં ગુજરાતમાં મોકળે હાથે લ્હાણી કરી હતી. સંસ્કૃત અને તમીળ ભાષાનું પણ એમને જ્ઞાન હતું અને ઉત્તર હિંદુસ્તાની તથા દક્ષિણ ભારતના કર્ણાટકી સંગીતનો પણ ઊંડો અભ્યાસ હોવા સાથે એમનો કંઠ પણ મીઠો ને હલકભર્યો હતો. તેઓ ગીતો પણ રચતાં અને કર્ણપ્રિય તરજો ને બંદિશો પણ બાંધી શકતાં. નૃત્તના બોલ સોલ્લકટ્ટુ, અટપટાં તીરમાનમ્ વગેરે પણ અત્યંત ચોકસાઈથી બનાવતાં. તાલ અને લય પરનું એમનું પ્રભુત્વ પણ ઘણું ઊંડું હતું. આથી એમણે કરેલી નૃત્ય-સંકલનાઓ જોવી એ એક લ્હાવાસમ બની રહેતું. બહુ ઓછા કલાકારો આવી બહુમુખી પ્રતિભા ધરાવતાં હોય છે. અંજલિબેન એવાં એક કલાકાર હતાં.

ઈ. ૧૯૪૭માં એમણે કલાક્ષેત્રની નૃત્યતાલીમનો ડિપ્લોમા મેળવ્યો એ પછી બે વર્ષ કલાક્ષેત્રમાં જ અધ્યાપિકા તરીકે પણ કામ કર્યું. ત્યાંથી આવ્યા બાદ મુનશીજીએ રુક્મિણીદેવીની સંમતિ મેળવીને અંજલિબેનને ભારતીય વિદ્યાભવનની નર્તન શિક્ષાપીઠનાં પ્રથમ આચાર્યા બનાવીને ત્યાંના નૃત્યશિક્ષણનો બધો ભાર એમને સોંપી દીધો હતો. ઈ. ૧૯૫૧ થી '૫૩ સુધી તેમણે એ કાર્ય સંભાળ્યું અને કલાક્ષેત્રની નૃત્ય પરંપરાનો ભારતીય વિદ્યાભવનમાં પ્રારંભ કર્યો. એ પછી એમણે મુંબાઈમાં 'રુક્મિણી કલાવિહાર' નામે નૃત્યવર્ગો ચલાવ્યા અને ૧૯૬૦માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના નૃત્યવિભાગનાં વડાં તરીકે નિયુક્તિ પામી વડોદરામાં સ્થાયી થઈને કલાક્ષેત્રની ઉચ્ચ પરંપરાનું ભરતનાટયમ્ શીખવવા માંડયું. તાલ, લય, આવર્તનો, તીરમાનમ્, નૃત્યઘટકો, હસ્તમુદ્રાઓ, 'અભિનય દર્પણ'ના શ્લોકોના આધારે



પરંપરાગત નૃત્યના શાસ્ત્રીય સમજ વગેરે એમના શિક્ષણક્રમનાં ઊજળાં પાસાં હતાં. ગુજરાતમાં યુનિવર્સિટી ધોરણે આવો ઉચ્ચ કક્ષાનો અભ્યાસક્રમ ઘડવાનો ને તે શીખવવાનો યશ અંજલિબેનને જ ઘટે છે.

શિક્ષણમાં નૃત્યકલાના ઉચ્ચ ધોરણને માટે તેઓ કદી બાંધછોડ કરતાં નહિ, એટલે એમનાં શિષ્યો એક પ્રકારની ધાક પણ અનુભવતા, પણ તાલ, રેખાસૌન્દર્ય, અંગભંગનું ગૌરવ ને ઉચ્ચ ગરિમા માટે તેઓ અત્યંત આગ્રહી હતાં. કલાક્ષેત્રનાં એ વિદ્યાર્થિની, એટલે ત્યાંની નૃત્ય નાટિકાઓમાં દર્શકો જે આધ્યાત્મિક અનુભવ પામે છે તેની ઝાંખી અંજલિબેનની નૃત્યનાટિકાઓમાં પણ સહજ રીતે થતી. પોશાક, પ્રકાશ-યોજના, પ્રવેશ, પાત્રનું ફરવું, નૃત્યની ગતિ, વૃંદનૃત્ય, વગેરેમાં તેઓ પ્રાણ રેડી શકતાં. આમ, નૃત્યની રજૂઆતના દરેક પાસામાં અંજલિબેનનું નૈપુણ્ય મનોહારી રૂપનો ઓપ ચડાવતું.

ભરતનાટ્યમમાં ઉત્તર હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતનો ઉપયોગ એ એમનું એક મહત્ત્વનું પ્રદાન હતું. હિંદી, ગુજરાતી, મરાઠી ને આસામી વગેરે ભાષાની કાવ્યરચનાઓને એમણે ભરતનાટ્યમની શાસ્ત્રીય શૈલીમાં અનેક વાર રજૂ કરી હતી. ભરતનાટ્યમનાં શબ્દમ્, વર્ણમ્, પદમ્ વગેરેને એમણે અક્ષરશઃ ગુજરાતીમાં ઢાળી બતાવ્યાં છે. પરિણામે પ્રેક્ષકો ભાષાની મુશ્કેલી અનુભવ્યા વિના એને પૂર્ણતઃ માણી શકે છે.

'કલાપી'ની કાવ્યરચના પરથી 'ગ્રામ્ય માતા', 'સ્થૂલિભદ્ર કોશા', 'આત્મદીપોદ્ભવ'(ભગવાન બુદ્ધ), 'નટીર પૂજા', 'સુદામાચરિત્ર'(હિંદી), 'રામાયણ' (હિંદી), 'શચી પૌલોમી', એમનાં માતા મુગ્ધાબેનની રચના પરથી 'રાધાનું શમણું' અને ભારતીય વિદ્યાભવનમાં રજૂ કરેલ 'ચંદ્રમૌલીશ્વર કુરવંજી'એ એમની અનેક યાદગાર નૃત્યરચનાઓમાંની સુંદર સર્જનાત્મક કૃતિઓ છે.

ઈ. ૧૯૫૩માં ડૉ. સુકુમાર મેઢ સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. ડૉ. સુકુમાર મ. સ. યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગના વડા અને સાયન્સ ફૅકલ્ટીના ડીન છે. અંજલિબેનના નૃત્યપ્રવૃત્તિને તેઓ સદા ઉત્તેજન આપતા. એમનો પુત્ર અદ્વૈત હાલ મેડિસીનનો અભ્યાસ કરે છે. મીરા રાવ, મેનકા ઠક્કર, સુધા ઠક્કર, પ્રેરણા દેસાઈ, તાની દેસાઈ, જ્યોતી મેનન, પદ્મા સુબ્રહ્મણ્યમ્, પારૂલ શાહ, હેમા ગોવિંદરાજન, જાપાની યુવતી ઇકેમી ઇનોશિટા, ચેકોસ્લોવાકિયન પુરુષનર્તક ઇરિકા, ખ્રિસ્તી પાદરી બારબોઝા, આસામી કલાકાર પ્રદીપ બરૂઆ, મધુભાઈ પટેલ, નરેન્દ્ર ભટ્ટ વગેરે એમના બહોળા શિષ્યગણમાંનાં અગ્રગણ્ય કલાકારો છે.

એમણે 'નર્તનદર્શિકા', 'ચંદ્રમૌલીશ્વર કુરવંજી' અને 'અષ્ટનાયિકા' નામક પુસ્તકો પણ લખ્યાં છે. મ. સ. યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. થવા માટે 'નૃત્ય-નાટ્ય પરંપરા ને રસસિદ્ધાંત'ના વિષય પર મેં જે સંશોધન નિબંધ તૈયાર કર્યો તેમાં અંજલિબેન મારાં 'ગાઈડ' હતાં. આ એ કાર્ય દરમિયાન ગુરુપદ ઉપરાંત મને વડીલ ભગિની સમા એમના સ્નેહનો પણ જે અનુભવ સાંપડ્યો એ તો સદાય અવિસ્મરણીય બની રહેશે.

છેલ્લે ગઈ ૧૦મી ફેબ્રુઆરીએ શનિવારે રાત્રે વડોદરાના 'જનરલ એડ્યુકેશન હૉલ'માં એમણે પોતાની છેલ્લી નૃત્યસંકલના 'નવ ગ્રહ'ની ભરતનાટ્યમ્ શૈલીમાં નિતાન્ત સુંદર રજૂઆત કરી હતી અને ત્યાંથી ઘેર પાછા ફર્યા બાદ થોડી વાતો કરીને તેઓ આરામ લેવા સૂતાં તે પછી જાગ્યાં જ નહિ. હૃદયરોગના કારણે એમની એ નિદ્રા ચિરનિદ્રા બની ગઈ. જીવનભરની પોતાની નૃત્યતપશ્ચર્યાને ૫૦ વર્ષની વયે એમણે પૂર્ણ સંતોષ સાથે જાણે આટોપી લીધી. કોઈ સદ્ભાગી કલાકારને જ આવું યશસ્વી મૃત્યુ સાંપડે. પણ એમના જવાથી નૃત્યકલાક્ષેત્રે ગુજરાતને તો તુરત ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. —સુનીલ કોઠારી

છોટા ઉદેપુર

આજે ગુજરાતની પૂર્વ સરહદે વડોદરા જિલ્લામાં છોટા ઉદેપુર એ એક તાલુકો છે, પણ અગાઉ એ રેવાકાંઠામાં પોલિટિકલ એજન્સી તળેનું ૮૭૩ ચો. મા. વિસ્તારનું એક નાનું દેશી રાજ્ય હતું. ઉત્તરે બારિયા, પૂર્વે અલી રાજપુર, દક્ષિણે સંખેડા મેવાસ અને પશ્ચિમે વડોદરા રાજ્યની સીમાઓ વચ્ચેના આ રાજ્યની દક્ષિણ સરહદ કેટલાક માઈલમાં નર્મદાની કંઠારથી બંધાતી હતી. જંગલોથી આચ્છાદિત એની ડુંગરાળ ભૂમિનું હવામાન બિનતંદુરસ્ત, અને ત્યાંની વસ્તી મર્યાદિત આમદાનીના કારણે બહુ ઓછી અને પછાત હતી.

ઈ. ૧૪૮૪માં મહમદ બેગડાએ પાવાગઢ ને ચાંપાનેર જીત્યા પછી ત્યાંથી પૂર્વ તરફના જંગલોવાળા પ્રદેશો તરફ ચાલ્યા ગએલા ચૌહાણ રાજપૂતોએ એ તરફ પોતાનાં જે અલગ નાનાં રાજ્યો સ્થાપ્યાં એમાંનું એક બારિયા અને બીજું છોટા ઉદેપુરનું રાજ્ય મુખ્ય હતું. ઓર સંગનદીથી લગભગ બે ભાગમાં વહેંચાઈ જતા છોટાઉદેપુરના ડુંગરાળ વિસ્તારમાં વ્યૂહાત્મક દૃષ્ટિએ યોગ્ય એવા સ્થળે 'મોહન' નામે નગર અને ગઢ બાંધીને આ રાજ્યનું શાસન ચાલતું હતું એ પરથી કેટલોક સમય એ મોહનના નામે પણ ઓળખાતું રહેલું. પણ પછી રાજગાદી છોટાઉદેપુર લઈ જવાતાં પછીથી એ આ નામે ઓળખાવા લાગ્યું. સંરક્ષણની દૃષ્ટિએ મોહનનો ડુંગરાળ વિસ્તાર છોડીને છોટાઉદેપુરમાં રાજગાદીની ફેરવણીનો નિર્ણય યોગ્ય નહોતો. કદાચ આ ફેરવણીના કારણે જ આગળ જતાં અહીંના રાજાને ગાયકવાડને ખંડણી ભર્યા કરવાની સ્થિતિમાં મુકાવું પડ્યુ હતું. ઈ. ૧૮૨૨ પછી અહીંના રાજ અમલમાં અંગ્રેજ સરકારનો કાબૂ આવ્યો હતો અને કદાચ એ કારણે જ તાતિયા ટોપેને અહીં આશ્રય ન મળતાં જનરલ પાર્ક સામે તેને હાર ખમવી પડી હતી.

બ્રિટિશ શાસનમાં અહીંના રાજાનું સ્થાન બીજા વર્ગનું ગણાતું. રાજા 'મહારાઓલ'નું બિરુદ ધરાવતા. રાજ્યાધિકાર વંશાનુગત હતો અને પોતાના ઉત્તરાધિકારીને દત્તક લેવાનો તથા ન્યાયશાસનમાં મોતની સજા કરવા સુધીનો રાજાને અધિકાર હતો, નવ તોપની સલામી તેને મળતી. ગાયકવાડને એણે વર્ષે ૮૯૦૮ રૂપિયા ભરવા પડતા. રાજ્યમાં

બહુ નાનું એવું પોલીસ દળ, એક જેલ, થોડી શાળાઓ અને ઇસ્પિતાલ ની સગવડ હતી.

આ સદીના આરંભમાં રાજધાની છોટા ઉદેપુર સહિત નાનાંનાનાં ૫૦૨ જેટલાં ગામડાં સહિત સમગ્ર રાજ્યની વસ્તી એકાદ લાખ જેટલી યે માંડ હતી અને દુષ્કાળનાં વર્ષોમાં એમાં યે ઘટાડો થઈ જતો. લગભગ ૩૦૦ ચો. મા. જેટલા ખેતીલાયક વિસ્તારમાંથી યે બહુ ઓછા ભાગમાં ખેતી થતી. તેમાં પેદા થતા કપાસ, રાજ્યના લગભગ ૨૨૫ ચો. મા. માં પથરાએલાં જંગલોમાંથી મળતું લાકડું અને મહુડાનાં ફૂલની નિકાસ થતી. પણ ખનિજની બાબતમાં સમૃદ્ધ હોવા છતાં એનો લાભ લઈ શકાતો નહોતો. પચાસેક વર્ષ પહેલાં રાજ્યની દક્ષિણે આંબા ડુંગરમાં ફ્લોરાઈટ (ફ્લોરસ્પાર) હોવાની અખબારોમાં જાહેરાતો આપીને રાજાએ બહારના ઉદ્યોગપતિઓનું ધ્યાન દોરેલું પણ ત્યારે અહીં ખાણો વિકસાવવામાં કોઈએ રસ દાખવ્યો નહોતો. અંતે દસેક વર્ષ પૂર્વે ગુજરાત રાજ્યના ખનિજ વિકાસ નિગમને આંબા ડુંગરમાં ફ્લોરાઈટની ખાણો ખોદવાનું કામ સોંપાયું અને કડીપાણીમાં અઢી કરોડ રૂપિયાના ખર્ચે એનો આરંભ થયો.

આ સોડિયમ ફ્લોરાઈટ કે ફ્લોરસ્પારના મુખ્ય ત્રણ પ્રકાર છે, એમાંથી પહેલા ઍસિડ ગ્રેઈડના ફ્લોરાઈટનો ઉપયોગ હાઇડ્રોક્લોરિક ઍસિડ, ફ્રીઓન ગૅસ, જંતુનાશક દવાઓ, રંગો વગેરેના ઉત્પાદન જેવા રાસાયણિક ઉદ્યોગોમાં, બીજા મધ્યમ પ્રકારનો વપરાશ કાચ તથા સિમેન્ટના ઉદ્યોગોમાં થાય છે. યુરેનિયમ ૨૩૫ને આઇસોટોપમાંથી અલગ પાડવામાં પણ ફ્લોરાઈટ ઉપયોગી જણાયું છે. અગાઉ આ ફ્લોરાઈટની આયાત પાછળ પાંચેક કરોડ રૂપિયા ખર્ચાતા હતા, પણ હવે આંબાડુંગરની ફ્લોરાઇટની ખાણો દુનિયાભરમાં મોટી ગણાય એવી તથા એકાદ સૈકા સુધી દેશની જરૂરિયાતને પહોંચી વળે એટલી સમૃદ્ધ છે. તેલ અને કુદરતી વાયુ ઉપરાંત ગુજરાતની ખનિજ સંપત્તિમાં કુદરતની આ પણ એક મોટી ભેટ છે.


આંબા ડુંગરની નજીકમાં જ 'સહસ્રધારા'ની ટેકરી છે, જેમાંથી સતત ટપકતી ધારાઓના પાણીનું પૃથક્કરણ પણ કરવા જેવું છે. આ બધો વિસ્તાર ખનિજોથી ભર્યો હોઈ આ પાણી પણ કેટલાક વિશિષ્ટ ઔષધીય ગુણો ધરાવતું હોવાનો સંભવ છે. થોડે જ દૂર નર્મદાકિનારે હાંફેશ્વર (કે હંસેશ્વર) મહાદેવનું એક પુરાણું તીર્થ છે. પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિએ પણ આ પ્રદેશ પ્રેક્ષણીય હોઈ અહીં એકાદ પ્રકૃતિધામ પણ વિકસાવી શકાય તેમ છે.

—સંપાદકીય

કડીપાણીનો ફ્લોરસ્પાર

ગુજરાતી સાહિત્યકારો ફ્લોરસ્પાર વિષે જાણવામાં રસ લે અને ગુજરાત સરકારના ખનિજ વિકાસ નિગમ તરફથી ફ્લોરસ્પારની ખાણ અને એના કારખાનાની મુલાકાત માટે સાહિત્યકારોને નિમંત્રણ અપાય એ ખરેખર વિરલ ઘટના છે. માર્ચની ૧૭ અને ૧૮ તારીખે એ બની. તે દિવસે કડીપાણીની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવાયો હતો. આ આયોજન નિગમના અધ્યક્ષ શ્રી અમર જરીવાલાએ કર્યું હતું. તા. ૧૭મીએ સવારે અમે વડોદરા સરકીટ હાઉસમાં પહોંચી ગયા હતા.

વડોદરાથી ડભોઈ અને નસવાડીને રસ્તે અમે પંચમહાલ જિલ્લામાં કડીપાણી લગભગ ત્રણ વાગે પહોંચી ગયા. કડીપાણી એ આદિવાસીઓનો–ભીલોનો પછાત વિસ્તાર છે. ગુજરાતના છેવાડાના આ પ્રદેશમાં જવાનું પહેલાં તો એટલું સહેલું નહોતું. કડીપાણીના પ્લાન્ટને લીધે હવે ઠેઠ ત્યાં સુધી ડામરની પાકી સડક બની ગઈ છે. બસવ્યવહાર પણ ચાલુ થઈ ગયો છે. કડીપાણીમાં સરકાર તરફથી ગેસ્ટ હાઉસની વ્યવસ્થા છે. ત્યાં ખાણ ઉપર અને કારખાનામાં કામ કરતા અધિકારીઓ, કર્મચારીઓ ને મજૂરો માટે વસાહત બાંધવામાં આવી છે. વીજળી અને પાણી



ઉપરાંત શાળા, દવાખાનું વગેરેની પણ વ્યવસ્થા છે. આ યોજના હાથ ધરાયા પછી આ વિસ્તારના લોકોમાં જાગ્રતિ આવી છે, રોજગારીની તકો ઊભી થઈ છે અને સાંસ્કૃતિક દૃષ્ટિએ એમનો વિકાસ પણ થયો છે.

જમીને અમે નર્મદા કિનારે આવેલા પ્રાચીન તીર્થ હાંફેશ્વરના દર્શને જવા નીકળ્યા. ડુંગરા અને કોતરોમાં થઇને નદીના તટ સુધી નીચે જતો આઠ કિલોમીટરનો રસ્તો કાચો અને કઠિન હતો. બે જીપ અને એક ટ્રકમાં અમે બધા નદી કિનારે પહોંચ્યા. ક્યાં ભરુચ પાસેની નર્મદા અને ક્યાં હાંફેશ્વર પાસેની નર્મદા! ખડકોમાંથી શાંત વહેતો આ પાતળો જલપટ હતો. નવાગામથી પણ આગળ લગભગ મધ્યપ્રદેશની પાસે આવેલું આ સ્થળ છે. નદીના સામે કિનારેથી મહારાષ્ટ્રની સરહદ ચાલુ થતી હતી. જ્યારે નવાગામનો નર્મદાનો બંધ બંધાશે ત્યારે આ સ્થળ જળસમાધિ લેશે–અહીંનું હાંફેશ્વરનું મંદિર સુધ્ધાં. મંદિરનું સ્થળ અત્યંત રમણીય અને શાંત હતું. વસતિ તો અહીંથી ઠીક ઠીક દૂર છે. કેટલા યે ડુંગર ચડઊતર કરે ત્યારે માણસ આ મંદિર પાસે પહોંચે. પહોંચે ત્યારે હાંફતાં હોય. માટે અહીં શંકર ભગવાનનું નામ અપાયું હાંફેશ્વર.

બીજે દિવસે સવારે અમને ફ્લોરસ્પારના પ્લાન્ટની મુલાકાતે લઈ જવામાં આવ્યા. ત્યાંના ઈજનેરોએ વિગતવાર બધી સમજણ આપી. ત્યાંથી આંબા ડુંગર ઉપરની ખાણમાં લઈ ગયા. ડુંગરમાં સુરંગ વડે કાચો ફ્લોરસ્પાર ખોદીને કેવી રીતે લઈ જવાય છે તે બતાવવામાં આવ્યું.

ફ્લોરસ્પાર એટલે કૅલ્શિયમ ફ્લોરાઈડ અર્થાત્ ફ્લોરાઈટ. લોખંડ, એલ્યુમિનિયમ, તાંબુ, સીસું, જસત વગેરે ભિન્ન ભિન્ન ધાતુઓના ઉદ્યોગમાં અને વિવિધ પ્રકારના રસાયણ ઉદ્યોગમાં ફ્લોરસ્પારનો આજે પુષ્કળ ઉપયોગ થાય છે. હાઇડ્રોફ્લોરિક એસિડ બનાવવામાં પણ તે વપરાય છે. હજારો વર્ષ પૂર્વે ધરતીકંપને લીધે જ્વાળામુખીઓ ફાટવાને કારણે જુદાં જુદાં રસાયણોવાળા જે ધગધગતા લાવા ધરતીના પેટાળમાં ઠરી ગયા અને પથ્થર બની ગયા તેમાંનો એક ફ્લોરસ્પાર પણ છે. આ ખનિજ દ્રવ્ય ગુજરાતમાં છોટાઉદેપુર તાલુકામાં કડીપાણી ગામ પાસે આંબા ડુંગરમાં પુષ્કળ પ્રમાણમાં રહેલું છે. એ જિયોલૉજિકલ સર્વે ઓવ ઇન્ડિયાએ ૧૯૬૧માં શોધી કાઢ્યું. એના અંદાજ પ્રમાણે ૧૧ કરોડ ૬૦ લાખ ટન ફ્લોરસ્પારનો જથ્થો ત્યાં ધરતીમાં છે. એમાં ૨૬ લાખ ટન જેટલો જથ્થો તો શુદ્ધ પ્રકારનો છે. ૧૯૬૫ થી ૧૯૬૯ સુધીમાં જુદાં જુદાં સરકારી ખાતાંઓના અભિપ્રાયોની ચકાસણી થયા પછી ત્યાં ફ્લોરસ્પાર માટેનો પ્લાન્ટ નખાયો છે. રોજના ૫૦૦ ટન કાચા માલમાંથી શુદ્ધ ફ્લોરસ્પાર મેળવવામાં આવે છે.

(પ્રબુદ્ધ જીવન) —(ડૉ.) રમણલાલ ચી. શાહ

અજમો

ઘરગથ્થુ ઔષધિ તરીકે અજમો પ્રસિદ્ધ છે. સૌ કોઈ તેને ઓળખે છે. ભારતમાં એ પ્રાચીન કાળથી વપરાય છે. તેના છોડ આશરે હાથ-દોઢ હાથ ઊંચા વધે છે. છોડ અને તેનાં બીજ બંનેને અજમો કહે છે. પણ મુખ્ય તો ઔષધિ તરીકે બીજ વપરાય છે. અજમો, ખેડી અજમો અને કિરમાણી અજમો, એ એની જાતો છે. વાયુ કરનાર વાલ અને ગુવારફળીનાં શાકને અજમાનો વઘાર આપવાથી એ વધારે ગુણકારી અને સ્વાદિષ્ટ બને છે. રસોઈમાં વાયુનાશક મસાલા ઉપરાંત ઔષધોમાં પણ અજમો ઘણો ઉપયોગી છે. તેનાં બીમાં પાંચ ટકા તેલ હોય છે. એ તેલને થીજવીને બનાવાતા થાઇમૉલ ઘનને 'અજમાનાં ફૂલ' કહે છે. અજમા કરતાં તેનું તેલ અને ફૂલ વધારે ઉગ્ર હોય છે

અજમો પેટની પીડ મટાડનાર ઔષધ તરીકે બહુ જાણીતો છે. પેટની ચૂંક પર અજમો તથા મીઠાની ફાકી લેવાનો જૂનો રિવાજ છે. અજમાનાં ફૂલ પાનના મસાલા તરીકે પણ વપરાય છે. અજમાના અર્ક પણ ચૂંક, શરદી, અજીર્ણ વગેરે મટાડે છે. અજમાની માત્રા બેથી ચાર માસા, તેના તેલની માત્રા બેથી ચાર ટીપાં ને ફૂલની માત્રા અર્ધીથી એક રતીની છે. અજમો પાચન કરનાર, રુચિકર, તીક્ષ્ણ, ગરમ, તીખો, હલકો, અગ્નિને પ્રદીપ્ત કરનાર, કડવો ને પિત્તકારક છે. એ શુક્રશૂળ, વાયુ, કફ, આફરો, ગોળો, બરોળ ને કૃમિને મટાડનાર છે ઉપરાંત એ જંતુઘ્ન વ્રણશોધક ને દુર્ગંધહર છે. એ અપચો, ઝાડો, મરડો ને શરદીને મટાડે છે. કૉલેરામાં તેની અસર જોકે ઓછી થાય છે છતાં પણ એ હિતકારી છે.

અજમાનાં પાનનું શાક—ભાજી ગરમ, તીખી, કટવી, હલકી, પ્રદીપક, રુચિકર, પિત્તકારક, શૂળપ્રેરક અને વાયુ તથા કફને મટાડનાર છે. અજમો સડો અટકાવનાર તમામ ઔષધિઓમાં શ્રેષ્ઠ છે કેટલીક આવી ઔષધિઓ લોહીમાં મળીને વૃક્કમાં દાહ કરે છે, પણ અજમામાં એ દુર્ગુણ નથી. એ જ રીતે કેટલીક ઔષધિઓ વ્રણ પરની તેની આસપાસ આવનારી કોમળ ચામડીને નુકસાન કરે છે તે પણ અજમો કરતો નથી. તેનાથી માત્ર સડો કે દુર્ગંધ ઓછાં થાય છે. તેથી જ અજમાને પાણીમાં ઉકાળી એ પાણીથી ઘા વ્રણ, નાડીવ્રણ અને ભગંદર વગેરેને ધોવાય છે. અજમાનાં ફૂલ પણ ઉત્તમ સડો અટકાવનાર જંતુનાશક અને દુર્ગંધહર છે. અજમાનાં ફૂલથી આંતરડામાં કૃમિની વૃદ્ધિ થતી નથી. પ્રસૂતા સ્ત્રીને અજમો ખવડાવવાથી તેની પાચનક્રિયા બળવાન થાય છે અને ધાવણ વધે છે. પ્રસવ થયા પછી સુવાવડી સ્ત્રીના શરીરે અજમાનું ચૂર્ણ ઘસવાનો પ્રશંસનીય રિવાજ છે. અજમો ગર્ભાશય પર ઉત્તેજક અસર કરતો હોઈ માસિક અટકાવ સાફ લાવે છે, અને ગર્ભાશયમાં કીટાણુઓનો પ્રવેશ થયો હોય તો તેના નાશ કરે છે વળી, પ્રસવ થયા બાદ યોનિમાર્ગમાં રખાતી અજમાની પોટલી પણ ગર્ભાશયમાં સૂક્ષ્મ પ્રવેશ પામેલા જંતુઓનો નાશ કરે છે. આ માટે યોનિમાર્ગને અજમાની ધૂણી પણ અપાય છે. અજમાનું તેલ સંધિવાના સોજા પર લગાડાય છે. તેનાં ફૂલ હિસ્ટીરિયાની વેળન જુસ્સાને પણ નરમ પાડે છે.

આધુનિક વૈદક અજમાને ગરમ, પેટના દર્દનો નાશ કરનાર અને શૂળ મટાડનાર ગણે છે. પેટની અંદરનો ગોળો, અજીર્ણ, મરડો, ઝાડા વગેરેમાં એ ઉપયોગી ગણાય છે. ડૉ. વૂડના મત પ્રમાણે મરી અને રાઈની ઉષ્ણતા, કરિયાતાની કડવાશ અને હિંગનું તાણનાશકપણું, એ ત્રણે ગુણો અજમામાં રહેલા છે. અજમાની ફાકી લેવાથી શરદી અને ઉધરસ મટે છે તો અજમાને પાણી સાથે વાટી—લસોટી શરીરે ચોળવાથી ઠંડું પડેલું શરીર ગરમ થાય છે. અજમો વાટી, ડુંગળીના રસ મેળવી શરીરે ચોળવાથી શરદીમાં પરસેવો વળી સ્ફૂર્તિ આવે છે. અજમો ખવડાવવાથી શીતજ્વરની ઠંડીનું જોર નરમ પડી પરસેવો વળે છે અને તાવ ઊતરે છે. અજમાનાં ફૂલ એક-એક રતી દિવસમાં ત્રણ વાર ઘી અને મધ સાથે મેળવી લેવાથી કફ ઓછો થાય છે. અજમો ગરમ પાણી સાથે પિવડાવવાથી શ્વાસનો હુમલો શાંત થાય છે. અજમાનો અર્ક પણ તેમાં ફાયદો કરે છે. અજમાની ફાકી ઉપર ગરમ પાણી પીવાથી પેટ-પીડા—ચૂંક, મોળ, અજીર્ણ અને નાળબંધ વાયુ મટે છે.

અજમાને તવી પર ગરમ કરી તેના સરખે ભાગે સિંધવ લઈ પીસી એકત્ર કરવું તેમાંથી ત્રણ માસા જેટલું ગરમ પાણી સાથે લેવાથી કોઠાનો વાયુ દૂર થાય છે. અજમો, સિંધવ અને હિંગ વાટી, ફાકી કરવાથી ગોળો મટે છે. અજમો અને ગોળ ખાવાથી શીતપિત્ત—શીળસ મટે છે. અજમો ખવડાવવાથી પ્રસુતાની ભૂખ ઊઘડે છે, ખોરાક પચે છે. અપાનવાયુની છૂટ થાય છે, કમરની પીડા મટે છે અને ગર્ભાશયની શુદ્ધિ થાય છે. અજમો અને તલ એકત્ર કરી, પીસી, તેની ફાકી લેવાથી બહુમૂત્રતા મટે છે. નવટાંક અજમો, નવટાંક જૂના ગોળમાં મેળવી પીસી લેવો. તેમાંથી અર્ધા-અર્ધા તોલા જેટલો સવાર-સાંજ લેવાથી વાયુના અર્શ-મસા અને કમરનો દુખાવો મટે છે. કૉલેરામાં અજમાનાં પાનને સારી રીતે ધોઈ તેનો રસ કાઢી જ્યાં સુધી ઝાડો સારી પેઠે બંધાઈને ન આવે ત્યાં સુધી અર્ધા અર્ધા કલાકને અંતરે મોટા બબ્બે ચમચા આપવાથી કૉલેરાના ઝાડાનો ચોખાના ધોવાણ જેવો સફેદ રંગ બદલાઈને થોડા જ સમયમાં ઝાડા પીળા રંગના અને ઘટ્ટ થાય છે.

અજમાને વાટી, પોટલી બનાવી નાકે સૂંઘવાથી સળેખમ મટે છે. તમાકુની જેમ ચલમમાં અજમો ભરી તેનું ધૂમ્રપાન કરવાથી શ્વાસનો હુમલો શાંત થાય છે. અજમાની પોટલી બનાવી તવી પર તપાવી હાથે પગે શેક કરવાથી કૉલેરા, સન્નિપાત કે દમના હુમલાથી હાથ-પગ ઠંડા પડી ગયા હોય તો ગરમી આવે છે.

(આયુ ડાઇજેસ્ટ) —માધવ મો. ચૌધરી



જૂન-જુલાઈનુ આકાશદર્શન

દક્ષિણાભિમુખ થઇને ઉત્તરમાં જોતાં 'કાલિય' (નાગ)ની ફેણ પર ઊભેલા કૃષ્ણ સમું 'શૌરી' તારામંડળ હવે ઈશાન કોણે સ્પષ્ટ દેખાવા લાગ્યું છે. શૌરી એ કૃષ્ણનું જ એક નામ છે. કાલિયના ગળાના વળાંકમાં, નકશામાં + આવી સંજ્ઞા વડે દર્શાવેલું બિંદુ એ રવિમાર્ગનું ધ્રુવબિંદુ છે. એને 'કદંબ' કહે છે. આ કદંબને કેન્દ્રસ્થ રાખીને ધ્રુવતારકને સ્પર્શતી વર્તુલરેખા કલ્પીએ તો એ પરિધ પર આવતા (અથવા તેની અત્યંત નજીકના) તારા પૃથ્વીની વિષુવાયન ગતિના કારણે દર ૨૬૦૦૦ વર્ષે ધ્રુવતારકનું સ્થાન લે છે. એટલે કે પૃથ્વીની ત્રાંસી રહેતી (કાલ્પનિક) ધરી જ્યારે જે તારા તરફ તકાએલી રહેતી હોય ત્યારે તે તારો આપણા માટે ધ્રુવ તારો હોય. આ રીતે અગાઉ પાંચેક હજાર વર્ષ પહેલાં કાલિયનો એક તારો આપણો ધ્રુવતારો હતો, હવે પછી વૃષપર્વાનો એક તારો ને તે પછી અભિજિત એમ આ ચક્ર ચાલતું રહેશે. કાલિય પછી દક્ષિણે પશ્ચિમાકાશ (નકશામાં જમણી બાજુ)ના મુખ્ય મુખ્ય બધાં તારામંડળો આપણને હવે પરિચિત છે, તો પૂર્વાકાશનાં શૌરી, કિરીટ, સર્પ અને સર્પધર વગેરે પણ આપણાથી હવે અજાણ્યાં નથી. અગ્નિકોણમાંથી ચડી રહેલું 'વૃશ્ચિક' તારામંડળનું દર્શન હવે વિશેષ સ્પષ્ટ થયું છે. ઉત્તમ તારા સંપત્તિ ધરાવતું અને નામ પ્રમાણેના આકારનું આ તારામંડળ પોતાની વિશાળતા તથા અનેક તેજસ્વી તારાઓની સંપત્તિના કારણે પ્રેક્ષણીય છે. આ મંડળમાં 'મંગળ' (ગ્રહ) હોવાનો ભ્રમ કરાવે તેવો રક્તરંગી 'પારિજાત' સૌથી વધુ ચળકતો તારો છે. આર્દ્રાની જેમ આ એક અતિવિરાટ તારો છે. સૂર્ય કરતાં ૫૦૦૦ ગણો તેજસ્વી આ અતિ મહાકાય તારો ઘટત્વમાં તો તદ્દન પોલો છે. આપણાથી ૫૨૦ પ્ર. વ. દૂરનો એ એક યુગ્મ તારો છે. વૃશ્ચિકના ડંખ સ્થાને દેખાતો તારો અત્યંત ગરમ તારો છે. એના આ ઉગ્રતાપમાનને કારણે વૃશ્ચિકમાં એનું સ્થાન યથાર્થ છે. —બિ. ટાંક

આ માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૧/૧૮૭૪ હિંદુસ્તાનમાં ઈસ્ટ ઈંડિયા કંપનીના રાજશાસનનો અંત આણી ઇંગ્લૅન્ડની અંગ્રેજ સરકારે તે પોતાના હસ્તક લીધું. રાણી વિક્ટોરિયાનો એ રાજકાળ હતો. ઈ. ૧૮૩૭માં આ જ માસની ૨૦મી તારીખે તેને રાજગાદી મળેલી. બ્રિટનના હાલના રાણી ઇલિઝાબેથ બીજાં પણ આ જ માસની ૨૭ તારીખે ઈ. ૧૯૫૩માં ગાદીએ બેઠેલાં અને આ જ ઈંગ્લૅન્ડમાં રાજા તરીકે પોતાના દૈવી અંશનો દાવો કરનાર ત્યાંના રાજા ચાર્લ્સ પહેલાને ઈ. ૧૬૪૭માં આ જ મહિનાની ૪થી તારીખે પ્રજા સમક્ષ પોતાની હાર સ્વીકારવી પડેલી ને પરિણામે એનો શિરચ્છેદ થએલો. અગાઉ ઈ. ૧૨૧૫માં પણ પ્રજાએ પોતાના અધિકારો સ્વીકારવાની રાજાને ફરજ પાડીને ઇતિહાસ પ્રસિદ્ધ મૅગ્નાચાર્ટા પર એના દસ્તખત લીધેલા તે પણ આ જ જૂન માસની ૧૫મી તારીખે.

તા. ૩/૧૮૧૮ છેલ્લા પેશ્વા બાજીરાવ બીજાનો અંગ્રેજો સામે પરાજય થતાં મરાઠી સત્તાનો અંત આવ્યો. આઠ લાખ રૂપિયાના વર્ષાસનના બદલામાં અંગ્રેજોએ એનું સમગ્ર રાજ્ય ખાલસા કર્યું. સિંધિયાની મદદ પર રાખેલો મદાર બર ન આપતાં ગુણ અને સંખ્યાની દૃષ્ટિએ પર્યાપ્ત છતાં મરાઠાશક્તિ સંકુચિત દ્વેષ અને કુસંપમાં આમ વેડફાઈ ગઈ.

તા. ૪/૫૯૦ હૂણોના હુમલાઓને પાછા વાળનાર અને હિંદના સર્વોચ્ચ સાંસ્કૃતિક વિકાસ-કાળના રાજવી મહારાજા હર્ષવર્ધનનો જન્મ.

તા. ૮/૧૭૫૮ પિતા શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરીને ઔરંગઝેબ ગાદીએ બેઠા. જે વિશાળ સમૃદ્ધ સલ્તનતનો એ વારસો હતો તેનો પાયો નાખનાર બાદશાહ હુમાયુંને બકસર નજીક છપ્પરબાદ મુકામે ઈ. ૧૫૩૯માં આ જ માસની ૨૬મી તારીખે શેરશાહે પરાજિત કર્યો હતો અને એ શિકસ્તથી આશ્રય માટે સિંધ-રાજસ્થાનના રણમાં છુપાતો ભટકતો હુમાયુ છેક ઈરાન નાસી ગએલો, અને એક યુદ્ધમાં શેરશાહ માર્યો જઈ એની ઉત્તમ છતાં એકહથ્થુ રાજ-વ્યવસ્થા ભાંગી પડમાં એ તક સાધી ઈરાનની મદદથી હુમાયુંએ ઈ. ૧૫૫૫માં ફરી દિલ્હી જીતી લીધું તે પણ આ જ મહિનાની ૨૩મી તારીખે. એ પછી છ જ મહિના બાદ અકબર ગાદીએ આવ્યો ને પોતાની અદ્વિતીય પ્રતિભા વડે સમગ્ર હિંદુસ્તાનને પોતાની છાયામાં મેળવી લઈ મુઘલાઈની જાહોજલાલી હાંસલ કરી હતી.

તા. ૧૩/ઈ. પૂર્વે ૩૨૩ તેર જ વર્ષની પોતાની ટૂંકી કારકિર્દીમાં અરધી આલમ જીતીને દિગ્વિજયી તરીકે દુનિયાભરમાં અજોડ નામ મૂકી જનાર મેસિડોનિયાના મહાન સિકંદર-ઍલેક્ઝાંડરનું બેબિલોનમાં અવસાન.

તા. ૧૪/૧૯૦૦ હાવાઈ ટાપુઓ અમેરિકાના સંયુક્ત રાજ્યોની ટેરીટરી બન્યા.


તા. ૧૭/૧૮૪૧ હાસ્ય વિષેનું ઇંગ્લૅન્ડનું જગનામી સમર્થ સાપ્તાહિક 'પંચ' પ્રકટ થયું.

તા. ૧૮/૧૮૫૮ અંગ્રેજો સામેના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું અવસાન.


તા. ૧૯/૧૯૧૦ હવાથી હળવા વાયુના આધારે હવામાં તરતા સૌ પ્રથમ ઝેપલિન હવાઈ જહાજ 'ડૉઈશલૅન્ડ'ની હવાઈસફર માટેનો આરંભ થયો અને પોતાની એ પહેલી જ સફરમાં થોડા દિવસ બાદ તા. ૨૮મીએ એ અકસ્માતથી નાશ પામ્યું.

તા. ૨૨/૧૯૦૪ કેપથી કાઇરો સુધીનો પૂર્વ આફ્રિકાનો લાંબો રેલમાર્ગ ખુલ્લો મુકાયો. ઈ. ૧૮૭૨માં આ જ માસની ૧૨મી તારીખે જાપાનમાં રેલવેવ્યવહારનો પ્રારંભ થયો.

તા, ૨૪/૧૮૯૭ ભારતના એક સમર્થ સંગીતજ્ઞ પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ. ઝીણા-



માં ઝીણો અને બુલંદમાં બુલંદ અવાજ કાઢી શકતો એમનો કંઠ કર્ણપ્રિય ને હૃદયસ્પર્શી હતો. મુખ્યત્વે તો તેઓ ખયાલના ગાયક, પણ ઠુમરી, ટપ્પા, ધ્રુપદ વગેરે ગાયકીના પણ તેઓ નિષ્ણાત ગાયક હતા. બુદ્ધિને અસર કરનાર 'તાન' કરતાં આત્માને સ્પર્શનાર 'આલાપ'ને તેઓ વધુ મહત્ત્વ આપતા. નેપાળના મહારાજાએ એમને 'સંગીત મહામહોદય', કાશી સંસ્કૃત વિદ્યાલયે 'ગાન સમ્રાટ', બંગીય સાક્ષરોએ 'સંગીતમાર્તંડ' અને પં. મદનમોહન માલવીયજીએ 'સંગીત-પ્રભાકર'નો ઈલકાબ આપ્યો હતો. ગુજરાત સાહિત્ય સભાએ ઈ. ૧૯૩૩માં 'રણજિતરામ સુવર્ણચંદ્રક'થી એમને નવાજેલા.



'મમ્મી, પોતાનાથી નાના હોય તેને મારીએ તો પાપ કહેવાયને ?'

'હા બેટા.'

'તો મારા માસ્તરને એ કહેજોને. એમને એની ખબર નથી લાગતી.'

∞

એક પુસ્તકની અર્પણપત્રિકા: 'મારી પત્નીને –જેની ગેરહાજરી વિના હું આ લખી શક્યો ન હોત.'

∞

ફોજદાર : 'મને નવાઈ લાગે છે બહેન, કે તમે આવા મજબૂત ચોરને આટલો માર મારી શક્યાં, અને તે ય વળી અંધારામાં.'

સ્ત્રી : 'મને ખબર નહોતી કે એ ચોર છે. મેં તો માનેલું કે એ મારા ઘરવાળા છે.'

∞

દાક્તર : અને ખાસ તો એ કહેવાનું કે તમારે ખૂબ ફળ ખાવાં જોઇએ–ખાસ કરીને છાલ સાથે. કેમ કે છાલમાં વિટામિન ખૂબ હોય છે. તમને સૌથી વધુ કયું ફળ ભાવે ?

દરદી : નાળિયેર !'

∞

ડૉક્ટર: તો તમારી ફરિયાદ એ છે કે તમારો સ્વભાવ ચીડિયો થઈ ગયો છે ? વિજ્ઞાનીઓની તાજી શોધ એ છે કે ચીડિયો સ્વભાવ એક જંતુને કારણે થાય છે.

દરદી : શ-શ-શ! જરા ધીરેથી બોલો; મારી 'એ' જોડેની કૅબિનમાં જ બેઠી છે.



(જનસત્તામાં સ્વ. 'શિવ')

તન ચોખ્ખાં, મન ઊજળાં, ભીતર રાખે ભાવ,
કિનકા બૂરા ન ચિંતવે, તાકુ રંગ ચડાવ.

સમુદ્રના તોફાનમાં સપડાઇને ગુમ થએલા એક કૅપ્ટનની શોધમાં નીકળેલો ગ્રીનલૅન્ડનો એક નાખુદા ઘોડે બેસીને પોતાના જહાજ પર જતો હતો ત્યાં રસ્તામાં ઘોડાનો પગ લપસ્યો ને તે પડીને મરી ગયો. આને અપશુકન સમજી નાખુદાએ શોધ-સફર માંડી વાળી. એ નબળાઈ એના નાના પુત્ર લીફને ન ગમી. તૈયાર જહાજને તેણે તરત બાપે પડતી મૂકેલી સફરે ઉપાડ્યું અને નિશ્ચયબળથી લાબ્રાડોર, નોવાસ્કોશિયા વગેરે તે વખતના અજ્ઞાત પ્રદેશોમાં ફરી ખૂબ નામના કમાઈ પાછો આવ્યો.

તમારા ભાઈબંધને એકાદ આંકડો ધારવાનું કહો. એને ચારે ગુણાવો અને પછી ૬, ૮, ૧૦ કે ૨૦ એમાંથી તમારી મરજી પડે તે એ આંકડો ઉમેરાવો. પછી તેના અરધા કરાવી જે આવે તે આંકડો જાણી લો. હવે એ આંકડામાંથી, તમે જેટલા ઉમેરવાનું કહ્યું હોય તેના અરધા બાદ કરો ને બેએ ભાગો તો તેનો ધારેલો આંકડો આવી રહેશે! દાખલા તરીકે તેણે ૫ ધારેલા; ×૪=૨૦;+૮ ઉમેરાવ્યા=૨૮; તેના અરધા ૧૪ થાય તે તમને કહ્યા. હવે એ ૧૪-૪ (૮ ઉમેરાવેલાના અરધા)=૧૦; તેનું અરધ ૫, તે ધારેલો આંકડો.

અંકસંદર્ભ—**આઠ**: આઠ જ્ઞાનકમલ–મૂલાધાર કમલ, (ગુદ અને લિંગ વચ્ચે), સ્વાધિષ્ઠાન, મણિપુર, મનશ્ચક્ર (છાતી ને પેટ વચ્ચે), અનાહત (હૃદય સ્થિત કમલ), વિશુદ્ધ કમલ (કંઠમાં), આજ્ઞાચક્ર(બે ભ્રમરો વચ્ચે), સહસ્રાધાર અથવા અજરામર ચક્ર (તાળવાના મૂળમાં—એ જ બ્રહ્મરંધ્ર).

અનેકાર્થી શબ્દ. **રૂપ** = સૌંદર્ય; આકાર, દેખાવ કે સ્વરૂપ; સૂરત, ચહેરો; વેશ; રૂપક, નાટક; પ્રત્યય વગેરે લાગીને તૈયાર થએલો શબ્દ;—ના જેવું, સમાન કે સરખું જણાવવા માટે વપરાતો શબ્દ: જેમકે દુ:ખરૂપ; નમૂનો; એકની સંખ્યાનો સૂચક સાંકેતિક શબ્દ; ધોળો રંગ; રૂપું; વલણ, ગતિ, પ્રવાહ, ઝોક; સ્વભાવ, ધર્મ, પ્રકૃતિ કે ભાવ; રોકડું કે નગદ.

કહેવત: 'પોસનું નાળિયેર પેડે ફૂટે'— વર પરણવા જાય ત્યારે પોતાના બે હાથ વચ્ચે-પોસમાં-જે નાળિયેર લઈને જાય છે તે નાળિયેર, લગ્ન પત્યે પાછા વળતાં કન્યા સાથે જે વાહનમાં બેસે છે તેના પૈડે વધેરવામાં આવે છે.

હેતુ સરી રહ્યે માનસ્થાનેથી ઊતરી જતી વસ્તુ નિર્દેશાતી કહેવત.

स्वल्पापि साधु-संपद् भोग्या
महतां न पृथ्व्यापि खलश्रीः।
सारसमेव पय स्तृषम्
अपहरति न वारिधेर्जातु ॥

સત્પુરુષ પાસેથી મળેલી નાની વસ્તુનો ઉપભોગ શ્રેયસ્કર છે, પરંતુ દુષ્ટ પાસેથી મળેલી આખી પૃથ્વીની સંપદા પણ મહાપુરુષો માટે ભોગ્ય નથી. કેવળ સરોવરનું જળ તરશને છિપાવે છે; સમુદ્રનું પાણી તરશને કદી પણ છિપાવી શકતું નથી.



વર્જિન દ્વીપસમૂહનો એક ટાપુ સેન્ટ જહૉન ત્યાંના આદર્શ હવામાન માટે વિખ્યાત છે. એનું વાર્ષિક સરેરાશ ઉષ્ણતામાન લગભગ ૭૮ અંશ ફેરનહાઈટ જેટલું હોય છે. ત્યાંના શિયાળા ને ઉનાળાના ઉષ્ણતામાન વચ્ચે માત્ર છએક અંશનો જ તફાવત રહે છે.


ટકી રહેવું છે?—તો જીભ જેવા બનો. પડવું છે!—તો દાંત જેવા બનો!



ટિકિટકથા: ગયા વર્ષે સેન્ટ જહૉન ઍમ્બ્યુલન્સની શતાબ્દી પ્રસંગે જર્સીમાં ચાર ખાસ ટિકિટો બહાર પડેલી તેમાંથી એક, ઑર્ડર ઑવ સેન્ટ જહૉન ઑવ જેરુસલેમના નાઇટ્સ (ઉમરાવ) હૉસ્પિટલર સાથેનો આ ટાપુનો સંબંધ પાંચ સદી જેટલો જૂનો છે, અને જર્સીની એક વિધવા કૅથેરીન ડી રોઝેલ અને નાઈટ હૉસ્પિટલર સર ઍડમન્ડ વેસ્ટનના લગ્ન સાથે એ સંકળાએલો છે. એમના પુત્ર વિલિયમે ઈ. ૧૫૨૩માં ર્‌હોડ્સમાં ફસાએલા ઉમરાવોને સલામત પીછેહઠ કરવામાં સફળતાથી દોર્યા હતા. એ વિલિયમ તથા તેના જહાજ ગ્રેઈટ કૅરૅક સાન્ટા આન્નાને આ ટિકિટ પર ચિત્રિત કરેલાં છે.

૨૧મી જૂન: એ આખા વર્ષનો લાંબામાં લાંબો દિવસ છે, ધ્યાન રાખજો.

કેરીને ખાતાં કે રસ કાઢતાં પહેલાં થોડો વખત પાણીમાં રાખી મૂકવાથી તેનો રસ ઠંડો, સ્વાદિષ્ટ ને ઘાટો બને છે.



કલાકણિકા: પ્રાણીના દેહ-આકારો અને વેલવનસ્પતિના વળાંકોનું સંકલન એ ભારતીય શોભન કળાની એક આગવી લાક્ષણિકતા રહી છે. દક્ષિણ ભારતના કાષ્ઠશિલ્પમાં કંડારેલું આ શોભન આકારો અને રેખાવળાંકોથી એક અનોખી લાક્ષણિક શોભન કણિકા પ્રકટાવે છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૧૯૨થી

અપથ્ય દ્રવ્યોનો ત્યાગ કરવો જ જોઇએ. દિવસની નિદ્રા છોડવી જ જોઇએ. અથવા તે બધાનું પ્રમાણ શક્ય તેટલું ઘટાડવું જ જોઇએ. 'કુમાર'ના બહોળા વાચકવર્ગ પાસે તે ઉપચાર ઉપરાંત પથ્યપાલનનો આટલો સંદેશો અવશ્ય પહોંચાડશો તો દર્દીઓને વધુ લાભ થશે.

૬૬૧મા અંકમાં શ્રી મુકુંદરાય પારાશર્યનું વૃક્ષ-ચિકિત્સા લખાણ નવી દિશાનું સૂચન કરે છે. આયુર્વેદમાં 'વૃક્ષ-ચિકિત્સા'નો ઘણો વિકાસ થએલો અને સ્વતંત્ર પુસ્તકો પણ લખાએલાં. તેમાંનો એક ટુકડો સસ્તું સાહિત્યે 'વૃક્ષાયુર્વેદ' નામે ઘણી જ સસ્તી કિંમતે પુસ્તિકાકારે પ્રકટ કરેલો છે. જિજ્ઞાસુએ એ અવશ્ય વાંચવા જેવો છે.

(અમદાવાદ) —શોભન વૈદ્ય

શાસ્ત્રીય સંગીતના લેખો

૬૬૨મા અંકમાં પ્રો. વસંત જોષીનો કિરાના ઘરાનાના મહાન ગાયક અબ્દુલ કરીમખાં વિષેનો લેખ ખૂબ ગમ્યો.

ભારતીય સંગીતમાં મુખ્ય ચાર ઘરાના : ગ્વાલિયર, જયપુર, આગ્રા અને કિરાના. આ વિષે માહિતી આપતો, શાસ્ત્રીય સંગીતમાં રસ ધરાવતા સૌ કોઇને ગમે તેવો ને શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરતા સૌને માર્ગદર્શન મળે તેવો લેખ લખવા બદલ શ્રી વસંત જોષીને અભિનંદન.

વિશેષમાં ઘણા સમય પહેલાં 'કુમાર'માં આવા લેખો શ્રી સાધુરામ ઘોષ દ્વારા લખાએલ નિયમિત પ્રકટ થતા. તે કેમ બંધ થયા તે સમજાતું નથી, ગુજરાતી સામયિકોમાં ભારતીય વિદ્યાભવન મુંબાઈ દ્વારા પ્રગટ થતા 'સમર્પણ' પાક્ષિક સિવાય આવા સંગીતને લગતા લેખો ભાગ્યે જ જોવા મળે છે.

'કુમાર' પણ નિયમિત આવા લેખો પ્રકટ કરી શાસ્ત્રીય સંગીત વિષે 'પડ જાગતું રાખે' એવી આશા સાથે.

(ઉના) —હરિભાઈ જોષી

દરવાજો

માર્ચ અંકમાં 'જ્યોત'ની લઘુકથા 'દરવાજો'માં લેખકે ઘણો અસરકારક પ્રસંગ લીધો છે પરંતુ હરિજન શંકર ભગવાનની બાધાઆખડી રાખે તે બરાબર નથી. હરિજનો માતાજી અથવા તો રામદેવપીરની આખડી રાખે. આ રીતે જોતાં શંકરની બાધાનો પ્રસંગ યોગ્ય લાગતો નથી. વળી શંકરને શ્રીફળ વધેરાય નહિ, પરંતુ લાડુ ધરવામાં આવતા હોય છે. આ દૃષ્ટિએ જોતાં 'દરવાજો' વાર્તા અસંભવિત બની રહે છે.

(પોરબંદર) — હસમુખ મ. સાણુથરા

શ્લોકમાં ભૂલ ૧

'કુમાર'ની દરમાસે આતુરતાપૂર્વક રાહ જોઉં છું. નવા વિભાગ ઉમેરાતા જાય છે તેમ વિશેષ આનંદ આવે એ સહજ છે.

છેલ્લા પાના પર આવતો કોઈ ને કોઈ મહાન વ્યક્તિનો અણજાણ છતાં નોંધપાત્ર પ્રસંગ ખૂબ પ્રેરણાદાયી હોય છે. એ જ પાના પર આવતો શ્લોક પણ જ્યારે નવો જાણવા મળે ત્યારે વિશેષ આનંદ આપે છે.

ભૂલ પણ કોઈ વાર હોય છે અને વાચકો એ પ્રત્યે ધ્યાન દોરે છે. ડિસે. '૭૮ના શ્લોકમાં પણ એક ભૂલ છે. ઉપાન્ત્ય કડીમાં છેલ્લો શબ્દ 'હૃદયઃ' છે તે ખોટો છે, 'હૃદયાઃ' જોઇએ. છાપની ભૂલ હશે?

(અમદાવાદ) —હરબાળા મહેતા

૨

'અંક ૬૬૧ જાન્યુ '૭૯માં પાન નં. ૨૮ પર રજૂ થએલ સુભાષિતના છેલ્લા ચરણમાં 'મલિના'ન જોઈએ પરંતુ મલિની જોઈએ. વળી, હેમમૃગસ્ય, વિપત્તિકાલે એ સમાસો બન્યા છે માટે એ શબ્દોની વચ્ચે રેખા ન આવવી જોઈએ.

(ધોળકા) —જયકર છો. જોષી

[*સંસ્કૃત ન જાણનારની સરળતા માટે એ રેખા (હાઇફન) લેખક જાણીજાઇને મૂકે છે.]

સેવા

ફેબ્રુઆરી '૭૯નું 'કુમાર' વાંચ્યું. 'કુમાર'માં શું સારું નથી હોતું એ એક પ્રશ્નાર્થ છે. છતાં વિચારવિશેષમાં 'સેવા' ને વિનોદની નજરેમાં 'વસુબહેન' ખૂબ ગમ્યાં.

વીસનગરની હૉસ્પિટલમાં એક સોની ભાઈ વર્ષોથી દરરોજ સાંજે બાવળનાં તાજાં દાતણ દર્દીઓને વહેંચે છે. 'સેવા'વાળા દાદા તો નિવૃત્ત છે. જ્યારે આ ભાઈ તો ૪૫ના માંડ હશે.

'ગમ્મતના ગોળા'માં ત્રીજો ગપ્પીદાસ ગેરહાજર રહે તે કેમ ચાલે? એ તુરત જ બોલી ઊઠ્યો: 'ભાઈ એક સવારે આપઘાત કરવા ત્રીજા માળેથી પડતો થયો, પણ હવામાં લટકતો થઈ ગયો. એટલી બધી ઠંડી હતી કે ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો નિયમ જ ઠરી ગયો હતો.'

(સમોડા) —ગંગારામ પટેલ

'કુમાર' વિષે

ફરી 'કુમારે' બે કુમારોને એકઠા કર્યા. અંબાજીમાં શ્રી અશ્વિનભાઈ શેઠ પ્રથમ વાર મળ્યા. 'કુમાર'ના ઉલ્લેખ સાથે હાથ મિલાવ્યો! અમેરિકામાં પોતાના ત્રણ વર્ષના વસવાટ દરમિયાન 'કુમાર' તો વાંચ્યું જ છે એમ જણાવ્યું ત્યારે છાતી ગજગજ ફૂલી. એમણે એમ પણ કહ્યું કે પોતે જે લાયબ્રેરીમાં ફરજ બજાવતા હતા ત્યાં 'કુમાર'ની કક્ષાનું કોઈ મૅગેઝીન ન હતું!

આ અશ્વિનભાઈ '૫૬માં મેંગણી નામના ગામડામાં પૂ. વિનોબાજીના આશ્રમથી દીક્ષિત શ્રી ખુશાલભાઈ મહેતા ૭૦ સાથે ઋષિ-ખેતીના પ્રયોગો કરતા, ખાદીનાં ખરબચડાં કપડાં પહેરતા, હાથે દળતા, હાથે કાંતતા. ગ્રામજનો જિજ્ઞાસાપૂર્વક ખેતીમાં પડેલા આ 'વાણિયા'ને જોતા અને કદાચિત ટીકા પણ કરતા,

ભારતમાં માણસને પૈસાથી જ માપવામાં આવે છે. 'સર્વે ગુણાઃ...'નું જ પ્રાધાન્ય છે તેનો વસવસો પણ વ્યક્ત કર્યો. અમેરિકાના અનુભવો વિષે મેં ઘણું વાંચ્યું-સાંભળ્યું છે પણ તેની દૃષ્ટિ કંઈક વિશિષ્ટ લાગી. 'એમની નજરે અમેરિકા' વિષે 'કુમાર' થોડુંક તેમની પાસેથી લખાવી શકે?

(મેંગણી) —ભાસ્કર સ્વાદિયા

શ્રી હરભાઈ

'કુમાર' ૧-'૭૯ની 'મારી માન્યતા' વાંચી આનંદ. મુલાકાત લેનાર શ્રી ચંપકભાઈ 'પરિચય'ની પંક્તિઓમાં એક બે વાત ચૂકી ગયા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૧૯૬૭માં સ્થાપના થઈ ત્યારથી જ શરૂ કરીને લગભગ ૪-૫ વર્ષ સુધી મુ. હરભાઈ ત્રિવેદી કુલનાયક (પ્રો. વાઈસ ચાન્સેલર) પદે ભાવનગર મથકમાં રહ્યા હતા. વચમાં તેઓ કાર્યવાહક કુલપતિપદે પણ હતા.

સિવાય, પાકટ ઉંમરે સારું સ્વાસ્થ્ય જાળવી શકવાની બાબતે મુ. શ્રી હરભાઈ, સદ્ગત નેહરુજી તથા મુ. શ્રી મોરારજીભાઈની તુલનામાં ગણી શકાય.

(રાજકોટ) —જશવંત મૂ. ત્રિપાઠી

અંગ્રેજ અમલદાર

'કુમાર'ના દિવાળી અંકમાં, સર પ્રભાશંકર અને મિ. કાલીના વ્યક્તિચિત્રમાં, સર પ્રભાશંકરની મહત્તા ડગલે અને પગલે દેખાય છે. મિ. કાલીનો સત્તાનશો પણ એટલો જ જોરશોરથી દૃષ્ટિગોચર થાય છે. પણ આ વાચનમાંથી એક બે સાર માખણની જેમ તરી આવે છે. તમે સંમત થશો? શ્રી મુકુન્દરાય પારાશર્યે તેની નોંધ લીધી છે? (૧) તે વખતની અંગ્રેજ સરકાર, ઉપરને સ્તરે ન્યાયી હતી. (૨) નીચેના સ્તરે પણ અંગ્રેજ અમલદારો લાંચિયા 'Corrupt' ન હતા.

મિ. કાલી, નિવૃત્ત થતાં સુધી પણ (રજવાડાંઓના શિરછત્ર હોવા છતાં પણ) બે પાંદડે ન થયા. આજની સ્થિતિનો વિચાર કરો.

(કાંદીવલી-મુંબાઇ) —દેવજી માવજી ટોપરાણી

રાજવૈદ્ય જીવરામ કાલિદાસ

'કુમાર' અંક ૬૬૦, પાના ૪૪૯ ઉપર શ્રી જીવરામ કાલિદાસ શાસ્ત્રીના જીવનચરિત્રમાં તેમનાં પત્ની શ્રીમતી લલિતાબહેનનો ઉલ્લેખ છે. પરંતુ લલિતાબેન પહેલાં પણ શ્રી શાસ્ત્રીને એક પત્ની હતાં અને તેમનો પરિવાર પણ આજે હયાત છે. મને આશા છે કે શ્રી શાસ્ત્રીનાં

સ્વર્ગસ્થ પત્ની વિષે પણ લેખક 'વાચકો લખે છે' એ વિભાગમાં જરૂર પ્રકાશ પાડશે.

(રાજકોટ) —મહેન્દ્ર ગજેન્દ્ર શુક્લ

પુસ્તિકાઓ કરો

મારા શાળાના દિવસોથી 'કુમાર' વાંચું છું અને આજે સાઠ વરસે પણ એનું આકર્ષણ ઓછું થયું નથી. સ્વચ્છ સુદ્રણ અને બને તેટલા વધુ પ્રમાણમાં સમૃદ્ધ સામગ્રી આપવામાં 'કુમાર' અજોડ છે. એ માટે એને અભિનંદન. વાચકોના પત્રો આટલા અભ્યાસસમૃદ્ધ તો બીજે ક્યાંય વાંચવા મળતા નથી. એ બતાવે છે કે 'કુમાર'નો વાચકવર્ગ સારો એવો જ્ઞાનપ્રૌઢ છે અને એ રીતે 'કુમાર' ઘણું માતબર છે.

માહિતીની દૃષ્ટિએ પણ એની સામગ્રી પ્રચુર અને ઉપયોગી છે, એટલે આ વિષયમાં એક સૂચના કરવાની ઈચ્છા થાય છે. ખાસ કરીને 'માધુકરી' વિભાગમાં પ્રસિદ્ધ થતી માહિતી—જેના કોઈ ખાસ લેખક નથી અને જે મોટે ભાગે સંકલિત સ્વરૂપની હોય છે તે—પુસ્તિકારૂપે પ્રગટ કરવામાં આવે તો વાચકોને એકસાથે એની પ્રાપ્તિ થાય અને તે જરૂરી અવસરે ઉપયોગી નીવડે. આ પુસ્તિકાઓ વિવિધ વિષયો પર સીરીઝના સ્વરૂપે પ્રસિદ્ધ કરી શકાય. અને આપની સંપાદનકળા વિષે તો બે મત છે જ નહિ. આમ થાય તો જિજ્ઞાસુઓને એકસાથે એક વિષય ઉપર ઉપયોગી માહિતી ઉપલબ્ધ બને જે એક આશીર્વાદરૂપ નીવડવા સંભવ છે.

લઘુકથાનું પણ એક સારું સંપાદન બની શકે એમ છે. કલાવાર્તાનું મિતાક્ષરી સંપાદન તેમ જ કવિતાનો આસ્વાદ વગેરે પુસ્તિકાઓ તૈયાર કરી શકાય. આ કામ કરવા જેવું લાગે છે. આજે વાચનભૂખ વધી છે, સાથેસાથે આવી પુસ્તિકાઓની સંગ્રહવૃત્તિ પણ વધી છે. તો એ ભૂખને સંતોષવા 'કુમાર' જેવી સંસ્થાએ પહેલ કરવી જોઈએ એવી ઈચ્છા છે.

(મુંબાઇ) —હંસરાજ દે. શાહ

વિજ્ઞાનવાર્તાઓ

માર્ચ અંકમાં પ્રસિદ્ધ થએલી શ્રી સત્યજિત રાય કૃત વિજ્ઞાન વાર્તા (અનુવાદક: શ્રી સુકન્યા ઝવેરી) 'પ્રો. શંકુ અને મકાઉ' ખૂબ ગમી. શ્રી સત્યજિત રાયની અનૂદિત વિજ્ઞાનવાર્તાઓ 'કુમાર'માં અવારનવાર પ્રગટ થતી હું જોઉં છું. ગુજરાતી સાહિત્યમાં તો વિજ્ઞાનવાર્તાઓ (સાયન્સ ફિકશન) ભાગ્યે જ પ્રકટ થાય છે. આપણે ત્યાં વિજ્ઞાનકથા સાહિત્ય હજી ય વણખેડાએલું છે તેવા સંજોગોમાં સત્યજિત જેવા કસબીની આ કથાઓ ગુજરાતી વાર્તાકારો માટે આહ્વાન રૂપ બની રહે છે. મૌલિક વિજ્ઞાનકથાઓની સદંતર અછત છે ત્યારે અનૂદિત તો અનૂદિત, પણ સત્યજિતની વિજ્ઞાનકથાઓના એક સંગ્રહના પ્રકાશન માટે કોઈ પ્રવૃત્તિશીલ બને તો?

(સૂરત) —(પ્રા.) નગીન મોદી

ભદ્દું

એપ્રિલ અંકમાં પાના ૧૧૬ ઉપર શ્રી વિનોદ ભટ્ટ લખે છે જે 'કુમારના તંત્રી તરીકે હોદ્દો ભોગવતો હોઉં ત્યારે તેમાં મારા વિષે કશું છપાય એ સેલ્ફ પબ્લિસિટી જેવું લાગે—ભદ્દું લાગે.' આમ, શ્રીમાન તંત્રી શ્રી બચુભાઇએ જે 'ભદ્દું' શબ્દ કહ્યો છે તેનો અર્થ ન સમજાતાં સાર્થ ગુજરાતી જોડણીકોશ આવૃત્તિ ત્રીજીમાં જોતાં ભદ્દુ નામનો શબ્દ જ આપેલો નથી. તો તેનો શો અર્થ થાય છે તે કોઈ જાણકાર ભાઈ આ વિભાગમાં જણાવે એવી વિનંતી છે.

(કાલીકટ) —પરશોત્તમ માધવજી

સત્યજિત રાયની કથાઓ

'પ્રો. શંકુ અને મકાઉ' વાર્તા ખૂબ ગમી. છેલ્લા ઘણા સમયથી અવારનવાર આવી મજાની વાર્તાઓનો સુંદર અનુવાદ રજૂ કરી રહેલ ડૉ. સુકન્યાબહેન ઝવેરીને અભિનંદન.

સત્યજિત રાય વિષેની માત્ર છૂટક વિગતો જ જ્યાં ત્યાંથી વાંચવા મળી છે. હવે તેમના વિષે વધુ હકીકતો જાણવાની જિજ્ઞાસા જોર પકડતી જાય છે. તેમનું વિસ્તૃત, પુષ્કળ ફોટો સાથેનું જીવનચરિત્ર હવે ક્યારે રજૂ કરશો?

(માણાવદર) —વલ્લભદાસ ગોકળદાસ

[* ટૂંક સમયમાં જ 'કુમાર'માં આવશે.]

દસ વર્ષના અંકો

૧) ડિસેમ્બર અંકમાં લવાજમ-કાર્ડ સાથે જણાવ્યા પ્રમાણે મનીઑર્ડરથી લવાજમ મોકલતાં હવે રૂ. ૨૪–૫૫ નહિ, પણ ૨૫ રૂ. થાય છે.

૨) ટિકિટ-સંગ્રહનો શોખ વધતો જ જાય છે, તો એ અંગે વિગતવાર માર્ગદર્શન આપતી લેખમાળા આપવા વિનતિ.

૩) મારી પાસે ૧૯૬૯ થી ૧૯૭૮ સુધીના દસ વર્ષના 'કુમાર'ના અંકો છે. કોઇને જોઈતા હોય તો નીચેના સરનામે કિંમતની ઑફર જણાવી શકે છે. અથવા જો કોઈ નાના ગામની શાળા કે લાયબ્રેરી જેવી સંસ્થાને જોઈતા હોય તો ફરી ન વેચવાની શરતે અને ગામના સરપંચ કે સમકક્ષ અધિકારી વ્યક્તિની ભલામણ હશે તો વિનામૂલ્યે ભેટ આપીશ. Purshotam Madhavji, 9/204 Beach Road, Calicut Pin–673001 (Kerala state)

(કાલિકટ) —પરસોત્તમ માધવજી

[* ૧) આગલા વર્ષના કાર્ડનું તૈયાર કંપોઝ ઉપયોગમાં લેવામાં આ સરતચૂક થઈ જવા બદલ દિલગીર છીએ. ૨) ટિકિટ-સંગ્રહ વિષે વિગતવાર માર્ગદર્શન આપતી દસ લેખોની એક વિસ્તૃત માળા અગાઉ ઈ. ૧૯૪૫–'૪૬માં 'કુમાર'માં પ્રકટ થઈ ગઈ છે.]

વર્ષ બે સિદ્ધિઓ અનેક

લોકશાહીની બુનિયાદ ઉપર ઊભેલી ગુજરાતની જનતા સરકારે બે વર્ષના ટૂંકા ગાળામાં પણ જનતાના વિશ્વાસ અને સહયોગ સાથે ઉત્કર્ષનાં નૂતન અને સર્વગ્રાહી પરિમાણો નિર્માણ કર્યાં છે. ચેતનાના ધબકારાથી સભર નવી ગતિશીલતાનાં દર્શન કરાવ્યાં છે. લોકોમાં શ્રદ્ધાનાં કીરણો જન્માવ્યાં છે અને જનતાને અપાયેલાં વચનોને પરિપૂર્ણ કરવા યોગ્ય રાહ કંડાર્યો છે.

જનતા અને જનતા સરકારે સહયોગથી વિકાસ સફર આરંભી છે તેની આ કેટલીક મહત્ત્વની સિદ્ધિઓ :

* રાજ્યના આર્થિક વિકાસનો દર જે ૧૯૭૬-૭૭માં આગલા વર્ષ કરતાં એક ટકો ઘટ્યો હતો તે વધીને ૧૯૭૭-૭૮માં ૪.૨ ટકા થયો અને ૧૯૭૮-૭૯ના વર્ષ દરમિયાન પાંચ ટકાથી વધુ રહ્યાના નિર્દેશો છે. ૧૯૭૯-૮૦માં આ દરમાં હજુ પણ વૃદ્ધિની અપેક્ષા છે.
* કૃષિ વિકાસ, સિંચાઈ, પાતાળકૂવા, ગ્રામોન્નતિ, પછાત અને સહાયપાત્ર વર્ગોનું કલ્યાણ ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિસ્તારોમાં પાણી અને વીજળીની સુવિધાઓ. ગ્રામ માર્ગોનો વિકાસ, રોજગાર નિર્માણ, વગેરે જેવાં અનેક ક્ષેત્રોમાં અગાઉ જે કામગીરી થતાં વર્ષો લાગતાં તેટલી કામગીરી એક યા બે વર્ષોમાં પૂર્ણ કરી શકાઈ.
* ૧૭૧૨ ગામોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ. ચાલુ વર્ષે ૧૧૦૦ વધુ ગામોને આ સુવિધા પ્રાપ્ત બનશે. ૨૩૬૦ જેટલાં ગામોનું વીજળીકરણ કરાયું. ચાલુ વર્ષે ૧૪૦૦ ગામોને આવરી લેવાશે.
* ૬૬૪ગામોને માર્ગોની સુવિધાઓ મળી.
* 'ખેતીની વૃદ્ધિ અને ખેડૂતની સમૃદ્ધિ'-ના વિશિષ્ટ હાર્દવાળી નવી કૃષિ નીતિનો અમલ કર્યો અને બેનાર પદ્ધતિથી ખેતી વૈજ્ઞાનિક ઢબે વિકસાવી.
* ખેતીવાડી ક્ષેત્રનું ચાલુ ભાવે રૂ. ૧૯૦૦ કરોડ જેટલું અંદાજી ઉત્પાદન હાંસલ કરીને એક નવો વિક્રમ સિદ્ધ કરાયો.
* ૪૦-૫૦ લાખ જેટલી કપાસની ગાંસડીનું ઉત્પાદન.
* જંગલ વિસ્તારના આદિવાસીઓને રૂ. ૩૨ લાખ જેટલી વધારાની રોજગારી ચૂકવાઈ.
* દૂધાળાં ઢોર ખરીદવા હરિજનોને જ રૂ. ૨૪ લાખની લોન અપાઈ.
* નર્મદા યોજના માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૨૯ કરોડની જોગવાઈ કરાઈ. આ પ્રયોજનાનું કામ સામાન્ય રીતે ૨૫ વર્ષમાં પૂરું થાય તે પંદર વર્ષમાં પૂર્ણ કરવા આયોજન કરાયું.
* ૧૯૭૮-૭૯ના વર્ષે ૨.૩૩ લાખ માનવ વર્ષ રોજગારીનું નિર્માણ અને ૧૯૭૯-૮૦માં ૩ લાખ માનવવર્ષની રોજગારી ઊભી કરવા આયોજન કરાયું.
* નવેમ્બર, ૧૯૭૭થી નવી ઔદ્યોગિક નીતિનો અમલ કરાયો. જિલ્લે જિલ્લે ઔદ્યોગિક વિકાસ કેન્દ્રો સ્થપાયાં.
* ૧૯૭૯-૮૦ની રૂ. ૩૯૨ કરોડની વાર્ષિક યોજનાના ૭૦ ટકાથી વધુ રકમ ગ્રામવિકાસ અને ખેતી વિકાસ માટે ફાળવવાનું ક્રાંતિકારી કદમ
* શ્રેણીબદ્ધ નવલાં સોપાનો સર કરાયાં. ૧૦૦ ગામોમાં અભિનવ ગ્રામ નિર્માણ યોજના ० રૂરલ ટેકનોલોજી ઇન્સ્ટીટ્યૂટ અને માર્કેટિંગ ઇન્સ્ટીટ્યૂટની સ્થાપના ० પાકવીમા યોજના ० ૪૦૨૫ જેટલા નિરાધાર વૃદ્ધોને પેન્શન ० સમધારણ ફંડની રચના ० ખેડૂતો માટે કલ્યાણ બોર્ડની રચના ० ૧૮ વર્ષે મતાધિકાર ० ૧૫૦૦ ક્રીડાંગણો ઊભાં કરવાની યોજના ० લઘુમતીઓ માટે વૈધાનિક મંડળની રચના ० રોજગાર વૃદ્ધિ બોર્ડ અને નિધિની રચના ० પછાત વિસ્તારોનાં ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહનો ० અનાજના ટેકારૂપ ભાવો બાંધી ખેડૂતોનાં હિતોનું રક્ષણ ० બક્ષી પંચની ભલામણોનો સ્વીકાર ० આદિવાસી વિસ્તારોમાં ૩૫ અનાજ બેંકોની સ્થાપના ० આદિવાસી યોજના હેઠળ સહકારી મંડળીઓના ૩,૧૭,૦૦૦ જેટલા સભ્યો થયા. ૨૦ હજાર આદિવાસી કુટુંબોને પશુપાલન પ્રવૃત્તિ દ્વારા આર્થિક રીતે પગભર કરવાનો કાર્યક્રમ.

વચનો બને છે નક્કર હકીકતો